દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 162 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 July 2026,Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૦ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘ઑપરેશન સિંદૂર’ના ધડાકાના પડઘા વિશ્વભરમાં ગૂંજયાઃ મોદી

મેલબોર્ન : ભારતનું ઑપેરશન સિંદૂર ભારતની સંરક્ષણ ક્ષમતાનું પ્રદર્શન હતું, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મૂળ ભારતીયોને સંબોધતા કહ્યું હતું. ઑસ્ટ્રેલિયાના તેમના સમકક્ષ અન્થોની ઍલ્બનીઝની હાજરીમાં ઑસ્ટ્રેલિયામાં રહેતા મૂળ ભારતીયોને સંબોધતા તેમણે કહ્યું હતું કે હવે આખું વિશ્વ ભારતના સંરક્ષણ પ્લેટફોર્મની શાખને ઓળખી રહ્યું છે. આનું પ્રદર્શન તમે ઑપેરશન સિંદૂર વખતે જોયું હતું. આતંકવાદીના અડ્ડામાં મોટા સ્ફોટ થયા હતા. આતંકવાદીને સંતાડવાની જગ્યામાં ધડાકા થયા હતા અને એના પડઘા આખા વિશ્વે સાંભળ્યા હતા.

મોદીએ ભારતીય વસાહતીઓને પૂછ્યું હુતં કે શું આ હુમલાથી તમે ગૌરવ નહોતું અનુભવ્યું. મારા બાર વર્ષના શાસનકાળમાં નમેક ઈન ઈન્ડિયાથ એક વૈશ્વિક બ્રાન્ડ બની છે. મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત વિકસિત દેશ બનવા ન વધુ વિકાસ કરો, વધુ ઉપલબ્ધી મેળવોથના વિઝન પર ચાલે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશના મોટા સપના અને મહાન આકાંક્ષાનો પાયો તેના લોકો છે. ‘મેલબોર્ન મીટ્સ મોદી’ના ઈવેન્ટમાં બોલતા મોદીએ કહ્યું હતું કે મને એ વાતનો આનંદ છે કે બે દેશની શિક્ષણ, કૌશલ અને ઈનોવેશન અને બીજા ક્ષેત્રમાં ભાગીદારી વિકસી રહી છે. મોદીએ કહ્યું હતું કે ૨૧મી સદીના ભારતનો ગોલ વિકસિત દેશ બનવાનો છે. ‘નાગરિક દેવો ભવ’ મંત્ર ભારતના સુશાસનનો મુખ્ય સિદ્ધાંત બની ગયો છે. મોદીએ કહ્યું હતું કે ચિપથી માંડીને શિપમાં ભારત નવી ઉત્પાદન ઈકોસિસ્ટમ વિકાસાવી રહ્યું છે. ભારત ૮જી ટેકનોલોજી પર કામ કરી રહ્યું છે. (એજન્સી)



ઑસ્ટ્રેલિયાના મૅલબર્નમાં કમ્યુનિટી ઈવેન્ટ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની આલ્બાનેસ. (એજન્સી)

## બાળકો પર સોશ્યલ મીડિયા બંધીમાંથી શીખી રહ્યું છે ભારત

મૅલબર્નઃ ૧૬ વર્ષ કરતાં નાની વયજૂથનાં બાળકો માટે સોશ્યલ મીડિયાના અગ્રણી પ્લેટફોર્મના ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવાનાં ઑસ્ટ્રેલિયાએ લીધેલા નિર્ણયની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પ્રશંસા કરી હતી.

ઓસ્ટ્રેલિયાના આ નિર્ણયને મોદીએ પ્રશંસનીય લેખાવ્યો હતો અને કહ્યું હતું કે ભારત સહિત વિશ્વના તમામ દેશોએ આમાંથી પ્રેરણા લેવી જોઈએ.

મૅલબૉર્ન ખાતે ભારત-ઑસ્ટ્રેલિયાના નેતાઓની વાર્ષિક બેઠકને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે સોશ્યલ મીડિયાના નિયમન અને યુવાપેઢીને તેના થકી રક્ષણ આપવાનું ઑસ્ટ્રેલિયાનું પગલું દૃષ્ટાંતરૂપ છે.

સમાજની સુરક્ષા માટે ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી અને સોશ્યલ મીડિયાના નિયમન સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાની દિશામાં જે રીતે તમે કામ કરી રહ્યા છો એ સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે તમારા પ્રયાસોમાંથી અમને ઘણુ શીખવા મળી રહ્યું છે. ઈન્ડોનેશિયાથી ઑસ્ટ્રેલિયા પહોંચેલા મોદીએ ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની આલ્બાનેસ સાથે શ્રેણીબદ્ધ મુદ્દે વ્યાપક મંત્રણા કરી હતી. (એજન્સી)

## ભારતને યુરેનિયમ આપશે ઑસ્ટ્રેલિયા

મૅલબર્નઃ ભારત અને ઑસ્ટ્રેલિયાએ ગુરુવારે સીમાચિહ્નરૂપ નાગરિકી અણુકરાર પર સહી કરતાં ભારત માટે ઑસ્ટ્રેલિયા પાસેથી કમર્શિયલ યુરેનિયમનો પુરવઠો મેળવવાનો માર્ગ મોકળો થયો હતો. ભારતે ઑસ્ટ્રેલિયા સાથે નાગરિકી અણુકરાર ઉપરાંત સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, મહત્ત્વના ખનિજો અને નવી ટૅક્નોલૉજી સહિતના ક્ષેત્રે કરાર કર્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન ઍન્થની આલ્બાનેસ વચ્ચેની વ્યાપક મંત્રણા બાદ બંને દેશે સંરક્ષણ અને સુરક્ષા, દરિયાઈ સાહસ માટેનો રોડમૅપ, સાયબર, ક્રિટિકલ ટૅક્નોલૉજી અને સપ્લાય ચૅઈન ક્ષેત્રે સહકાર અંગે સંયુક્ત જાહેરાત કરી હતી. નાગરિકી અણુકરાર આ મુલાકાતનું ચાવીરૂપ પરિણામ હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે આજે ભારતે અણુઊર્જા ક્ષેત્રે મહત્ત્વના કરાર પર સહી કરી હતી. આ કરાર ભારત માટે ઑસ્ટ્રેલિયા પાસેથી કમર્શિયલ યુરેનિયમનો પુરવઠો મેળવવાનો માર્ગ મોકળો કરશે અને સ્વચ્છ ઊર્જાના આશયને માર્ગે આગળ વધવા માટેની પ્રેરક શક્તિ બનશે. તેમ જ ભારતની લાંબાગાળાની ઊર્જાની સુરક્ષાને મજબૂત બનાવશે અને ભારતના સ્વચ્છ ઊર્જાના લક્ષ્યને ઝડપથી પાર પાડવામાં સહાય કરશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## મુખ્ય પ્રધાને લીધી સુરત-નવસારીની મુલાકાત

### ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે ₹ ૫૦૦ કરોડ ફાળવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારે વરસાદના કારણે સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની સ્થિતિનો તાગ મેળવવા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સુરત પહોંચ્યા હતા. તેમણે અલથાણ સ્થિત ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં પદાધિકારી-અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક યોજીને ભારે વરસાદથી પૂરની સ્થિતિ, પાણી ઓસર્યા બાદ સાફસફાઈ, રોગ નિયંત્રણ પગલા તેમજ નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં આર્થિક સહાય ચૂકવવાની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમણે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિ પ્રધાન સી.આર.પાટીલ, નાણા અને સુરત જિલ્લા પ્રભારી પ્રધાન કનુભાઈ દેસાઈ અને આરોગ્ય પ્રધાન પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં સુરત શહેર અને જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત, બચાવ કામગીરીની પ્રગતિ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહેલી કામગીરીની વિગતવાર જાણકારી મેળવી હતી અને જનજીવનની સ્થિતિ પૂર્વવત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તેમણે સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વારંવાર ન સર્જાય તે માટે

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત-પાક યુદ્ધ દરમિયાન ૧૧ જેટ તોડી પડાયા હોવાનો ટ્રમ્પનો ફરી દાવો

વૉશિંગ્ટનઃ ગયા વર્ષના મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ ચાલેલા યુદ્ધ દરમિયાન ૧૧ જેટ તોડી પડાયા હોવાનો અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફરી દાવો કર્યો હતો.

ઍરફોર્સ વનમાંથી વાતચીત કરતાં બુધવારે ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન સહિત વિશ્વમાં જુદા જુદા દેશ વચ્ચે ચાલતા આઠ યુદ્ધમાં સમાધાન કરાવ્યું હોવાને કારણે નોબલ શાંતિ પારિતોષિક મેળવવા માટે અન્ય કોઈપણ કરતાં હું વધારે પાત્ર હતો.

જોકે પાકિસ્તાન સાથેના યુદ્ધમાં કોઈએ મધ્યસ્થી કરી હોવાની વાતને

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હી - એનસીઆરમાં વરસાદનું તોફાનઃ જનજીવન સાવ ઠપ



દિલ્હીના ગાઝીપુર વિસ્તારમાં ગુરુવારે ભારે વરસાદ બાદ પાણી ભરેલા રસ્તા પરથી પસાર થઈ રહેલા લોકો. (એજન્સી)

નવી દિલ્હી : દેશના અનેક ભાગોમાં ગુરુવારે ભારે વરસાદે તબાહી મચાવી હતી. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં હતાં અને અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. વરસાદના કારણે સંપત્તિને પણ નુકસાન થયું અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થયું હતુ. અધિકારીઓ પરિસ્થિતિને સામાન્ય કરવાના પ્રયાસો કરી રહ્યા છે.

ઘણા શહેરોમાં રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. લોકો ઘૂંટણસમા પાણીમાં પસાર થવા માટે મજબૂર બન્યા હતા. ભારે પવનને કારણે અનેક સ્થળોએ વૃક્ષો ઉખડી ગયા, જ્યારે પૂરને કારણે ટ્રાફિક સર્જાયો હતો અને લોકોનાં ઘરમાં પાણી ઘૂસી જતા નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.

મહારાષ્ટ્રના પુણે નજીક પિંપરી ચિંચવડમાં એક વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટમાં એક દિવસ અગાઉ ઈમારત ધરાશાયી થઈ હતી જેમાં રાહત બચાવ કામગીરી યથાવત્ રહી હતી. ગુરુવારે એક મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો, જ્યારે લગભગ આઠ લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં નવ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

દિલ્હીમાં આ સીઝનમાં સૌથી ભારે વરસાદ પડ્યો હતો, જેમાં અનેક સ્થળોએ પાણી ભરાયાં હતાં. ટ્રાફિક જૅમને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ભારતીય હવામાન વિભાગે આજે ‘રેડ’ અલર્ટ જાહેર કર્યું હતું કારણ કે સફદરજંગમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૨.૬ મીમી વરસાદ નોંધાયો હતો અને ઉત્તરપૂર્વ દિલ્હીના ખજૂરીના તુખ્મીરપુરમાં આ સમયગાળા દરમિયાન સૌથી વધુ ૧૬૦ મીમી વરસાદ પડ્યો હતો.

કલાકો સુધી સતત વરસાદને કારણે

(જુઓ પાનું ૨) ▸▸

### વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯ જાહેર

## ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશેઃ ભૂપેન્દ્ર પટેલ

### ડેટા સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક કામગીરી માટે પ્રદાતાઓને ૨૦ વર્ષનો ટેક્સ હોલીડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ‘વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પૉલિસી ૨૦૨૬-૨૯’નું લોન્ચિંગ કરતા જણાવ્યું કે, આ પૉલિસી દ્વારા ગુજરાત દેશમાં ડેટા સેન્ટર સ્થાપના માટે બેસ્ટ ડેસ્ટિનેશન બનશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં ડેટા સૌથી મહત્ત્વપૂર્ણ અને પાયાની સંપત્તિ બની ગયો છે. ડેટા જ વિકસિત ભારતના આર્થિક વિકાસનો નવો આધાર બનીને ડિજિટલ અર્થવ્યવસ્થાને નવી દિશા આપી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ડિજિટલ ઈકોનોમી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન જેવા ઇમર્જિંગ સેક્ટર્સને નવી ગતિ મળી છે તેમજ વર્લ્ડ ક્લાસ ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વિશાળ તકો ઊભી થઈ છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ગ્લોબલ હબ બનાવવા માટે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. સાથે જ ડેટા સેન્ટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વૈશ્વિક કામગીરી માટે પ્રદાતાઓને ૨૦ વર્ષનો

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં એચ -૧બી અને ગ્રીન કાર્ડના કડક નિયમો અમલમાં આવશે, ભારતીયોની મુશ્કેલીઓ વધી

નવી દિલ્હીઃ ટ્રમ્પ વહીવટીતંત્ર નવા ઇમિગ્રેશન નિયમો તૈયાર કરી રહ્યું છે જે વિદેશી વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓ માટે યુએસ ઇમિગ્રેશન સિસ્ટમમાં નેવિગેટ કરવાનું વધુ મુશ્કેલ બનાવી શકે છે.

પ્રસ્તાવિત ફેરફારોમાં ભારતીયો દ્વારા અમેરિકામા અભ્યાસ અને કામ કરવા માટે ઉપયોગમાં લેવાતા કેટલાક સૌથી લોકપ્રિય માર્ગોનો સમાવેશ થાય છે. તેથી અમેરિકામા સૌથી મોટા ઇમિગ્રન્ટ જૂથોમાંના એક એવા ભારતીયોને એચ -૧બી પ્રોગ્રામ, એલ-વન વિઝા અને વિદ્યાર્થી વિઝામાં પ્રસ્તાવિત ફેરફારો હેઠળ ખાસ કરીને મુશ્કેલ પડકારોનો સામનો કરવો પડી શકે છે. આ દરખાસ્તો યુએસ ડિપાર્ટમેન્ટ્સ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી, લેબર અને સ્ટેટ દ્વારા જાહેર કરાયેલા નવીનતમ યુનિફાઇડ રેગ્યુલેટરી એજન્ડાનો ભાગ છે.

જ્યારે આમાંથી કોઈ પણ પગલાં હજુ સુધી અમલમાં મૂકવામાં આવ્યા નથી, તે વહીવટીતંત્રની યોજનાઓનો સ્પષ્ટ સંકેત આપે છે. જો અમલમાં મૂકવામાં આવે તો આ ફેરફારોનો અર્થ કડક પાત્રતા નિયમો, વધુ કાગળકામ, નોકરીદાતાઓની વધુ કડક ચકાસણી અને વિદેશી કામદારોને નોકરી પર રાખતી કંપનીઓ માટે વધુ ખર્ચ થઈ શકે છે.

ભારત સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાંનો એક હોવાની શક્યતા છે, કારણ કે અમેરિકામાં એચ-વન બી વિઝા ધારકો, રોજગાર-આધારિત ગ્રીન કાર્ડ અરજદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતીયોનો નોંધપાત્ર હિસ્સો છે. સૌથી મોટા પ્રસ્તાવિત

(જુઓ પાનું ૨) ▸▸

## મમતાને ફટકોઃ ટીએમસીના ત્રણ ભૂતપૂર્વ સાંસદ ભાજપમાં જોડાઈ ગયાં

નવી દિલ્હી : તૃણમૂલ કૉંગ્રેસના ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ સુષ્મિતા દેવ, સુખેન્દુ શેખર રે અને પ્રકાશ ચિક બરૈક ગુરુવારે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયાં.

પ્રદેશ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યની હાજરીમાં ત્રણેય નેતાને પક્ષમાં સામેલ કરવામાં આવ્યાં.

પક્ષના સોલ્ટ લેક કાર્યાલય ખાતે રાજ્યના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ભટ્ટાચાર્યે ભૂતપૂર્વ સાંસદોને ભાજપનો ધ્વજ આપીને તેમનું સ્વાગત કર્યું.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ દેવ, રે અને બરૈકે ગયા મહિને રાજ્યસભામાંથી રાજીનામું આપી દીધું હતું અને તૃણમૂલ કૉંગ્રેસ છોડી દીધી હતી.

રોય અને બરૈકનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૨૯ સુધી ચાલવાનો હતો, જ્યારે દેવનો કાર્યકાળ એપ્રિલ ૨૦૩૦ સુધી ચાલુ રહેવાનો હતો.

ત્રણેય બેઠક માટે પેટાચૂંટણી ૨૪ જુલાઈના રોજ યોજાવાની છે, જેમાં ભાજપ ત્રણેય બેઠક જીતે તેવી અપેક્ષા છે.

ભટ્ટાચાર્યએ કહ્યું કે ત્રણ ભૂતપૂર્વ સાંસદના અનુભવથી રાજ્યમાં પાર્ટી વધુ મજબૂત બનશે.

૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પછી, ૨૯૪ સભ્યના ગૃહમાં ભાજપ ૨૦૮ બેઠક સાથે પ્રબળ પક્ષ તરીકે ઉભરી આવ્યો

(જુઓ પાનું ૨) ▸▸

## ઈરાનના અણુમથક પર અમેરિકી હુમલો

દુબઈઃ અમેરિકાએ ગુરવારે પરોઢિયે ઇરાન પર હવાઈ હુમલા કરતા અને તહેરાને અખાતના દેશો પર હુમલો કરતા મધ્ય પૂર્વમાં યુદ્ધ અટકાવનાર વચગાળાની ડીલ ખતરામાં મુકાઈ છે. બુધવાર અને ગુરુવારના હુમલા અને પ્રતિહુમલાએ યુદ્ધવિરામને ખતરામાં મૂકી દીધો છે. જોકે ગુરવાર તો બુધવાર કરતા પણ ખતરનાક રહ્યો હતો. ઇરાને બાહરિનમાં રહેલા અમેરિકના પાચમા નૌકાદળના કાફલા પર અને અમેરિકના સહયોગી કુવૈત અને કતાર પર હુમલો કર્યો હતો. બાહરિનમાં ત્રણ વાર સાયરન વાગ્યું હતું. ઈરાનના એક અધિકારીએ દાવો કર્યો હતો કે અમેરિકાએ ગુરુવારે બુશેહર અણુ પ્લાન્ટની નજીક હવાઈહુમલો કર્યો હતો. ઇરાને કહ્યું હતું કે અમેરિકાએ ઇરાનના એક માત્ર અણુઊર્જા પ્લાન્ટની નજીક હુમલો કયો હતો. ગુરવારે બપોરે આ હુમલ કરાયો હતો. સેન્ટ્રલ કમાન્ડે તેના કલાકો બાદ કહ્યું હતું કે અમે ઇરાન પરના હુમલાને અટકાવી દીધા છે. સેન્ટ્રલ કમાન્ડે અણુ પ્લાન્ટની નજીક હુમલો કરવાની વાતને સમર્થન આપ્યું નહોતું. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાનના હોર્મુઝની સામુદ્રધુની પરના હુમલા એ તકલાદી યુદ્ધવિરામનો અંત સૂચવે છે અને જો તે નહીં અટકે તો આ લડાઈ ઉગ્ર બનશે. ટ્રમ્પની જાહેરાતના કલાકો બાદ અમેરિકાએ ઇરાન પર હુમલા કર્યા હતા. આનાથી એવી ચિંતા ઊભી થઈ છેકે આ રીજનમાં ફરી યુદ્ધ ફાટી નીકળશે. અને વૈશ્વિક અર્થતંત્ર માટે જરૂરી તેલ અને ગૅસનું હોર્મુઝ જળમાર્ગેથી પરિવહન નહીં થાય.

અમરિકના હવાઈહુમલામાં ઓછામાં ઓછા ૧૪ જણ મરણ પામ્યા હતા અને બીજા ૭૮ જણન ઘાયલ થયા હતા. આમાંના મોટા બાગના લશખ્રના છે. બાહરિન, કુવૈત અને કતારમાં કેટલું નુકાસન થયું એની તત્કાલ ાજણખારી મળી નથી,

અમેરિકના લશક્રના સેન્ટ્રલ કમાન્ડે કહ્યું હતું કે અમે ઇરાનના ૯૦ લક્ષ્ય પર ત્રાટકયા હતા. હવાઈમથક અને મિસાઈલ લોન્ચર પરના હુમલાના કાળ ાઅને સફેદ તસવીરો પણ કમાન્ડે બહાર પાડી હતી.

અમેરિકએ કહ્યું હુતં કે આ હુમલાનો હેતુ ઇરાનની સામુદ્રધુનીમાં ઝળ પરિવહનને રોકવાની ક્ષમતાને નબલી પાડવાનો છે. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિક અને ઈઝરાયલે ઇરાન પર હુમલો કર્યો એ પહેલાં દુનિયાનું પાચમા ભાગનું તેલ અને વાયુ આ જળમાર્ગે જતો હતો.

જહાજૌ પરન ાહુમલા અને તેમના પરના જોખમને લીધે હોર્મુઝનો જળમાર્ગ

(જુઓ પાનું ૨) ▸▸

## કૉક્રોચ જનતા પાર્ટીનું ‘ચલો સંસદ’નું એલાન

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી(સીજેપી) ચોમાસુ સત્રના પહેલા દિવસે એટલે કે ૨૦ જુલાઇના રોજ સંસદ સુધી કૂચ કાઢશે. પાર્ટીએ આ જાહેરાત ગુરુવારે કરી હતી. દરમિયાન પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓને લઇને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે જંતર-મંતર ખાતે સીજેપીનું વિરોધ પ્રદર્શન ૨૦મા દિવસમાં પ્રવેશી ચૂક્યું છે. સીજેપીએ એક નિવેદનમાં જણાવ્યું કે માર્ચ જંતર-મંતરથી શરૂ થશે. આ દરમિયાન ૨૮ જૂનથી અનિશ્ચિતકાળ માટે અનશન કરી રહેલા કાર્યકર્તા સોનમ વાંગચુક પણ હાજર રહેશે. કોકરોચ જનતા પાર્ટીએ દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને નાગરિકોને

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા-ઈરાન શાંતિ કરારનું સુરસુરિયું ને દુનિયા આખી ટેન્શનમાં

**અમેરિકા** અને ઇરાન વચ્ચેનો યુદ્ધવિરામ કામચલાઉ સાબિત થયો છે અને બંને પાછા એકબીજા સામે યુદ્ધે ચડી ગયા છે. ઇરાને હોર્મુઝની ખાડીમાં ક્રૂડ ઓઈલ લઈ જતાં ત્રણ ટેંકરોને નિશાન બનાવ્યાં તેને બહાનું બનાવીને અમેરિકાએ પાછી ધડબડાટી બોલાવી તેમાં બંને વચ્ચેના શાંતિ કરારનું સુરસુરિયું થઈ ગયું છે.

અમેરિકાએ ઇરાનને ધમરોળી નાંખવા માટે ૧૦૦થી વધારે ઠેકાણે હુમલા કર્યા છે. સામે ઇરાને પણ વળતો પ્રહાર કરીને મિડલ ઈસ્ટમાં અમેરિકાનાં સાથી એવાં કુવૈત, બાહરીન અને કતારમાં મિસાઈલો છોડી છે.

ઇરાનના હુમલામાં આ ત્રણ દેશોમાં નુકસાનના કોઈ સમાચાર નથી પણ ઈરાનમાં ઠેકઠેકાણે વિસ્ફોટ થયા હોવાનું ઇરાનના સરકારી મીડિયાએ જ સ્વીકાર્યું છે. ઇરાનના સરકારી મીડિયાના રિપોર્ટ પ્રમાણે દક્ષિણ ઈરાનના દરિયાકાંઠે આવેલાં ચાબહાર, કોનારાક, બંદર અબ્બાસ અને સિરિક સહિતનાં સ્થળે અમેરિકાએ હુમલા કર્યા છે. આ હુમલામાં કેટલું નુકસાન થયું તેનો ફોડ ઇરાને નથી પાડ્યો પણ આ શહેરો ઇરાનનાં મહત્ત્વનાં બંદરો છે તેથી અમેરિકા ઇરાનને આર્થિક રીતે પાયમાલ કરી દેવાની જીદે ચડ્યું છે એ સ્પષ્ટ છે. અમેરિકાએ ઇરાનના સર્વોચ્ચ વડા અલી ખામનેઈની અંતિમવિધિ થવાની છે એ શહેર તરફ જતા બે પુલ પણ ઉડાવી દીધા છે.

ઇરાન શહરનો એક એરબેઝ પણ અમેરિકાનું ટાર્ગેટ બન્યો છે પણ સૌથી મોટો હુમલો બુશેહરનો છે. બુશેહર ઇરાનના ન્યુક્લિયર પ્રોગ્રામનું સેન્ટર મનાય છે. બુશેહરમાં ઇરાનનો સૌથી મોટો ન્યુક્લિયર પાવર પ્લાન્ટ આવેલો છે. અમેરિકાનું માનવું છે કે, ઇરાને પરમાણુ પાવર પ્લાન્ટ તો ખાલી દેખાડા ખાતર ઊભો કર્યો છે, બાકી બુશેરહના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ કોમ્પલેક્સમાં ઇરાન યુરેનિયમ એનરિચમેન્ટ કરીને પરમાણુ શસ્ત્રો બનાવી રહ્યું છે.

અમેરિકા અને ઇરાન વચ્ચેના શાંતિ કરારમાં ઇરાને પોતે પરમાણુ શસ્ત્રો નહીં બનાવે તેની ખાતરી આપેલી. ઇરાને આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પોતાનાં પરમાણુ મથકોનું નિરીક્ષણ કરવાની પણ મંજૂરી આપી છે. એ છતાં અમેરિકાએ બુશેહરને ટાર્ગેટ બનાવ્યું તેનો અર્થ એ થાય કે, ઇરાન ખાનગીમાં પરમાણુ કાર્યક્રમ ચલાવી રહ્યું હોવાના અમેરિકા પાસે ઈન્ટેલિજન્સ રિપોર્ટ છે. આ રિપોર્ટ પણ ઈઝરાયલે જ આપ્યા હશે કેમ કે મિડલ ઈસ્ટમાં અમેરિકા ઈઝરાયલ પર જ નિર્ભર છે. ઈઝરાયલને ઈરાન સાથેના કરાર મંજૂર નથી તેથી આ રિપોર્ટ ખરેખર સાચો છે કે નહીં એ ખબર નથી પણ અત્યારે તો અમેરિકાએ તેને સાચો માનીને ઇરાનની વાટ લગાડવાનો કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ કરી દીધો છે.

અમેરિકાએ ઇરાન પર કરારની શરતોનો ભંગ કરવાનો આક્ષેપ મૂક્યો છે. અમેરિકાનું કહેવું છે કે, ઇરાન હોર્મુઝની ખાડીમાં કોઈ પણ ઓઈલ ટેન્કરને પરેશાન નહીં કરવા અને નિર્વિઘ્ને પસાર થવા દેવા તૈયાર થયેલું પણ સઉદી અરેબિયાના એક અને કતારનાં બે ટેન્કરને ટાર્ગેટ કરીને ઇરાને કરારનું પાલન કર્યું નથી તેથી ફરી હુમલા કરીને ઇરાનને પાંસરું કરવા સિવાય બીજો વિકલ્પ બચતો નથી.

ઇરાનનું કહેવું છે કે, આ જહાજો નક્કી કરેલા સત્તાવાર રૂટના બદલે બીજા રૂટ પરથી જતાં હતાં તેથી તેમની હિલચાલ શંકાસ્પદ લાગી તેથી તેમને ચેતવવા માટે મિસાઈલ છોડેલાં પણ તેમાં કોઈ જાનહાનિ થઈ નથી કે નુકસાન પણ થયું નથી તેથી કરારનો ભંગ ના કહેવાય.

ઇરાન સાચું બોલતું હોય અને ખરેખર સઉદી અરેબિયા અને કતારનાં જહાજ સત્તાવાર રીતે નક્કી કરેલા રૂટના બદલે બીજા રૂટ પરથી જતાં હોય તો ઇરાને મિસાઈલ છોડીને કશું ખોટું કર્યું નથી. ક્રૂડના બદલે કમર્શિયલ જહાજોમાં શસ્ત્રો અને સૈનિકો મોકલીને ઇરાનમાં ઘૂસવાનો કે હોર્મુઝ સ્ટ્રેઈટ પર કબજો કરવાનો કારસો ઘડાયો હોવાની શક્યતા નકારી ના શકાય એ જોતાં ઇરાનને પોતાનાી સરહદની રક્ષા માટે ટેન્કરો પર મિસાઈલ છોડવાનો અધિકાર છે જ.

અમેરિકા અને ઈઝરાયલ ગમે તે કરી શકે એ જોતાં ઇરાને કશું ખોટું કર્યું નથી પણ તેના કારણે ટ્રમ્પને ફરી હુમલાનું બહાનું મળી ગયું. ટ્રમ્પે ઈરાન સાથે કરાર કરતાં તો કરી નાંખ્યો પણ ઈઝરાયલની નારાજગીના કારણે ઇરાન સાથેનો કરાર તોડી નાખવા એ ક્યારના ઊંચાનીચા થતા જ હતા. ઇરાને સઉદી અને કતારનાં ટેન્કરોને નિશાન બનાવીને એ બહાનું આપી દીધું.

અમેરિકાએ આ હુમલા દ્વારા નાગાની પાંચશેરી ભારે એ કહેવતને સાચી સાબિત કરી છે. અમેરિકા અને ઇરાન વચ્ચે કરાર થયા તેમાં લેબેનોન સહિતનાં કોઈ પણ ઠેકાણે હુમલા નહીં કરવા એવું નક્કી થયેલું પણ ઈઝરાયલ કરારની ઐસીતૈસી કરીને લેબેનોન પર હુમલા કર્યા કરે છે અને ઇરાન પર પમ હુમલા કરે છે. ડોનલ્ડ ટ્રમ્પે દુનિયાને દેખાડવા માટે ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુને ખખડાવ્યા. તેમને ઈડિયટ જેવાં વિશેષણોથી નવાજ્યા પણ ના હુમલા રોકાવ્યા કે ના ઈઝરાયલ સામે કોઈ પગલાં લીધાં.

ઇરાન સામેના યુદ્ધમાં અમેરિકા અને ઈઝરાયલ એક છાવણીમાં છે એ જોતાં શાંતિ કરારનું પાલન ઈઝરાયલ પણ કરે એ જરૂરી હતું પણ ટ્રમ્પ એ મુદ્દે ચૂપ છે જ્યારે ઇરાને ત્રણ ટેન્કરને નિશાન બનાવ્યાં તેમાં તો ફરી લડવા કૂદી પડ્યા. ટ્રમ્પનું વલણ જરાય ન્યાયી નથી પણ આ નમૂનાને સમજાવે કોણ ?

અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી યુદ્ધ ભડકતાં આખી દુનિયા ફરી ટેન્શનમાં આવી ગઈ છે. ઇરાન-અમેરિકા યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેઈટમાંથી ફરી ક્રૂડ ઓઈલનાં ટેન્કરોની અવરજવર પર નિયંત્રણ આવી જશે. તેના કારણે પાછી પેટ્રોલ-ડીઝલ નહીં મળવાની રાડારાડ શરૂ થશે. અમેરિકાએ ઇરાનને ક્રૂડ ઓઈલ વેચવાની મંજૂરી આપેલી એ પણ પાછી ખેંચી લીધી છે. તેના કારણે પણ બજારમાં ક્રૂડનો જથ્થો ઓછો આવશે ને ક્રૂડ મોંઘું થશે. ક્રૂડ ઓઈલના ભાવ વધશે તેથી પેટ્રોલ-ડીઝલ પણ મોંઘાં થશે એટલે સામાન્ય લોકોની હાલત કફોડી થઈ જવાની.

ઇરાને તો અત્યારથી જાહેર કરી જ દીધું છે કે, હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા દરેક ઓઈલ ટેન્કરે ઇરાનને ફી ચૂકવવી પડશે. સઉદી અરેબિયા સહિતના અમેરિકાના ગોઠિયા દેશો આ ફી ચૂકવવા તૈયાર નથી પણ ભારત સહિતના મિડલ-ઈસ્ટના ક્રૂડ પર નિર્ભર દેશોએ જખ મારીને ફી ચૂકવવી પડશે. સરવાળે બધો ભાર કન્યાની કેડે આવશે ને પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે. યુદ્ધના કારણે બીજી નિકાસને પણ અસર થશે તેથી એકંદરે દુનિયાના મોટા ભાગના દેશોનાં અર્થતંત્ર ડામાડોળ થઈ જશે. બે આખલાની લડાઈમાં ઝાડનો ઘાસનો સોથ વળે એમ અમેરિકા અને ઇરાન તો યુદ્ધ કરીને અહમ સંતોષવાની મજા લેશે પણ બીજા દેશોની હાલત બગડી જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૧૦-૭-૨૦૨૬, સ્માર્ત યોગિની એકાદશી

- ભારતીય દિનાંક ૧૯, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૬મો, માહે ૧લો મોહરમ, સને ૧૪૪૮
- નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૩-૧૪ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં સાંજે ક. ૧૮-૪૪ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૮-૧૧, સાંજે ક. ૧૯-૨૧
- ઓટઃ બપોરે ક. ૧૩-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૫ (તા. ૧૧)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - દસમી. સ્માર્ત યોગિની એકાદશી (સાકર), એકાદશી ક્ષય તિથિ છે. ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૧૬.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શુક્ર-સૂર્ય દેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, યમદેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું, ઉંબરાના વૃક્ષનું પૂજન, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, પશુ લેવડદેવડ, યમદેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ સર્વાંગી ઉદય થાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## ફક્ત ચહેરો બચાવવાની કવાયત

### દિલ્હી-એનસીઆરમાં ગેરકાયદે બાંધકામ બદલ સુપ્રીમે સત્તાવાળાઓનો ઊધડો લીધો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર રીજનમાં ગેરકાયદે બાંધકામ બદલ સત્તાવાળાઓનો ઊધડો લેતા ચેતવણી આપી હતી કે અમે આ બાંધકામ માટે અધિકારીઓને દોષી ગણીશું અને જવાબદાર સિદ્ધ થતા એ અધિકારીઓ સામે કડક આદેશ બહાર પાડીશું. જસ્ટિસ અમાનુલ્લા અને જસ્ટિસ શીલ નગુની બેન્ચે કહ્યું હતું કે ફક્ત બિલ્ડરને જ પકડવામાં આવે છે અને જે વિસ્તારમાં નિયમોનો મોટો ભંગ થયો છે એ વિસ્તારના જવાબદાર અધિકારીઓને કેમ પકડવામાં આવતા નથી. અમે ૨૦ મેએ બેન્ચે વ્યક્ત કરેલી ચિંતા ફરી વ્યક્ત કરીએ છીએ સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે સત્તાવાળાઓ ફક્ત ચહેરો બચાવવાની કવાયત કરી રહ્યા છે. સર્વોચ્ચ અદાલતે ૨૦ મેના હુકમમાં દિલ્હીના લજપત નગર અને સરોજિની નગરમાં થયેલા નિયમોના મોટા ભંગનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. બેન્ચે એવું નિરીક્ષણ કર્યું હતું કે આવાં બાંધકામો તેના મૂળથી જ અસુરક્ષિત છે કારણ કે આ બાંધકામો તેના પર મૂકેલા વધારાના બોજ ઊંચકી શકતા નથી. બેન્ચે ચેતવણી આપી હતી કે અમે અધિકારીઓને વ્યક્તિગત રીતે જવાબદાર ગણીને કડક આદેશ બહાર પાડીશું. બેન્ચે માલવિયા નગર આગ, લખનઊ આગ અને સાકેત મકાનનું ધરાશાયી થવાના બનાવોનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. (એજન્સી)

## અમેરિકામાં ભારતીય એન્જિનિયર પર પત્નીની હત્યાનો આરોપ

વૉશિંગ્ટનઃ ભારતીય પર ભારતમાં જ રહેતી બીજી મહિલા સાથેના પ્રણયને લીધે પત્નીની હત્યા કરવાનો ગુનો નોંધાયો છે. સ્થાનિક પ્રસાર માધ્યમોના જણાવ્યા પ્રમાણે લગભગ નવ મહિના પહેલાં તેમના ઘરમાં પત્નીનું મરણ થાય બાદ આ આરોપ મુકાયો છે. કિંગ કાઉન્ટી પ્રોસીક્યુટિંગ એટર્નીની ઑફિસે અવિનાશ નરનેને પર પહેલી જુલાઈની પૂર્વયોજિત હત્યા માટે પ્રથમ ગુનાનો આરોપ મૂક્યો છે.

અવિનાશની જૂનના ગયા અઠવાડિયે ધરપકડ કરવામાં આવી હતી. તે હજી કોટડીમાં છે. તેને ૫૦ લાખ અમેરિકન ડૉલર ભરે તો જામીન મળી શકે. અવિનાશને ભારતમાં બીજી મહિલા સાથે રોમાન્ટીક સંબંધો હતા. તેણે પત્નીના મૃતદેહના ફોટો તેની પ્રેયસીને મોકલ્યા હતા.

સરકારી વકીલના જણાવ્યા પ્રણાણે અવિનાશે વૉશિંગ્ટન રાજ્યના બેલેવેયુ ખાતેના ઘરમાં પહેલાં પત્નીનું ગળું દબાવીને હત્યા કરી હતી અને પછી પોલીસ આવે એ પહેલાં ગુનો થયો છે એવું દૃશ્ય ઊભું કર્યું હતું. પોલીસની પાસે માહિતી હતી કે અવિનાશ અને તેના શિકાર ૨૭ વર્ષની રજીતા સબેનીએ થોડાક મહિના પહેલાં જ લગ્ન કર્યા હતા. (એજન્સી)

## સરકારે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટેના મુખ્ય ઈનપુટ્સ પર મૂળભૂત કસ્ટમ્સ ડ્યૂટી માફ કરી

નવી દિલ્હી : સરકારે સ્માર્ટફોન, લેપટોપ, વેરેબલ્સ અને સ્માર્ટ ટીવી જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે ડિસ્પ્લે એસેમ્બલી, લિથિયમ આયન સેલ અને ઇન્ડક્ટર કોઇલ મોડ્યુલના ઉત્પાદનમાં વપરાતા માલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યૂટી માફ કરી છે.

નાણા મંત્રાલયે ઇલેક્ટ્રોનિક ઉપકરણોમાં વપરાતા ત્રણ મુખ્ય ઘટકોના ઉત્પાદનમાં વપરાતા માલ પર મૂળભૂત કસ્ટમ ડ્યુટી (બીસીડી) માફીને અસર કરતા ત્રણ અલગ-અલગ સૂચનાઓ જારી કરી છે. આ મુક્તિ યોજના હેઠળ સ્થાનિક ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયાસોને અનુરૂપ છે. ડ્યૂટી માફી આયાત પર નિર્ભરતા ઘટાડશે અને સ્થાનિક ઉત્પાદન સાથે ઇલેક્ટ્રોનિક્સ ઇકોસિસ્ટમને મજબૂત બનાવશે.

## ઉઝબેકિસ્તાનમાં કેરલમની તબીબી વિદ્યાર્થિનીનું માથામાં લેપટૉપ ફટકારાતાં મોત

અલાપ્પુઝાઃ ઉઝબેકિસ્તાનમાં ગત અઠવાડિયે કેરલમની એક બાવીસ વર્ષીય તબીબી વિદ્યાર્થીનીનું મોત થયું હતું. તેણીના સહાધ્યાયીએ ઝઘડા બાદ તેના પર લેપટોપથી હુમલો કર્યો હતો અને તેણીને ત્રાસ આપવામાં આવ્યો હોવાનો આરોપ છે. કેરલમ પોલીસે મોત બાદ પરિવારની ફરિયાદના આધારે હત્યાનો કેસ દાખલ કર્યો છે.

પોલીસે જણાવ્યું કે બુધવારે કેસ નોંધ્યા બાદ અલાપ્પુઝા મેડિકલ કોલેજમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે તેઓ ભારતીય દૂતાવાસ અને વિદેશ મંત્રાલયના માધ્યમથી ઉઝબેકિસ્તાનમાં ચાલી રહેલી તપાસની માહિતી મેળવશે. તેમણે કહ્યું કે જો આરોપી સામે ત્યાં કાર્યવાહી કરવામાં આવશે તો કેરલમમાં નોંધાયેલો કેસ બંધ કરવામાં આવશે. આરોપી પીડિતાનો સહાધ્યાયી છે અને મલપ્પુરમનો રહેવાસી છે. આરોપ છે કે દલીલ દરમિયાન તેણે વિદ્યાર્થીનીના માથાના ભાગે હુમલો કર્યો હતો. પરિણામે તેનું મોત થયું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારી બિનુકુમાર ટી.એ જણાવ્યું કે વિદ્યાર્થીનીના માતા-પિતા દ્વારા જિલ્લા પોલીસ વડા સમક્ષ નોંધવામાં આવેલી ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ભલે અપરાધ ઉઝબેકિસ્તાનમાં થયો હોય, પરંતુ અહીં પણ કેસ નોંધવાની જોગવાઇ છે. જો ત્યાંની પોલીસ આરોપી સામે કેસ ચલાવે છે તો અમે કેસ બંધ કરીશું. જો ત્યાં કોઇ કાનૂની કાર્યવાહી નહીં થાય તો અમે કેસને આગળ વધારીશું. બિનુકુમારે જણાવ્યું કે આરોપીની ત્યાં ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ છે. અમે વિદેશ મંત્રાલય મારફત કેસની માહિતી અને ઉઝબેકિસ્તાનના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો મેળવીશું.

## મમતાને કૉર્ટની રાહતઃ ટીએમસીના બૅન્ક ખાતામાંથી રૂપિયા ઉપાડી શકશે

કોલકાત્તા : કોલકાતા હાઈ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) નાં ત્રણ બેન્ક અકાઉન્ટમાંથી લેવડ-દેવડ સામાન્ય કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે આ અકાઉન્ટ્સની દેખરેખ માટે એક ખાસ અધિકારીની પણ નિમણૂક કરી છે. કોર્ટે આ વચગાળાની વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. કોલકાતા હાઈ કોર્ટના જસ્ટિસ સૌગત ભટ્ટાચાર્યની સિંગલ બેન્ચે તૃણમૂલ કોંગ્રેસના સ્થગિત કરાયેલાં ત્રણ બેન્ક ખાતાઓમાં મર્યાદિત અને સામાન્ય લેવડ-દેવડ ફરી શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે આ વચગાળાની વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. ૧૮ જૂનના રોજ બિધાનનગર પોલીસ કમિશનરેટના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, એફઆઈઆર નોંધાયાના બીજા જ દિવસે આ ત્રણેય ખાતાંઓને ફ્રીઝ કરવામાં આવ્યા હતા.

## ચીનમાં ભારે વરસાદ અને પૂરથી ભારે તબાહીઃ ૩૯નાં મોત

બેઇજિંગઃ દક્ષિણ ચીનમાં ત્રાટકેલા ઉષ્ણકટિબંધીય વાવાઝોડા 'મેસાક'ને પગલે આવેલા વિનાશક પૂરે ભારે તારાજી સર્જી છે. આ વાવાઝોડાના લીધે આવેલા ભયંકર પૂરમાં અત્યાર સુધીમાં ૩૯ લોકોના મોત નીપજ્યા છે. આ જાણકારી અધિકારીઓએ ગુરુવારે આપી હતી. શહેરના ડેપ્યુટી મેયર ડિંગ વેઇએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે મોટાભાગના મૃત્યુ ગુઆંગ્શી પ્રાંતના નાનનિંગ શહેરમાં ડેમ તૂટી પડવાની દુર્ઘટનામાં થયા હતા. આ દુર્ઘટનામાં જ ૨૬ લોકોનાં મોત થયા હતા. તેમજ આ પ્રાંતમાં હજુ પણ નવ લોકો ગુમ છે. આ વિનાશક મેસાક વાવાઝોડાને કારણે ગુઆંગ્શી ક્ષેત્રમાં રેકોર્ડ વરસાદ પડ્યો છે. જેના કારણે જળસ્તર અનેક ગણુ વધ્યું હતું અને બંધ તૂટી પડ્યા હતા. પરિણામે લોકો દિવસો સુધી તેમના ઘરો અને અન્ય ઇમારતોમાં ફસાયા હતા. આ દરમિયાન દેશના પૂર્વ કિનારે અને તાઇવાનમાં આગામી દિવસોમાં વધુ એક વાવાઝોડું ત્રાટકવાની આગાહી કરવામાં આવી છે.

## પહેલા પાનાનું ચાલુ

### દિલ્હી - એનસીઆરમાં

રસ્તાઓ પાણીમાં ડૂબી ગયાં હતાં. ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. પૂર્વ દિલ્હીના કેટલાક ભાગો, નવી દિલ્હી રેલવે સ્ટેશન, મુનિરકા, સદર બજાર અને દ્વારકામાં પાણી ભરાઈ ગયાં હતાં. દિલ્હી-નોઈડા એક્સપ્રેસવે પર ટ્રાફિક જૅમ થઈ ગયો.

મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ તેમના વિધાનસભા મતવિસ્તારના શાલીમાર ગામમાં ડ્રેનેજ વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને યોગ્ય પાણી નિકાલ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો, જ્યારે જાહેર બાંધકામ વિભાગના મંત્રી પ્રવેશ સાહિબ સિંહે પણ પાણી નિકાલ વ્યવસ્થાની સમીક્ષા કરવા માટે કંન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી અને કહ્યું કે મોટાભાગના વિસ્તારોમાંથી પાણી ખાલી કરવામાં આવ્યું છે.

ગુરુગ્રામમાં એક વૈભવી એપાર્ટમેન્ટ સંકુલના બાલ્કનીનો એક ભાગ તૂટી પડ્યો, જોકે કોઈ ઈજા થઈ નથી. રહેવાસીઓએ બિલ્ડરની કથિત બેદરકારીને જવાબદાર ગણાવી અને સમગ્ર હાઉસિંગ પ્રોજેક્ટનું માળખાકીય ઓડિટ કરવાની માંગ કરી હતી. રાજસ્થાનમાં કેટલાક ભાગોમાં વ્યાપક વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે ગુરુવારે કોટા અને ભરતપુર વિભાગના અલગ-અલગ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરી હતી. ૧૦ જુલાઈના રોજ ભરતપુર અને આસપાસના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે,જ્યારે રાજ્યના બાકીના ભાગોમાં વરસાદની પ્રવૃત્તિમાં ઘટાડો થવાની શક્યતા છે.

આઈએમડીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે દક્ષિણપશ્ચિમ ચોમાસું રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બાકીના ભાગોમાં આગળ વધ્યું છે.

### કૉક્રોચ જનતા

આ માર્ચમાં જોડાવા અપીલ કરી છે. પાર્ટીનું કહેવું છે કે પરીક્ષામાં કથિત ગેરરીતિઓને કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓને ન્યાય અપાવવા, પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા પ્રણાલીની માંગ કરવા અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન પર રાજીનામું આપવા દબાણ કરવા માટે આ માર્ચનું આયોજન કરવામાં આવશે.

વાંગચુકે બુધવારે રાત્રે એક પોસ્ટમાં દેશભરના લોકોને સંસદ માર્ચમાં જોડાવા માટે અપીલ કરી હતી. આ દરમિયાન સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ સોશ્યલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તેઓ ભારે વરસાદ છતાં વિરોધ સ્થળ પર તાડપત્રી લગાવવાની મનાઇ કરવા બદલ દિલ્હી પોલીસના જવાનો સાથે દલીલ કરતા જોવા મળે છે.

વીડિયોમાં દિપકેએ કહ્યું કે દિલ્હી પોલીસ અમને તાડપત્રી લાવવાની મંજૂરી આપી રહી નથી. રાતભર વરસાદ પડ્યો હતો અને છેલ્લા ૧૨ દિવસથી ભૂખ હડતાળ કરી રહેલા વિદ્યાર્થીઓની સુરક્ષા માટે તાડપત્રીની જરૂરિયાત છે. છેલ્લા ત્રણ દિવસથી અમે વિરોધ સ્થળની અંદર તાડપત્રી લાવવાના પ્રયાસો કરી રહ્યા છીએ.

### કચ્છમાં સરકારી

આવી છે. સરકારી જમીનો અને જાહેર મિલકતોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવાના આશય સાથે ભૂમાફિયાઓ અને અસામાજિક તત્ત્વો સામેની આ કડક ઝુંબેશ આગામી દિવસોમાં પણ આ જ રીતે અવિરત અને નિયમિતપણે ચાલુ રાખવામાં આવશે તેમ વહીવટીતંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું.

### ભાવનગરમાં રથયાત્રા

વિસ્તારોને ધમરોળ્યા હતા. પોલીસ દ્વારા આ અંતર્ગત ત્રિ-સ્તરીય સુરક્ષા ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે, જેમાં પ્રથમ સ્તરે જૂના ગુનાહિત ઇતિહાસ ધરાવતા હિસ્ટ્રિશીટર્સ, ખાસ કરીને શરીર સંબંધી, પ્રોપર્ટી સંબંધી અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા શખસોના રહેઠાણો પર દરોડા પાડી સઘન ચેકિંગ કરાયું હતું.

બીજા સ્તરે હાલમાં જામીન પર મુક્ત થયેલા આરોપીઓની ગતિવિધિઓ પર તીક્ષ્ણ નજર રાખવામાં આવી રહી છે અને છેલ્લા ૨-૩ મહિનાથી વિવિધ ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ટીમોને ખાસ ટાસ્ક સોંપવામાં આવ્યો છે.

ત્રીજા સ્તરે, શહેરમાં બહારથી કોઈ શંકાસ્પદ તત્ત્વો કે હથિયારો પ્રવેશે નહીં તે માટે શહેરના પ્રવેશદ્વારો અને આસપાસના મુખ્ય માર્ગો પર આઠ જેટલી વ્યૂહાત્મક ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે, જ્યાં રાઉન્ડ ધ ક્લોક વાહનોનું આકસ્મિક અને સઘન ચેકિંગ શરૂ કરી દેવાયું છે. રથયાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે આગામી દિવસોમાં પણ આ કડક ઝુંબેશ ચાલુ રહેશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

### અમેરિકામા એચ -૧બી

ફેરફારોમાંનો એક એચ-વન બી વિઝા પ્રોગ્રામ સાથે સંબંધિત છે, જે યુએસ કંપનીઓને વિશિષ્ટ ક્ષેત્રોમાં વિદેશી વ્યાવસાયિકોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. દર વર્ષે, ૮૫,૦૦૦ નવા એચ-વન બી વિઝા જાહે કરવામાં આવે છે, જે વાર્ષિક મર્યાદાને આધીન છે. ડીએચએસ ઓગસ્ટમાં એક પ્રસ્તાવિત નિયમ પ્રકાશિત કરે તેવી અપેક્ષા છે જે કાર્યક્રમના ઘણા પાસાઓને કડક બનાવશે. આ દરખાસ્ત યુનિવર્સિટીઓ અને કેટલીક સંશોધન સંસ્થાઓ માટે હાલમાં ઉપલબ્ધ એચ-વનબી મર્યાદામાંથી મુક્તિ ઘટાડી શકે છે. તે એવા નોકરીદાતાઓ પર કડક આવશ્યકતાઓ પણ લાદશે પ્રોગ્રામ નિયમોનું ઉલ્લંઘન કરનારા નોકરીદાતાઓની તપાસમાં વધારો કરશે.

### ઈરાનના અણુમથક

બંધ થઈ ગયો છે. આને લીધે તેલ અને ગૅસના ભાવ આશમાને પહોચી ગયી છે. આને લીધે આખા વિશ્વમાં ખાદ્ય પદાર્થ જેવી મૂળભૂત વસ્તુના ભાવ વધી ગયી છા.

ટ્રમ્પે તૂર્કીની નાટો સમિટિમાં ભાગ લેવા જતા પહેલાં તેમના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર ઇરાનના ધડાકાના અનેક વીડિયો મૂક્યા હતા. આ ઇરાને જહાજો પર કરેલા હુમલાનો બદલો છે. જો આવું ફરી બનશે તો પરિસ્થિતિ વકરશે. જોકે ટ્રમ્પે કહ્યું હુતં કે આ હુમલા અને પ્રતિ હુમલાને લીધે લાંબા ગાળાની લશ્કરી કાર્યવાહી નહીં થાય. (એજન્સી)

### ભારત-પાક

ભારત સતત નકારતું આવ્યું છે.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત-પાકિસ્તાન યુદ્ધ અણુયુદ્ધને માર્ગે જઈ રહ્યું હતું. કોઈ પણ વિગત ન આપતાં ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ ચાલેલા યુદ્ધ દરમિયાન ૧૧ જેટ તોડી પડાયા હતા.

જોકે ટ્રમ્પે એ વાતનો ફોડ નહોતો પાડ્યો હતો કે બંને દેશના મળીને ૧૧ જેટ તોડી પડાયા હતા કે કોઈ એક દેશના.

ભારતે જણાવ્યું હતું કે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના એફ-૧૬ જેટ ફાઈટર સહિત ઓછામાં ઓછા એક ડઝન વિમાન તોડી પાડવામાં આવ્યા હતા.

પહેલગામ આતંકવાદી હુમલાનો વળતો જવાબ આપવા ગયા વર્ષની ૭ મેએ ભારતે ઑપરેશન સિંદૂર હાથ ધર્યું હતું અને પાકસ્થિત આતંકવાદી છાવણીઓ અને તાલિમ કેન્દ્રોને નિશાન બનાવ્યા હતા. (એજન્સી)

### મમતાને ફટકો

છે, જ્યારે ટીએમસી એ ૮૦ બેઠક જીતી. કૉંગ્રેસ અને આમ જનતા યુનિયન પાર્ટી (એજેપી) એ બે-બે બેઠક મેળવી, જ્યારે સીપીઆઈ (એમ) અને ભારતીય સેક્યુલર ફ્રન્ટ (આઈએસએફ)એ એક-એક બેઠક જીતી હતી.

ત્યારબાદનાં રાજીનામાંથી ભાજપની સંખ્યા ઘટીને ૨૦૭ અને એજેપીની સંખ્યા ૧ થઈ ગઈ, જેનાથી શાસક પક્ષ પાસે આરામદાયક બહુમતી અને વિપક્ષી છાવણી પાસે ૮૫ ધારાસભ્ય હતા. સામાન્ય પરિસ્થિતિઓમાં, વિપક્ષની સંયુક્ત સંખ્યા રાજ્યસભાની એક બેઠક મેળવવા માટે પૂરતી હોત, જ્યારે ભાજપ બાકીની બે બેઠક જીતી લેત.

જોકે, મમતા બેનર્જી અને વિપક્ષી નેતા રીતાબ્રત બેનર્જીના નેતૃત્વમાં હરીફ છાવણીઓમાં વિભાજિત થયા પછી રાજકીય સમીકરણ નાટકીય રીતે બદલાઈ ગયું છે.

# નખત્રાણાના ૧૧ ગામમાં સોલાર પ્રોજેક્ટ સામે જનાક્રોશ, હાઈ કોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણા તાલુકાના ફુલાય જૂથ ગ્રામ પંચાયતના ૧૧ ગામોના રહેવાસીઓએ એનટીપીસી અને હિલ્ડ એનર્જી કંપનીઓ દ્વારા થઈ રહેલી સોલાર પ્રોજેક્ટની કામગીરી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ગ્રામજનોએ આ મામલે ન્યાયની માંગ સાથે મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારીને સંબોધીને એક આવેદનપત્ર પાઠવ્યું હતું, જેમાં કંપનીઓ પર વ્યાપક પેશકદમી અને પરંપરાગત રસ્તાઓ બંધ કરવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ મામલે ગ્રામજનોએ હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી ઉચ્ચારી હતી.

આવેદનપત્રમાં સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, સરકાર દ્વારા કંપનીને પ્રોજેક્ટ માટે અંદાજે ૧૨૦૦ એકર એટલે કે ૪૯૯.૬૧૬૧ હેક્ટર જમીન ૪૦ વર્ષના ભાડાપટ્ટે મંજૂર કરવામાં આવી છે. જોકે, આ મંજૂરીની વિપરીત કંપનીઓએ ફુલાય, અંજોરીયાવાંઢ અને કિરાવાંઢ મધ્યે ૧૫૦૦ એકર તેમજ છારી, પૈયા અને તલવાંઢ વચ્ચે ૩૦૦૦ એકરથી પણ વધુ સરકારી અને પંચાયત હસ્તકની જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી દીધો છે. કંપની દ્વારા નિયમોને નેવે મૂકીને ડુંગરાળ વિસ્તારોમાં જેસીબી અને હીટાચી મશીનો વડે તોડફોડ કરવામાં આવી રહી છે.

એટલું જ નહીં, સરકારી પડતર, પંચાયતની ગૌચર અને ખાનગી માલિકીની જમીનો ઉપરાંત રાજ્ય સરકારે રામસર સાઇટ તરીકે જાહેર કરેલી પ્રખ્યાત છારી ઢંઢ સરહદની જમીન પર પણ ગેરકાયદેસર દબાણ ઊભું કરાયું હોવાનું ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો.

સ્થાનિકોનો વધુમાં આક્ષેપ છે કે, કંપની દ્વારા કોઈ પણ પ્રકારની હદ નિશાન નક્કી કર્યા વગર મનસ્વી રીતે હજારો એકર જમીનમાં તાર ફેન્સિંગ કરી દેવાતાં મોતીચુર, પૈયા અને કિરાવાંઢ જેવા ગામોના પરંપરાગત રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેને કારણે લોકોની અવરજવર ખોરવાઈ ગઈ છે. જ્યારે કોઈ ગ્રામજન આ ગેરકાયદે પ્રવૃત્તિનો વિરોધ કરે છે ત્યારે કંપની તંત્ર દ્વારા પોલીસ બળનો આશરો લઈ સ્થાનિકોને ધાક-ધમકી આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રોજેક્ટમાં સ્થાનિક મશીનરી કે સ્થાનિક શ્રમિકોને રોજગારી આપવાને બદલે બહારના કોન્ટ્રાક્ટરોને પ્રાધાન્ય અપાતાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. ■

# રાજકોટ જિલ્લા પંચાયતમાં વિવિધ આઠ સમિતિના ચેરમેનની વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોને નિમણૂક બાદ ગુરૂવારે રાજકોટ જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રમુખ સંજય પીપળીયાના અધ્યક્ષસ્થાને એક ખાસ સામાન્ય સભાની બેઠકમાં રાજકોટ જિલ્લા પંચાયતની બાકી રહેલી વિવિધ કુલ ૮ જેટલી મહત્વની સમિતિઓના ચેરમેનોની સત્તાવાર વરણી કરવામાં આવી હતી.



ફોટો - પ્રવિણ સેદાણી

વિવિધ ૮ સમિતિઓ અને નવ નિયુક્ત ચેરમેનોમાં (૧) કારોબારી સમિતિ ચેરમેન તરીકે નરશીભાઈ શંભુભાઈ સોજીત્રા (૨) સામાજીક ન્યાય સમિતિ ચેરમેન જગદીશભાઈ દેવજીભાઈ પરમાર (૩) શિક્ષણ સમિતિ ચેરમેન નીલેશભાઈ અમરશીભાઈ હીરપરા (૪) આરોગ્ય સમિતિ ચેરમેન વિલાસભાઈ વલ્લભભાઈ ઢાંકેચા (૫) બાંધકામ સમિતિ ચેરમેન ભારતીબેન મજબુતભાઈ હુંબલ (૬) અપીલ સમિતિ ચેરમેન સંજયભાઈ પોલાભાઈ પીપળીયા (૭) મહિલા અને બાળવિકાસ સમિતિ ચેરમેન કુંદનબેન વિજયદાન માવલ અને (૮) ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ ચેરમેન દેવેન્દ્રભાઈ પરબતભાઈ ઝાપડિયાના નામનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં માત્ર સમિતિઓની રચના ઉપરાંત જિલ્લા પંચાયત સ્વભંડોળ સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન મંજૂર થયેલા વિવિધ વિકાસકામોને સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂર થયેલા કુલ ૮૬ કામો સમયસર પૂર્ણ કરી શકાય તે માટે ૩૧-૦૩-૨૦૨૭ સુધીનો મુદત વધારો આપવાનો મોટો નિર્ણય લેવાયો હતો. આ ૮૬ કામોમાં વર્ષ ૨૦૨૨-૨૩ના ૧૫ કામો, વર્ષ ૨૦૨૩-૨૪ના ૩ કામો, વર્ષ ૨૦૨૪-૨૫ના ૧૫ કામો અને વર્ષ ૨૦૨૫-૨૬ના ૫૯ કામોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, જૂન-૨૦૨૫માં યોજાયેલી ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી દરમિયાન ટેકનિકલ રીતે સમરસ થયેલી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન આપતો અભિનંદન પ્રસ્તાવ સભામાં રજૂ કરાયો હતો. સરકારની સમરસ ગ્રામ યોજના હેઠળ સર્વસંમતિથી ચૂંટાતી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અનુદાન આપવાની જોગવાઈ મુજબ, રાજકોટ જિલ્લાની આવી ટેકનિકલ સમરસ થયેલી ૭ ગ્રામ પંચાયતો માટે રાજ્ય સરકાર તરફથી રૂ.૩૪.૭૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ યોજનાનો લાભ મેળવનાર તમામ ૭ ગ્રામ પંચાયતોના સરપંચોને સામાન્ય સભામાં પ્રોત્સાહક અનુદાનની રકમ એનાયત કરી અભિનંદન પત્ર સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

# શેત્રુંજી ડેમમાં નવા નીરના વધામણા, મેયર સહિતના પદાધિકારીઓએ શાસ્ત્રોક્ત પૂજા-અર્ચના કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ખાતે નવા નીરના વધામણા નિમિત્તે એક ભવ્ય ધાર્મિક વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલુ ચોમાસાની સીઝનમાં ડેમમાં નવા પાણીની આવક થતાં વહીવટી તંત્ર અને પદાધિકારીઓ દ્વારા જળદેવતાના પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

આ મંગલ પ્રસંગે ભાવનગર મહાનગરપાલિકાના મેયર ઉષાબેન તલરેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશનભાઈ મહેતા, મ્યુનિસિપલ કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીના, વરિષ્ઠ અધિકારી ફાલ્ગુન શેઠ તેમજ વિવિધ વોર્ડના કોર્પોરેટરો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત તમામ પદાધિકારીઓ અને અધિકારીઓએ શેત્રુંજી ડેમના કિનારે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચના કરી હતી અને પવિત્ર જળને શ્રીફળ તેમજ ચુંદડી અર્પણ કરી નવા નીરને હર્ષભેર વધાવ્યા હતા.

આ તકે મેયર અને કમિશનરે સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, શેત્રુંજી ડેમમાં નવા પાણીની આવક એ સમગ્ર જિલ્લા માટે ઉત્સાહવર્ધક છે. તેમણે પ્રાર્થના કરી હતી કે આગામી દિવસોમાં જિલ્લામાં ખૂબ સારો વરસાદ વરસે, જળાશયો સંપૂર્ણ છલકાય અને જગતનો તાત ગણાતો



ફોટો- વિપુલ હિરાણી

ખેડૂત સદ્ધર બને, જેથી સૌના જીવનમાં સુખ અને સમૃદ્ધિ આવે. નવા નીરના આગમનથી ભાવનગરવાસીઓમાં પણ પીવાના અને સિંચાઈના પાણીની ચિંતા હળવી થતાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાવનગરમાં ચોમાસાની શરૂઆતમાં જ શેત્રુંજી ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. છેલ્લા છ વર્ષથી સતત શેત્રુંજય ડેમ ઓવરફ્લો થઈ રહ્યો છે. ■

# કચ્છના વરસામેડીમાંથી ₹ ૪.૭૭ લાખના ગાંજા સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટુકડીએ અંજાર નજીકના વરસામેડી વિસ્તારમાં એક ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડીને મોટરસાઇકલ પર માદક પદાર્થની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી રૂપિયા ૪,૭૭,૦૦૦ની કિંમતનો ૯.૪૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંજાર પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો અનુસાર, એસ.ઓ.જી.ને પૂર્વ બાતમી મળી હતી કે, વરસામેડીની શાંતિધામ સોસાયટી (માધવનગર) માં રહેતો મુકેશ પાંચા વાલ્મીકિ નામનો શખ્સ હનુમાન ચોક પાસેથી મોટરસાઇકલ પર માદક પદાર્થ લઈને પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે સ્થાનિક મહાદેવ ફર્નિચર નામની દુકાન નજીક વોચ ગોઠવી હતી. ગત મોડી રાત્રે બાતમીવાળી મોટરસાયકલ ત્યાંથી પસાર થતાં પોલીસે તેને અટકાવી હતી.

મૂળ વાવ-થરાદ પંથકના આ શખ્સની મોટરસાઇકલની પેટ્રોલ ટાંકી પર રાખેલા પ્લાસ્ટિકના મીણિયાની તલાશી લેતાં, તેમાંથી સેલોટેપથી વીંટાળેલા ચાર પેકેટ મળી આવ્યા હતા. પેકેટ ખોલીને તપાસ કરતાં અંદરથી વનસ્પતિજન્ય માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે એસ.ઓ.જી. કચેરી ખાતે એફ.એસ.એલ. અધિકારીને બોલાવી પ્રાથમિક પરીક્ષણ કરાવતાં આ જથ્થો ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે રૂા. ૪.૭૭ લાખનો ગાંજો અને બાઇક કબજે કરી આરોપીની અટકાયત કરી છે આ નશીલો પદાર્થ તે ક્યાંથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો, તે દિશામાં અંજાર પોલીસે વધુ તપાસ આદરી છે. ■

# ભાવનગરમાં શેત્રુંજી નદીના કાંઠેથી સિંહણનો મૃતદેહ મળી આવતા વન વિભાગમાં દોડધામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના સરંભડા ગામ પાસેથી પસાર થતી શેત્રુંજી નદીના કાંઠેથી બપોરના સુમારે એક સિંહણનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકના વન્યજીવ પ્રેમીઓમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર જિલ્લાના સરંભડા ગામ નજીકથી વહેતી શેત્રુંજી નદીના કિનારે એક સિંહણનો મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિક ગ્રામજનોને થઈ હતી, જેને પગલે વન વિભાગને તાકીદે આ અંગેની જાણ કરવામાં આવી હતી. વન્યજીવ સૃષ્ટિના એશિયાટિક સિંહ જેવા મહત્વના પ્રાણીના મોતના સમાચાર મળતા જ વન વિભાગની સ્થાનિક ટીમ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સિંહણનું મૃત્યુ કુદરતી છે કે અન્ય કોઈ શંકાસ્પદ કારણોસર થયું છે તે અંગે હાલ વનતંત્રમાં ભારે રહસ્ય અને ચર્ચાઓ જાગી છે. આ



બનાવની ગંભીરતાને ધ્યાને લઈને વન વિભાગ દ્વારા સિંહણના મોતના ચોક્કસ અને સચોત કારણો જાણી શકાય તે હેતુથી તેના પાર્થિવ દેહને વાઇલ્ડ લાઇફ વિભાગના ક્રાકજ એનિમલ કેર સેન્ટર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. ■

## સતત ત્રીજા દિવસે

# કચ્છ-મુંબઈ રેલ વ્યવહાર ખોરવાયો, મુસાફરોને ભારે હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિ બાદ હવે સુરતમાં પણ આકાશી આફત તૂટી પડતાં કચ્છ અને મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર સતત ત્રીજા દિવસે ગંભીર રીતે પ્રભાવિત થયો હતો. રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે ટ્રેનો કલાકો સુધી અટવાઈ પડી હતી, જેના લીધે હજારો પ્રવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. પેરીંગ રેકના અભાવે બંને તરફથી એક-એક મુખ્ય ટ્રેનોને સંપૂર્ણ રદ કરવાની નોબત આવી હતી.

રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મંગળવારે સુરતમાં પડેલા મુસળધાર વરસાદને પગલે બપોરથી જ રેલવે સેવા બાધિત થઈ હતી.

મુંબઈથી ભુજ આવવા નીકળેલી બાંદ્રા-ભુજ સાપ્તાહિક એક્સપ્રેસ (૧૨૯૬૫) અને દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ (૨૦૯૦૭) ગુજરાતની સરહદમાં પ્રવેશ્યા બાદ કલાકો સુધી જુદા જુદા સ્ટેશનો પર અટવાઈ પડી હતી. ટ્રેનો કલાકો સુધી એક જ જગ્યાએ ઊભી રહેતાં મુસાફરોની હાલત કફોડી બની હતી. આ બંને ટ્રેનો અંદાજે ૧૭ કલાકથી પણ વધુ સમયના અસાધારણ વિલંબ સાથે મોડી રાત્રે ભુજ પહોંચી શકી હતી. જ્યારે મુંબઈથી રવાના થયેલી ડાઉન કચ્છ એક્સપ્રેસને મહારાષ્ટ્રની સરહદમાં જ અટકાવી દેવામાં આવી હતી. સુરતમાં ટ્રેક પર પાણી ભરાવાની સ્થિતિના કારણે મંગળવારે ભુજથી મુંબઈ ગયેલી કચ્છ એક્સપ્રેસ ૪ કલાક મોડી એટલે કે બપોરે ૩૫૩ કલાકે બાંદ્રા પહોંચી હતી. જ્યારે ભુજથી ઉપડેલી સયાજીનગરી એક્સપ્રેસને ગાંધીધામ સ્ટેશને જ અટકાવી દઈને ગાંધીધામ-દાદર વચ્ચે આંશિક રીતે રદ કરી દેવાઈ હતી. ટ્રેન અધવચ્ચે જ રદ થવાના કારણે મુંબઈ, અમદાવાદ કે અન્ય સ્ટેશનો તરફ જતા સેંકડો મુસાફરો અટવાઈ પડ્યા હતા. રેલવે પ્રશાસન દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ટ્રેનોના શિડ્યુલ ખોરવાઈ જતાં પેરીંગ રેકના અભાવે મુંબઈથી ઉપડનારી સયાજીનગરી એક્સપ્રેસ અને ભુજથી ઉપડનારી ભુજ-બાંદ્રા કચ્છ એક્સપ્રેસને સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી.

જોકે, મુસાફરોની સ્થિતિને ધ્યાને રાખીને ભુજથી સયાજીનગરી એક્સપ્રેસ અને મુંબઈથી કચ્છ એક્સપ્રેસને નિયત સમયપત્રક મુજબ રવાના કરવામાં આવી હતી. ■

# રાજકોટમાં સામાન્ય બોલાચાલીમાં યુવાનની ગોળી મારી હત્યા, પોલીસે મુખ્ય આરોપી અને તેના બે પુત્રને કસ્ટડીમાં લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ રાજકોટ શહેરમાં સામાન્ય બોલાચાલી લોહિયાળ સંઘર્ષમાં ફેરવાઈ ગયો હતો. આ મામલે પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ૮ જુલાઈની રાત્રે આશરે ૯ વાગ્યે નાનામૌવા ગામતળ શેરી નં. ૪માં બુલેટ મોટરસાયકલ પૂરપાટ ઝડપે ચલાવવાના મુદ્દે કૃષ્ણસિંહ જાડેજા અને અભિમન્યુ વાળા વચ્ચે બોલાચાલી થઈ હતી. કૃષ્ણસિંહે વારંવાર બુલેટ ધીમે ચલાવવાની ટકોર કરતાં અભિમન્યુ અને રાજવીર સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો બિચકાતા બનાવ મારામારી સુધી પહોંચી ગયો હતો. બનાવ સમયે કૃષ્ણસિંહે અભિમન્યુ અને રાજવીરને ઝાપટ મારી હતી. આ ઝઘડાનો બદલો લેવા અભિમન્યુ અને રાજવીર પોતાના પિતા રણજીત વાળાને ઘટનાસ્થળે બોલાવી લાવ્યા હતા. થોડા જ સમયમાં રણજીત વાળા હથિયાર સાથે બનાવ સ્થળે પહોંચ્યો હતો અને ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ ત્રણેય પિતા-પુત્રે મળીને કૃષ્ણરાજસિંહ પર હુમલો કર્યો હતો. આ મામલે પોલીસે મુખ્ય આરોપી રણજીત વાળા અને તેના બંને પુત્ર અભિમન્યુ તથા રાજવીર વાળાને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી છે.તપાસ હાથ ધરી છે. ■

# જામનગરમાં બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર ટોળકી ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: શહેરમાં લોકોને રાતોરાત પૈસા કમાવવાની લાલચ આપી બેન્ક એકાઉન્ટ ભાડે આપી સાયબર ફ્રોડને પ્રોત્સાહન આપતી ટોળકી સામે દ્વારકા સાયબર ક્રાઈમ પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે શંકાસ્પદ બેન્ક ટ્રાન્ઝેક્શનના મામલે ચાર આરોપીઓની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ પોતાના બેન્ક ખાતા અન્ય લોકોને ભાડે આપતા હતા, જેના મારફતે સાયબર ઠગાઈથી મેળવવામાં આવેલી રકમની હેરફેર કરવામાં આવતી હતી. પોલીસે આરોપીઓના બેન્ક ટ્રાન્ઝેક્શન, મોબાઈલ ફોન તેમજ અન્ય ડિજિટલ પુરાવા કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. દ્વારકા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી હતી કે, કોઈપણ વ્યક્તિએ પૈસાની લાલચમાં પોતાનું બેન્ક એકાઉન્ટ, એટીએમ કાર્ડ, ચેકબુક, પાસબુક અથવા ઓટીપી જેવી માહિતી કોઈને આપવી નહીં. આવા કૃત્યોમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. ■

# ગીરગઢડા નજીક દીપડો પિંજરે પુરાયો, જસાધાર એનિમલ કેર સેન્ટરમાં ખસેડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ઉના ગીર (પૂર્વ) વન વિભાગ હેઠળની જસાધાર રેન્જના નવાબંદર રાઉન્ડ વિસ્તારમાં આવેલા ગીરગઢડા રેવન્યુ ગામની એક વાડીમાં દીપડાના સતત રંજાડની ફરિયાદ મળતા વન વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

વાડી વિસ્તારમાં પિંજરું ગોઠવવામાં આવતાં દીપડો વહેલી સવારે સફળતાપૂર્વક પિંજરે પુરાયો હતો.

મળતી માહિતી મુજબ ગીરગઢડા ગામે હિંમતભાઈ મોહનભાઈ કાનાણીની વાડીમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર જોવા મળતી હતી. આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા અધિકારીઓ અને સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. દીપડાને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના સુરક્ષિત રીતે પકડવા માટે વાડી વિસ્તારમાં પિંજરું ગોઠવવામાં આવ્યું હતું. પરિણામે આજે વહેલી સવારે દીપડો પિંજરામાં પુરાઈ ગયો હતો. પકડાયેલા દીપડાને જરૂરી આરોગ્ય તપાસ અને નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું વન વિભાગે જણાવ્યું હતું. દીપડાની તબિયત અને તેની આગળની કાર્યવાહી અંગે વન વિભાગ દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. ■

# ઉનામાં ગેરકાયદે ગાંજાની ખેતીનો પર્દાફાશ, ચાર લાખથી વધુની કિંમતના ગાંજાના છોડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ઉના ગીર સોમનાથ જિલ્લામાં માદક પદાર્થોના ઉત્પાદન અને હેરફેર સામે એન્ટી નાર્કોટિક્સ ટાસ્કફોર્સ જુનાગઢ વિંગ, રાજકોટ ઝોન, સી.આઈ.ડી. ક્રાઇમે ઉના તાલુકાના ચાંચકવડ રોડ પર આવેલા જોડીયા હનુમાન મંદિર સામેના કમ્પાઉન્ડમાં દરોડો પાડ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે, આ કમ્પાઉન્ડમાં ગેરકાયદે ગાંજાનું વાવેતર કરવામાં આવે છે. ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં દરોડા દરમિયાન સ્થળ પરથી ૮ કિલો ૮૩૩ ગ્રામ વજનના ગાંજાના છોડ મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી બે મોબાઇલ ફોન પણ કબજે કર્યા હતા. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત અંદાજે ૪,૪૭,૧૫૦ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ કેસમાં ગંગાદાસજી અવધેસદાસજી (ઉંમર ૩૮ વર્ષ), રહેવાસી જોડીયા હનુમાન મંદિર, ઉના-ચાંચકવડની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી સામે વિવિધ કલમો હેઠળ ઉના પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી જિલ્લામાં ગેરકાયદેસર માદક પદાર્થોના ઉત્પાદન અને વેપારમાં સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

# જામનગરના કુખ્યાત બુટલેગર યશપાલસિંહ જાડેજા સામે પાસા હેઠળ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા જિલ્લા પોલીસ દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જામનગર જિલ્લા પોલીસ વડા અને ક્રાઇમ બ્રાન્ચની ટીમે પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા એક બુટલેગર વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, જામનગર પોલીસે આરોપી યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, રહે. ગાંધીનગર, જામનગર ( મહાદેવ મંદિર પાસે) સામે પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ નોંધાયેલા હોવાથી તેની સામે પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી પી.બી. પંડ્યા દ્વારા પાસા વોરંટ મંજૂર કરવામાં આવતા પોલીસે આરોપીને ઝડપી લઈને મધ્યસ્થ જેલ, લાજપોર (સુરત) ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર જિલ્લા પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ સામે આગળ પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવી ખાતરી આપવામાં આવી છે. ■

# સુરેન્દ્રનગર પોલીસના ગુનામાં ફરાર બે આરોપીને પેરોલ ફ્લો સ્કવોડે ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: સુરેન્દ્રનગર જિલ્લા પોલીસની પેરોલ ફ્લો સ્કવોડે ફરાર આરોપીઓ સામે શરૂ કરેલી વિશેષ ઝુંબેશ હેઠળ બે ગુનેગારોને ઝડપી પાડ્યા હતા. વઢવાણ પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા એક ગુનેગાર ચેતનભાઈ ચતુરભાઈ રાઠોડને કચ્છના ભચાઉ ખાતેથી જ્યારે સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશન ગુનાના ફરાર અસ્લમભાઈ અમિતભાઈ મુલતાનીની સુરેન્દ્ર નગરમાંથી જ ધરપકડ કરી હતી. મળતી વિગત મુજબ, સુરેન્દ્રનગર એલસીબી તથા પેરોલ ફ્લો સ્કવોડ દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સિસના આધારે આરોપીને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં વઢવાણ પોલીસ સ્ટેશનના ગુનામાં ફરાર આરોપી ચેતનભાઈ ચતુરભાઈ રાઠોડ, રહે. ગણપતિ ફાટસર, શિવદર્શનગર સોસાયટી, વઢવાણને ભચાઉ ખાતેથી ઝડપી કાયદેસરની કાર્યવાહી બાદ વઢવાણ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

તે જ રીતે અન્ય એક ફરાર અસ્લમભાઈ અમિતભાઈ મુલતાની, રહે. ફિરદોશ સોસાયટી, સુરેન્દ્રનગરને તેના રહેઠાણેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી બાદ સીટી 'એ' ડિવિઝન પોલીસને સોંપ્યો હતો. ■

# જામનગરમાં કૉંગ્રેસની સમીક્ષા બેઠક યોજાઈ, પક્ષના સંગઠનમાં મોટા ફેરફારોનો અમિત ચાવડાનો સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રભારી તથા રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તુષાર ચૌધરીની ઉપસ્થિતિમાં આજે જામનગર ખાતે સૌરાષ્ટ્ર ઝોનની સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી.

આ સમીક્ષામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા અમિત ચાવડાએ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષના સંગઠનમાં ફેરફારો અને નવી રણનીતિના સંકેતો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સંગઠનને વધુ મજબૂત બનાવવામાં આવશે, આગામી રાજકીય કાર્યક્રમોની તૈયારી, જનસંપર્ક અભિયાનને વેગ આપવા તેમજ કાર્યકરો સાથે વધુ સક્રિય રીતે જોડાવા સહિતના વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પ્રદેશના આગેવાનોએ કાર્યકરોને સંગઠનની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને જનહિતના પ્રશ્નોને પ્રાથમિકતા આપવા માર્ગદર્શન આપ્યું હતું. બેઠક દરમિયાન સંગઠનના વિસ્તરણ, આગામી રાજકીય કાર્યક્રમો અને જનઆંદોલનોને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ સૂચનો અને ચર્ચાઓ કરવામાં આવી હતી. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કાર્યકરોને સંગઠનને છેવાડાના કાર્યકર સુધી વધુ સશક્ત બનાવવાની સાથે લોકોના પ્રશ્નોને ઉઠાવવા માટે સતત મેદાનમાં સક્રિય રહેવા આહ્વાન કર્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નવમાં પાનાનું ચાલુ

## ભાજપના શાસનમાં

વ્યવસ્થાપનની ચિંતા કરવાનો ડોળ કરો.'

અવિભાજિત શિવસેનાએ બે દાયકાથી વધુ સમય સુધી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર શાસન કર્યું. હાલમાં ભાજપ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં ગઠબંધન ભાગીદાર શિવસેના સાથે મહાનગરપાલિકા પર શાસન કરે છે.

રામ મંદિરના દાનમાં કથિત ઉચાપતનો મામલો ૭ જૂને પ્રકાશમાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) દ્વારા પ્રાથમિક અહેવાલ બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. આ કેસમાં મંદિરના દાન અને ગણતરી પ્રક્રિયા સાથે સંકળાયેલા આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાનએ દાવો કર્યો હતો કે 'બીએમસીમાં અવિભાજિત શિવસેનાના કાર્યકાળ દરમિયાન બનાવેલી ફિક્સ્ડ ડિપોઝિટના કારણે મહાનગરપાલિકા કેન્દ્રની નાણાકીય સહાય પર આધાર રાખ્યા વિના મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ હાથ ધરવા સક્ષમ બની હતી. છેલ્લા બે દાયકામાં અમે બનાવેલી ફિક્સ્ડ ડિપોઝિટથી જ અમે કોસ્ટલ રોડ (દક્ષિણ તરફ), ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરી શક્યા હતા.એ પણ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર સામે ભીખ માગવાની કટોરી લઈને ઊભા રહ્યા વિના, જે જીએસટી દ્વારા તમામ રાજ્યોના ભંડોળને ગૂંગળાવી નાખે છે.' ■

## બે ડૉક્ટરોએ

મ્હાત્રે એક ડોક્ટરને થપ્પડ અને મુક્કા મારતા તેમજ તેમના માથા પર રજિસ્ટર પછાડતા જોવા મળે છે. તેઓ એક મહિલા ડોક્ટરના હાથ પર પણ પ્રહાર કરતા જોવા મળે છે. સોમવારે સાંજે કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં બનેલી આ ઘટનાને કારણે ભારે રોષ ફેલાયો છે.

સોમવારે સાંજે હોસ્પિટલમાં નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટમાં જ્ગ્યાના અભાવે બે પીડિતો મેડિકલ ઓફિસર ડો. વૈભવ સાળુંખે અને રેસિડેન્ટ મેડિકલ ઓફિસર ડો. સૃષ્ટિ બાવીસ્કરે નવજાત શિશુના સંબંધીઓને બાળકને બીજે ખસેડવાની સલાહ આપી હતી. આનાથી ગુસ્સે ભરાયેલા સંબંધીઓએ કોર્પોરેટરનો સંપર્ક કર્યો, જે તેમના સહાયકો સાથે પહોંચ્યા અને ડોક્ટરો પર હુમલો કર્યો. આ ઘટનામાં ડો. સાળુંખેને ઈજાઓ થઈ હતી. બુધવારે રાત્રે કોર્પોરેટરની, જ્યારે મંગળવારે તેમના ત્રણ સહાયકોની ધરપકડ કરવામાં આવી હતી. કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડિકલ હેલ્થ ઓફિસર ડો. દીપા શુક્લાએ જણાવ્યું હતું કે ડો. સાળુંખે અને ડો. બાવિસ્કરે રાજીનામું આપી દીધું છે. બંને ડોકટરો સાથે સીધો સંપર્ક થઇ શક્યો નથી. ડો.બાવિસ્કરના પરિવારજનોએ જણાવ્યું હતું કે તેઓ હોસ્પિટલમાં ડોક્ટરોની સુરક્ષાને લઈને ચિંતિત છે. ■

## ડૉક્ટરો કામ પર

પણ મારતા જોવા મળ્યા હતા. આ દરમિયાન, ડો. શિવકુમાર ઉત્તુરે, ડો. અનિલ પચનેકર અને ડો. સંતોષ કદમની બનેલી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રતિનિધિમંડળે કડક કાર્યવાહીની માંગ કરવા માટે મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક સદાનંદ દાતે સાથે મુલાકાત કરી હતી, જેના પર ડીજીપી એ કડક કાર્યવાહીની ખાતરી આપી હતી. ■

## પ્રાઈવેટ કોચિંગ

તાલીમ પણ મેળવવી જરૂરી રહેશે. પાટીલે વધુમાં જણાવ્યું હતું કે નવી મુંબઈ ખાતે પ્રસ્તાવિત એજ્યુસિટીમાં ૫૦ વૈશ્વિક સ્તરે ટોચની ક્રમાંકિત યુનિવર્સિટીઓ કેમ્પસ સ્થાપે તેવી અપેક્ષા છે. આ હેતુ માટે જમીન પૂરી પાડવામાં આવી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓને સંશોધન અને નવીનતા પર વધુ ભાર મૂકવાનો આગ્રહ કરતા, પાટીલે કહ્યું કે રાજ્ય સરકાર આવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રની જેમ નાણાકીય પ્રોત્સાહનો આપશે. શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેએ જણાવ્યું હતું કે વિધાનસભાના આગામી સત્રમાં પ્રાઈવેટ કોચિંગ ક્લાસિસનું નિયમન કરવા માટે એક ખરડો રજૂ કરવામાં આવશે. પ્રાઈવેટ સ્કૂલો દ્વારા વસૂલવામાં આવતી ફી પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. શાળાઓને સત્તાવાર માન્યતા આપવા માટે શહેરી વિસ્તારમાં લઘુતમ વિદ્યાર્થી સંખ્યા ૩૦ વિદ્યાર્થીઓ અને ગ્રામીણ વિસ્તારોમાં ૨૦ વિદ્યાર્થીઓ નક્કી કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

## ખડસે-તાવડેની

વડા જયંત પાટીલે તાજેતરમાં મુંબઈમાં એક બેઠક યોજી હોવાના અહેવાલોથી રાજકીય અટકળોને વેગ મળ્યો છે. પાટીલે બેઠકની પુષ્ટિ કરી, પરંતુ તેને અનૌપચારિક ગણાવી હતી.

અહેવાલો અનુસાર, મહારાષ્ટ્રમાં સત્તાધારી 'મહાયુતિ' ગઠબંધન સાથે શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી (એનસીપી) ના સંભવિત રાજકીય જોડાણ અંગેની અટકળો વચ્ચે તાવડે અને પાટીલ વચ્ચે આ બેઠક યોજાઈ હતી. જોકે, આવી કોઈ પણ બાબત અંગે બંને પક્ષો તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. ■

## એઆઇ પ્લેટફોર્મનું

રહેતા બૅન્કના નિવૃત્ત કર્મચારી રામચંદ્ર વળવી ફેસબુક પર સ્ક્રોલ કરતા હતા ત્યારે તેમની નજર એક વીડિયો પર પડી હતી, જેમાં એક મૂર્તિ બોલતી હોવાનું દેખાતું હતું. આ મૂર્તિ ક્વૉન્ટમ એઆઇ પ્લૅટફૉર્મ સંબંધી માહિતી આપતી હતી. ફરિયાદીને ૧૦૦ નસીબવંતામાં તમારો સમાવેશ હોવાથી તમારી પસંદગી આ પ્લૅટફૉર્મ માટે કરાઈ હોવાનું કહેવામાં આવ્યું હતું.

વીડિયો પર અમુક લોકો તેમને થયેલા નફાની વિગતો આપતા હતા. ૨૧ હજાર રૂપિયા રોક્યા પછી રોજના ૭૦થી ૯૦ હજાર રૂપિયાની આવક થતી હોવાનું કોઈ કહેતું હતું તો એકે બેથી ત્રણ મિલિયનના નફાની વાત કરી હતી. લાલચમાં આવી ફરિયાદીએ પણ વીડિયો નીચે આપેલું ગૂગલ ફૉર્મ ભર્યું હતું અને સાથે ૨૧ હજાર રૂપિયાનું રોકાણ કર્યું હતું.

શરૂઆતમાં ફરિયાદીને અમુક ડૉલરનો નફો દેખાડવામાં આવ્યો હતો અને એક વેબસાઈટ મારફત રકમ વિથડ્રોઅલ કરવાની છૂટ આપી હતી, જેને પગલે ફરિયાદીને વિશ્વાસ બેઠો હતો. પછી વિવિધ સ્કીમની લાલચ બતાવી ફરિયાદીને અલગ અલગ બૅન્ક ખાતાંમાં ૪૮.૫૩ લાખ રૂપિયા ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. પોતે છેતરાયા હોવાની જાણ થતાં ફરિયાદીએ ઘોલવડ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. સાયબર પોલીસમાં ફરજ બજાવતા સબ-ઈન્સ્પેક્ટર સમીર ભોસલેએ તાત્કાલિક કાર્યવાહી કરી હતી. જે બૅન્ક ખાતાઓમાં ફરિયાદીએ નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેના નોડલ ઑફિસરોનો સંપર્ક સાધી રૂપિયા ખાતાંમાં જ અટકાવી દીધા હતા. ૩૮.૨૧ લાખ રૂપિયા અટકાવી દેવામાં તેમને સફળતા મળી હતી. ■

## ડૉક્ટરોનું

ભાગ લીધો હતો. હોસ્પિટલના કાર્યમાં અથવા દર્દીની સંભાળમાં કોઈ વિક્ષેપ પાડ્યા વિના, શાંતિપૂર્ણ, શિસ્તબદ્ધ અને પ્રતીકાત્મક રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આઉટપેશન્ટ વિભાગો, કટોકટી સેવાઓ, ઇનપેશન્ટ કેર, ઓપરેશન થિયેટર અને ક્રિટિકલ કેર સેવાઓ સહિતની તમામ આવશ્યક સેવાઓ દિવસભર અવિરત ચાલુ રહી, જે તેમના દર્દીઓ અને વ્યાવસાયિક જવાબદારીઓ પ્રત્યે રેસિડેન્ટ ડોક્ટરોની અતૂટ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

આ સંદર્ભમાં, એમઆરડી ગુનેગારો સામે કડક અને ત્વરિત કાનૂની કાર્યવાહી, આરોગ્યસંભાળ સંસ્થાઓમાં સુરક્ષા વ્યવસ્થાની તાત્કાલિક સમીક્ષા અને મજબૂતીકરણ અને આરોગ્યસંભાળ કર્મચારીઓ સામેની હિંસા પ્રત્યે શૂન્ય-સહિષ્ણુતા નીતિના અસરકારક અમલીકરણ માટે હાકલ કરી હતી.

## થાણેમાં વરસાદી

અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે, અને પોલીસ તેની ઓળખ કરવા માટે કામ કરી રહી છે.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, મુશળધાર વરસાદને કારણે ઈમર્જન્સી ટીમોએ ૨૨૯ પરિવારોના ૭૯૭ લોકોને બચાવીને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા. ભારે વરસાદને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ ભારે નુકસાન થયું છે, સમગ્ર જિલ્લામાં ૧૩૬ ઘરો આંશિક અથવા સંપૂર્ણપણે ધરાશાયી થયા છે. આ ઉપરાંત, પાંચ ઝૂંપડીઓ, બે પોલ્ટ્રી ફાર્મ, એક કોમ્યુનિટી હોલ અને એક આંગણવાડી કેન્દ્રને પણ નુકસાન થયું હતું. ■

## વૈષ્ણવે

(લોકોમોટિવ) જોડવામાં આવ્યા છે.

કેટલાંક સ્થળોએ બાંધકામ સામગ્રીનું પરિવહન કરવું પડકારજનક છે. ટીમો જિલ્લા અધિકારીઓ અને વન વિભાગ સાથે સંકલન કરી રહી છે જેથી વહેલી તકે લાઇનો પુનઃસ્થાપિત કરી શકાય, વૈષ્ણવે જણાવ્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે,સેન્ટ્રલ રેલવે અને વેસ્ટર્ન રેલવેએ સાથે મળીને આ વિભાગ પર મંગળવારે રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે એક લાઇન કાર્યરત કરી હતી. ભૂસ્ખલનને કારણે સ્લિપ લાઇન અવરોધિત છે, અને તેને વહેલી તકે શરૂ કરવાના પ્રયાસો ચાલુ છે. ■

## મુંબઈમાં વરસાદનો

થયું છે ત્યારથી સતત વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદને પગલે જ છેલ્લા બે દિવસમાં મુંબઈને પાણી પૂરું પાડનારું વિહાર અને તુલસી તળાવ પણ છલકાઈ ગયા હતા. સતત વરસાદને પગલે કંટાળી ગયેલા મુંબઈગરાએ જોકે ગુરુવારે તડકો પડતા થોડી રાહત અનુભવી હતી.

મુંબઈમાં બુધવાર સવારના આઠ વાગ્યાથી ગુરુવાર સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૩.૦ મિ.મી. તો સાંતાક્રુઝમાં ૧.૨ મિ.મી. જેટલો મામૂલી વરસાદ નોંધાયો હતો. તો આ જ સમયગાળામાં દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૧૪.૨૧ મિ.મી., પૂર્વ ઉપનગરમાં ૩.૩૭ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૨૮.૮૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

ગુરુવારે વરસાદે વિરામ લીધો હતો અને દિવસના તડકો પણ નીકળ્યો હતો પણ છેલ્લા આઠ-નવ દિવસ દરમ્યાન મુશળધાર વરસાદ પડયો હતો. મુંબઈમાં મોસમનો સરેરાશ લગભગ ૬૧.૪૮ ટકા વરસાદ છેલ્લા દસેક દિવસમાં જ પડી ગયો છે. ■

## શિંદે-પવારની

પવારની તેમની અને શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે સાથેની મુલાકાતોને ''રાજકીય મુત્સદ્દીગીરી'' તરીકે બિરદાવવામાં આવી હતી.

રાઉતની ટીકા પર પ્રતિક્રિયા આપતા એનસીપી (એસપી)ના પ્રવક્તા અમોલ માતેલેએ કહ્યું કે સેના (યુબીટી)ના નેતાએ 'સત્તાના રાજકારણ'ને સમજવું જોઈએ, અને સાથે જ તેમણે એ જાણવાનો પ્રયાસ કર્યો કે પવાર-શિંદે મુલાકાતને લઈને તેઓ શા માટે નારાજ છે.

રાજકારણ લાગણીઓ પર નહીં પણ ગણિત પર ચાલે છે તેમ જણાવતા એનસીપી (એસપી) એ એમ પણ કહ્યું કે, જો પવાર અને શિંદે વચ્ચેની માત્ર એક મુલાકાત વિપક્ષી 'મહા વિકાસ આઘાડી' (એમવીએ) ગઠબંધનને અસ્થિર કરી શકતી હોય, તો તે દર્શાવે છે કે તેનો પાયો કેટલો નબળો છે. ■

## નિદા ખાન

ધર્માંતરના કેસ વિશે આદેશમાં એવું પણ જણાવાયું હતું કે આરોપીઓએ પીડિતાને 'હિન્દુ ધર્મમાં વાંધાજનક કથાઓ છે,' એવું મનાવવાનો પ્રયત્ન કર્યો હતો. ધરપકડના લગભગ બે મહિના પછી છઠ્ઠી જુલાઈએ નિદાના જામીન મંજૂર થયા હતા. જામીન આદેશની નકલ ગુરુવારે ઉપલબ્ધ થઈ છે, જેમાં જજે એ વાત પર ભાર મૂક્યો છે કે એફઆઈઆરમાં ખાનની ભૂમિકાનો સ્પષ્ટ ઉલ્લેખ કરાયો છે. નિદા પાંચ મહિનાની ગર્ભવતી છે, એવી તેના વકીલની દલીલને ધ્યાનમાં લઈ જજે જામીન મંજૂર કર્યા હતા.

કોર્ટે નોંધ્યું હતું કે ભગવાન કૃષ્ણની જેમ જેલમાં જન્મનો આઘાત અથવા તે સંબંધી સામાજિક આભડછેટ કોઈના માટે પણ સહ્ય નથી. આવી વિકટ પરિસ્થિતિ ટાળવા અને જન્મનારા બાળકને આવકારવા તેમ જ એકંદર કલ્યાણ માટે આરોપીની તરફેણમાં ન્યાયાલયીન વિવેકબુદ્ધિ અજમાવવી ન્યાયી અને યોગ્ય રહેશે. જજે જણાવ્યું હતું કે ગર્ભવતીને જેલમાં રાખવાથી કોઈ હેતુ સરશે નહીં, કારણ કે તપાસ પૂરી થઈ ગઈ છે અને આરોપનામું દાખલ થઈ ચૂક્યું છે.

નિદાના વકીલ રાહુલ કાસલીવાલે એવો પણ દાવો કર્યો હતો કે નિદા નિર્દોષ છે અને તેને ખોટી રીતે સંડોવવામાં આવી છે. તે ઉચ્ચ શિક્ષિત છે અને એપ્રિલ, ૨૦૨૬માં સેવામાંથી દૂર કરાઈ તે પહેલાં તે ટીસીએસમાં એસોસિયેટ તરીકે કામ કરતી હતી. કોર્ટે નિદાને ૭૫ હજારના પર્સનલ બોન્ડ અને તેટલી જ રકમની સોલ્વન્ટ શ્યોરિટી સાથે જામીન આપ્યા હતા. (પીટીઆઈ) ■

## અધિકારીઓ

સ્પર્શતી શાખાઓને ઝડપથી દૂર કરવી. અચાનક પૂરને પહોંચી વળવા માટે ઉચ્ચ-ક્ષમતાવાળા સક્શન પંપ, જનરેટર, જેસીબી અને ક્રેન નીચાણવાળા વિસ્તારોમાં તહેનાત રહેવા જોઈએ, એમ તેમાં જણાવાયું છે. જિલ્લા વહીવટીતંત્રે બાંધકામ સ્થળોએ તમામ વાણિજ્યિક હોર્ડિંગ્સ,એલઇડી સ્ક્રીન, સ્વાગત કમાનો અને સલામતી જાળીનું માળખાકીય નિરીક્ષણ કરવાનો પણ આદેશ આપ્યો છે. અધિકારીઓને કોઈપણ ગેરકાયદેસર અથવા માળખાકીય રીતે અસ્થિર બિલબોર્ડ તાત્કાલિક તોડી પાડવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. દરમિયાન, થાણે મહાનગરપાલિકાએ વધારાના અધિકારીઓની નિમણૂક કરી છે અને વૃક્ષ કાપણી સહિતની કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને કટોકટી માટે વધુ સુસંગત કામગીરી કરવા માટે વોર્ડ-સ્તરની વિશેષ ટીમોની રચના કરી છે, એમ એક પ્રકાશનમાં જણાવાયું છે. ■

## ઝૂંપડપટ્ટીઓનું

ઝૂંપડપટ્ટીઓ આવરી લેવામાં આવશે. પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે આવી ઝૂંપડપટ્ટીઓના પાત્ર રહેવાસીઓનું પુનર્વસન સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ), મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) અને અન્ય સરકારી હાઉસિંગ એજન્સીઓ દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓ દ્વારા કરવામાં આવશે.

સર્વેક્ષણની દેખરેખ રાખવા અને પુનર્વસનનું આયોજન તૈયાર કરવા માટે કોંકણ વિભાગીય કમિશનરની આગેવાની હેઠળ મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગરીય જિલ્લા કલેક્ટરોની સભ્ય તરીકે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

## શિંદેએ નગરસેવકને

સંચાલિત શાસ્ત્રીનગર હોસ્પિટલમાં બનેલી આ ઘટનાને કારણે તીવ્ર નારાજગી અને રોષ ફેલાયો છે. વાઇરલ થયેલા એક વીડિયોમાં મ્હાત્રે એક ડોક્ટરને થપ્પડ અને મુક્કો મારતા અને તેમના માથા પર રજિસ્ટર મારતા જોવા મળ્યા હતા. એક મહિલા ડોક્ટરને હાથ પર પણ મારતા જોવા મળી રહ્યા છે.

શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના સાથે જોડાયેલા સામંતે વિધાન ભવન પરિસરમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે અમારા પક્ષનું વલણ સ્પષ્ટ છે. મહિલા ડોક્ટર પર હાથ ઉપાડવો અયોગ્ય છે. શિવસેનાના ઘણા લોકોએ તેમજ રાજ્યના આરોગ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું છે કે આ મારપીટ અયોગ્ય હતી. નાયબ મુખ્ય પ્રધાને નગરસેવકને બરાબર ખખડાવી નાખ્યો છે. આ મામલે કોઈ રાજકીય હસ્તક્ષેપ નહોતો, જેનો અર્થ એ થયો કે તેમના કૃત્યને અમારું સમર્થન નથી. વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં શિવસેના (યુબીટી)ના વિધાન સભ્ય આદિત્ય ઠાકરેએ મ્હાત્રે સામે કડક કાર્યવાહીની માગ કરી કહ્યું હતું કે તેમને નગરસેવક પદ સહિત તમામ પક્ષ અને જાહેર હોદ્દાઓથી વંચિત રાખવા જોઈએ. સત્તામાં હતા ત્યારે અમે (સંયુક્ત શિવસેનાના વિધાન સભ્ય) સંજય રાઠોડને રાજ્ય પ્રધાન પદેથી દૂર કર્યા હતા. મ્હાત્રેનો વીડિયો બહાર આવ્યો છે. તેમણે ખૂબ જ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો છે અને તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી થવી જોઈએ. જોકે, વિપક્ષ તેમજ કલ્યાણના સંસદ સભ્ય શ્રીકાંત શિંદે સહિત તેમના પોતાના પક્ષના નેતાઓએ મહિલા ડોક્ટરની કથિત મારપીટની નિંદા કરી હતી. થાણેના સંસદ સભ્ય નરેશ મ્હસ્કેએ બુધવારે જણાવ્યું હતું કે શિવસેનાના નેતૃત્વએ આરોપી નગરસેવકને કારણ બતાવો નોટિસ ફટકારી છે. કથિત હુમલાના સંબંધમાં મ્હાત્રે ઉપરાંત તેમના ત્રણ સાથીઓની પણ ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

## જૈન મરણ

**કપડવંજ વિશાનીમા જૈન**

કંચનબેન મુકુંદલાલ ગાંધી (ઉં. વ. ૯૮) તે શંકરલાલ મગનલાલ દોશીના સુપુત્રી. મુકુંદલાલ મણીલાલ ગાંધીના ધર્મપત્ની. નલીન વિજય જયેશ હીના કવિતાના માતુશ્રી. શિલ્પા અંજુ પંકજ ભાવના રશ્મીના સાસુ. રમીલા વિપીન દિલીપ નલીના પ્રફુલના કાકી. તા. ૭-૭-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૧૨-૭-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. પાટીદાર સમાજ હોલ ફ્રેચ બ્રીજ.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ ગોરેગાંવ અ. સૌ. કોકીલાબેન (ઉં. વ.૮૮) તે ડો. હસમુખભાઈ રમણીકભાઈ શાહના ધર્મપત્ની. બૈજુ અને ડો. આશીતના માતુશ્રી. ફાલ્ગુની અને ડો. અંજનાના સાસુ. મિહીર-પૂજા, વૃષિકા-રિષીભાઈ, ડો. ધ્રુવ, ડો. દિશીતાના દાદી/દાદીસાસુ. પિયર પક્ષે સ્વ. સમજુબેન ઉમંગીલાલ પારેખના પુત્રી ૮-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૧૧-૭-૨૬ના ૪ થી ૬. સ્થળઃ BAPS સંસ્થા, ૪થે માળે, દત્ત મંદીર રોડ, શારદા સ્કૂલની બાજુમાં, સી.ઓ.ડી. મિલીટ્રી ડેપો નજીક, મલાડ (ઈ.).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડીના રાજીવ વસંતલાલ દેઢિયા (ઉં.વ. ૫૩) તા. ૮-૭-૨૬ના અવસાન પામેલ છે. હેમલતાબેન વસંતલાલ ચાંપશીના પુત્ર. જ્યોતીના પતિ. અપૂર્વના પિતા. રિતેશ, ભાવનાના ભાઈ. મંજુલાબેન કલ્યાણજી ગડાના જમાઈ. દેહદાન કરેલ છે. પ્રાઃ શ્રી વ. સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. રાજીવ દેઢિયા : બી/૩૦૫, ટ્રફાલગર સ્કવેર, લોઢા સ્ટર્લિંગ, કોલશેત, થાણા-વે.-૪૦૦૬૦૭.

રતાડિયા ગણેશવાલાના યોગેશ ગાંગજી રાંભિયા (ઉં.વ. ૬૩) તા. ૭-૭ના અરિહંત શરણ પામેલ છે. હેમકુંવરબેન ગાંગજીના પુત્ર. ભારતીના પતિ. ધ્રુવના પિતા. અશ્વિન, રાજીવ, પ્રવિણાના ભાઈ. તરસઈ તારાબેન કેશવલાલ ઘઘડાના જમાઈ. પ્રા. ગોપાલજી હેમરાજ હાઇસ્કૂલ (જી. એચ. સ્કૂલ) ઓફ એમ. જી. રોડ, બોરીવલી (ઇ). ટા. ૪.૩૦ થી ૬. શ્રદ્ધાંજલિ સભા : ૬ થી ૬.૩૦. નિ. અશ્વિન રાંભિયા- ૬૦૨, સાગર દીપ દર્શન, એસ.વી. રોડ, બોરીવલી (વે.).

પુનડીના મંજુલાબેન વલ્લભ હીરજી છેડા (ઉં.વ. ૭૩) તા. ૬-૭-૨૬ના કચ્છ મધે અવસાન પામ્યા છે. વેલબાઈ હીરજી રાયશીના પુત્રવધૂ. વલ્લભના ધર્મપત્ની. જસ્મીન, જ્યોતિ, ભાવિકના માતુશ્રી. રામાણીયાના મણીબેન નેણશી શામજીના સુપુત્રી. ચુનડીના શીલા શાંતિલાલ, વશનજી, ધનજી, મનુ, મહેશ, રાજુના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભાવિક વલ્લભ છેડા : ઈ/૨૦૬, મહાવીર સોસાયટી, એન. એમ. જોશી માર્ગ, ભાયખલા, મુંબઈ-૪૦૦૦૨૭.

ભુજપુરના હરખચંદ વાલજી ભાણજી ગોગરી (ઉં.વ. ૭૭) તા. ૮-૭-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન વાલજી ગોગરીના પુત્ર. કસ્તુરબેનના પતિ. રૂપલ, પાયલના પિતા. જયંતિલાલ, શાંતિલાલ, અરવિંદ, રાયણના મંજુલાબેન જયંત કુરીયા, દેશલપુરના મીનલ મહેન્દ્ર સાવલાના ભાઈ. બિદડાના દેવકાબેન જેઠાલાલ વજપારના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરખચંદ ગોગરી ૨૩૧/૯૦૨૦, કન્નમવાર નગર-૧, વિક્રોલી (ઈ).

નાના આસંબીયાના દમયંતીબેન હીરજી દેઢિયા (ઉં.વ. ૮૭) તા. ૭-૭-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન મુરજી વિજપારના પુત્રવધૂ. રામાણીયાના પાનબાઈ મેઘજી માડણ રાંભીયાના પુત્રી. હીરજીના ધર્મપત્ની. છગન, રવિન્દ્રના માતા. ચુનડીના સોનબાઈ દેવરાજ, પુનડીના મોંઘીબેન ભાણજી, મોટા આસંબીયાના લતાબેન મણીલાલ, સ્વ. શાંતિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : રવિન્દ્ર દેઢિયા, ૩/૩૦ સુશીલ એપાર્ટમેન્ટ, શ્રી જોગેશ્વરી અચલગચ્છ જૈન ભવનની બાજુમાં, જોગેશ્વરી (ઈ).

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

દુધાળા નિવાસી હાલ અંધેરી, નીલાબેન (ચંદ્રિકાબેન) કાબાણી (ઉં.વ. ૮૨) તે સ્વ. મનહરલાલ ત્રંબકલાલ કાબાણીના ધર્મપત્ની. અ.સૌ. સોનલ, સંજીવ, સ્વ. રાજીવના માતાશ્રી. ભદ્રેશ નવીનભાઇ શાહ, અ.સૌ. ડિમ્પલ ભીખાલાલ શાહના સાસુ. સ્નેહ, ચી. જીયાના દાદી-નાની, સ્વ. રમણીકલાલ, સ્વ. બાબુભાઇ, સ્વ. અનંતરાય, પ્રફુલભાઇ તથા હંસાબેન હસમુખરાય મોદીના ભાભી. સ્વ. કાંતાબેન નાનાલાલ પોપટાણીના સુપુત્રી. તા. ૯/૭/૨૬ના અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી હાલ મલાડ, સ્વ. રમીલાબેન પ્રાણજીવન દોશીના પુત્ર રાજેન્દ્રભાઇ (ઉં.વ. ૬૩) તે ૭/૭/૨૬ના અવસાન પામેલ છે. તે હર્ષાબેનના પતિ. મનાલી આકાશ, મિતાલી મિતુલ, શિવાની રાજના પિતા. ઉમેશભાઈ, અજયભાઇ, વિપુલભાઈ તથા પ્રિતી દિપકકુમાર મહેતાના ભાઈ. સાસરાપક્ષે અમૂલખભાઈ મૂળચંદભાઈ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૧, પ્રિતી એપાર્ટમેન્ટ, ગણપતિ મંદિર સામે, ખાંડવાલા લેન, મલાડ ઈસ્ટ.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

અમરાપુર નિવાસી હાલ મુંબઈ, હર્ષદરાય ગંભીરદાસ હરજીવનદાસ વોરા (ઉં.વ. ૭૬) તે હર્ષદાબેનના પતિ. અજિત તથા દર્શિતના પિતા. અંજલિના સસરા. યશવંતભાઈ, સ્વ. અશ્વિનભાઇ, સ્વ. મનોજભાઈ, સ્વ. કિરણબેન, સ્વ. જયોતિબેનના ભાઈ. સ્વ. પ્રેમચંદ જગજીવન ગાંધીના જમાઈ. ૭/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

શ્રી હિંમતલાલ પ્રભુદાસ ભૂતા,મૂળ નિવાસી બરવાળા ગેલાશા, હાલ કાંદિવલી (વેસ્ટ)મુંબઈ, તે રંજનબેનના પતિ. મેહુલ અને મિહિરના પિતા. સ્વ. પ્રતાપભાઈ તથા જીતેન્દ્રભાઈના ભાઈ. સ્વ. વિજયાબેન, સ્વ.ક્રિષ્નાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. શાંતાબેન, હંસાબેન અને હીરાબેનના ભાઈ. રેખા અને માધવીના સસરા. સ્વ. રતિલાલ છગનલાલ સંઘવી (અમરેલી)ના જમાઈ. ઈલાબેન, નયનાબેન અને ભરતભાઈના બનેવી. નિર્વિષા હાર્દિક, નિરીહા પૂજક અને અક્ષતના દાદા તથા સમસ્ત ભૂતા પરિવારના વડીલનું ગઈકાલે અવસાન થયેલ છે. સ્વર્ગસ્થની પ્રાર્થનાસભા શનિવારે, તા. ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ બાલાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર નજીક, કાંદિવલી ( વેસ્ટ) ખાતે રાખેલ છે.

દિનેશચંદ્ર અમૃતલાલ દવે તા. ૭/૭/૨૬ના અક્ષરધામ પધાર્યા છે. શુક્રવાર, તા. ૧૦/૭/૨૬ સમય ૫:૦૦ થી ૬:૩૦. સ્થળઃ મેયર હોલ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, સી.ડી. બરફીવાળા રોડ, જુહુ લેન, અંધેરી (પશ્ચિમ), ધર્મપત્નીઃ આશાબેન દવે, પુત્રીઃ દીપ્તિ દવે, પુત્રઃ શ્યામ દવે, પુત્રવધૂઃ ભૂમિ દવે, પૌત્રીઓઃ રિયા દુઆ, હિમાંશી અરોરા અને નિષ્ઠા દવે.

મેડાઆદરજ નિવાસી હાલ ગોરેગામ, પીયુષભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉં.વ. ૬૩) તે પ્રિતીબેનના પતિ તથા શારદાબેનના મોટાદીકરા. રુત, સ્મીત, દેવાંશીના પિતાશ્રી, નીલેશના મોટાભાઈ. શ્રેયાબેનના જેઠ. દિશા અને ડીમ્પલના સસરા. સ્વ. અનિલભાઈ દામોદરદાસ પટેલ (કડી)ના જમાઈ. તા. ૮-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા બંને પક્ષ તરફથી તા. ૧૦-૭-૨૬ને શુક્રવાર રોજ ૪ થી ૬. જવાહરનગર હોલ પ્લોટ નં. ૨૭, જવાહરનગર, ગોરેગામ પશ્ચિમ.

**હાલાઇ ભાટિયા**

મોના (સંયુબેન) મુકુંદ નેગાંધી (ઉં. વ. ૭૨) તે સ્વ. ગુણવંતી ગોકુલદાસ નેગાંધીના પુત્રવધુ (જામનગરવાળા) તે સંજયના માતુશ્રી. ચેતના ચંદ્રકાન્ત (ચંદુભાઇ)ના દેરાણી. તે સ્વ. શાંતિભાઇ દેવીદાસ હીરજી આશરના પુત્રી (જામખંભાલીયાવાળા) ઉદયભાઇ આશરના બેન. વિશાલ અને ચૈતાલીના કાકી તા. ૮-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ સ્વ. કાલીદાસ ઠાકરસી જુઠાણીના સુપુત્ર નવીનચંદ્ર જુઠાણી (ઉં. વ. ૮૩) તા. ૮-૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે કિષ્ણાબહેનના પતિ. તે સ્વ. ઇંદિરા જગમોહન શાહ, સ્વ. ભૂપેન્દ્ર, સ્વ. અશ્વિન અને સ્વ. નિરંજના ચંદ્રવદન શાહના ભાઇ. કૌશલ તથા અનિલના પિતાશ્રી. તે કવિતા તથા રાજલના સસરા. મિતાલી, ખુશી, ધ્રિતી અને વેદાંતના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વાયોર હાલ મુલુંડ ગં.સ્વ. સરસ્વતીબેન ગોવર્ધનદાસ દાવડા (ઉં.વ. ૯૩) તા. ૮-૭-૨૬ બુધવારના રામશરણ પામેલ છે. તે સ્વ. પદમાબેન કરસનદાસ દાવડા તથા સુંદરબેન લક્ષ્મીદાસના પુત્રવધુ. સ્વ. ઝવેરબન મોહનલાલ ચોથાણી (ગઢશીશા)ના સુપુત્રી. અ. સૌ. જાગૃતિબેન શૈલેષ અ. સૌ. સ્મિતાબેન સંજયના સાસુ. નીતિનના માતુશ્રી અ. સૌ. હેતવી પ્રસાદના દાદીસાસુ તથા પૂજાના દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦-૭-૨૬ના શુક્રવારે કાલિદાસ ઓડિટોરિયમ, પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મહાલક્ષ્મી મંગલદાસ માણેક (ઉં. વ. ૮૬) ગામ - રોહા કોટડા, હાલ મીરારોડ શિવજી ભાણજી આઇયાના પુત્રી. સુરેશકુમારના માતાજી. સંગીતાબેનના સાસુજી. પ્રિયંકા વિશાલ માણેક, યામિની મનોજ ઠક્કર, અર્ચના સંજય સચદે, હિતાંશના દાદી. સ્વ. ગીરધરલાલ નાનજી મંડલવિઝાણના વેવાણ બુધવાર, તા. ૮-૭-૨૬ના રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ. અમૃતલાલ (બાબુભાઈ) રાઘવજી કોટક કચ્છ ગામ વડઝર વાણના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૮૪) ૮-૭-૨૬, બુધવારના રામશરણ પામ્યા છે. સ્વ. જાદવજી ધારશી બારુની પુત્રી. સ્વ. રાઘવજી નારાણજી કોટકની પુત્રવધૂ. ભાવેશ, રેખાના માતોશ્રી. કલ્પના તથા પરેશ મોહનલાલ પૂંજાણીના સાસુ. નિકીતા તેજસ કેસરીયા, જીતના દાદીમા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૩, રામચંદ્ર નિવાસ બિલ્ડીંગ, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ).

**જંબુસર વિશા લાડ વણિક**

નરેન્દ્રલાલ (બચુભાઈ) નાનાલાલ શાહ (ઉં. વ. ૮૭) મૂળ જંબુસર હાલ સાંતાક્રુઝ ૮-૭-૨૬ના બુધવારે શ્રીજીચરણ પામ્યા છે. દેવીલાના પતિ. રાજન અને હેમલના પિતા. સેજલના સસરા અને જયના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**માધવપુર ગિરીનારા બ્રાહ્મણ**

અ.સૌ. ભાનુમતિ રમેશચંદ્ર જોશી (ઉં.વ. ૭૭) તે રમેશચંદ્ર વેણીશંકર જોશીના ધર્મપત્ની. જીજ્ઞા, નિશા, ચિરાગના માતુશ્રી. ગોરધનદાસ વાલજીભાઇ જોશીના દીકરી. કિરણ હિતેશ વડોદરિયાના બહેન. ૮/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

બગસરા નિવાસી હાલ બોરીવલી, લીલાવતિબેન (ઉં.વ. ૯૫) ૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. શાંતિલાલ માધવજી ધામેચાના ધર્મપત્ની. સ્વ. નારાયણદાસ ભાણજી ધનેશાના દીકરી. ભરત, ઉદય, શશી, ઉષા, સંગીતાના માતુશ્રી. કુસુમ, પ્રિતી, સ્વ. સતીશકુમાર દેવાણી, સ્વ. મહેન્દ્રકુમાર ઠક્કર, રાકેશકુમાર હિંડોચાના સાસુ. નિકિતા, ભાવિક, ટ્વિંકલ, મિહિરના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૦/૭/૨૬ના રોજ ૩.૩૦ થી ૫.૩૦. પાવનધામ, મહાવીર નગર, બીસીસીઆઈ ગ્રાઉન્ડ સામે, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

ઈલેશ રણધીર ભાટિયા ઉર્ફ ઇલુ (ઉં.વ. ૫૬) તે સ્વ. રોશની રણધીર કેશવજી ભાટિયાના સુપુત્ર. સ્વ. મણિબેન માવજી રામદાસ પલીચા (કાલીકટ વાળા)ના દોહિત્ર. સૌ. રીટા અતુલ રામૈયા, ડિમ્પલ અને અ. સૌ. સિમ્પલ (સામ્યા) પ્રદીપ શીંદેના ભાઈ. રીયા, રિષી અને સાહિરના મામા. બોરીવલી યોગીનગરના નિવાસી તા. ૭-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિશા દિશાવાળ વણિક**

બાલીસણા નિવાસી, હાલ કાંદિવલી, ગં.સ્વ. ઇન્દિરાબેન બાલકૃષ્ણ શાહ (ઉં.વ. ૮૫) તા. ૮-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નિમેષ, નિલમ તથા દિવ્યાના માતુશ્રી. ગીતાબેન, દિલીપકુમાર, જનાર્દન ખેડેકરના સાસુ. હિરલ, દક્ષાલી અને ઋષાંગના દાદી. કૃતિકા, ધારા, કક્ષા, હર્ષલ, ભૌમિકના નાની. પ્રાર્થનાસભા તારીખ ૧૦ જુલાઈ, શુક્રવારના ૫ થી ૭. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હૉલ, પાંચમાં માળે, એસ. વી. રોડ, પારેખ ગલી કોર્નર, કાંદિવલી (પશ્ચિમ). લૌકિક વ્યવહાર બંધ છે. પિયરપક્ષે સ્વ. બાબુલાલ લલ્લુભાઈ શાહ તરફથી પણ પ્રાર્થનાસભા એજ સમયે, એ જ સ્થળે રાખવામાં આવી છે.

**હાલાઇ ભાટિયા**

ગં.સ્વ. જયાબેન ગોકલદાસ (વેલા કુરજી વાળા) (ઉં.વ. ૯૨) તે સ્વ. ભ્રજકુવરબેન ભગવાનદાસ મુલજી તથા સ્વ. પ્રેમજી ગોકલદાસ પાલીજા (નાશિક)ના પુત્રી. પૃથ્વીરાજ, સૌ. મીના તથા સ્વ. હર્ષાના માતૃશ્રી. સૌ. હેમલ, હરેશ તથા હિતેષ આશરના સાસુ. સોહિલ ભક્તિ, માનસી, દેવાંશી કુનાલ દેસાઈ તથા હિમાંશુના દાદી નાની. સમર્થ, અથર્વ, આધ્યાના મોટાદાદી ગુરુવાર, તા. ૯-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

વિલૂ હોશંગ સંજાણા (ઉં. વ. ૮૫) તા. ૮-૭-૨૬ના ગુજરી ગયા છે. મરહુમ હોશંગના પત્ની. મરહુમ દારાબશા અને ધનમાય ખરસના દીકરી. પરવેઝના માતુશ્રી. મરહુમ સિલૂના બહેન. ઉઠમણું : તા. ૧૦-૭-૨૬ના ૩.૪૫ વાગે. ઠે. ફ્લેટ નં. ૩૫૦૫, ૩૫માં માળે, ટાવર ટી-૩, ક્રેસન્ટ બે, જેરબાઇ વાડિયા રોડ, પરેલ, મુંબઇ-૧૨.

આલુ નવરોજી દસ્તુર તે મરહુમો ધન તથા નવરોજીના દીકરી. તે મરહુમ જરૂના બહેન. તે કૈનાઝ પટેલ તથા ફરામ મેધોરાના માસી. તે જેહાન, રયાન, ઇયાનાહ, મોરાયાના મોટા માસીજી. મરહુમ સામ વજીફદાર ના ભાણજી. (ઉં. વ. ૭૪) રે. ઠે. આર-૨, ખુશરુ બાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૭-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી પર.

માહારૂખ રુસી દેબુ તે મરહુમ રુસીના ધનીયાની. તે મરહુમો દોલી શાવક મોતાફરામના દીકરી. તે બીનાઇફરના માતાજી. તે ફહીમના સાસુજી. તે ઝએદના મમઇજી. (ઉં.વ. ૭૫) રે. ઠે. ૧૨-એ, રતન આબાદ, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૭-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે સુનઇજી અગિયારીમાં છે.

## કાટમાળમાંથી

છે, જ્યારે ગુરુવારે સવારે કાટમાળમાંથી એક મૃતદેહ બહાર કાઢ્યો હતો. હજુ પણ ૭ થી ૮ લોકો ફસાયા હોવાની આશંકા છે. કાટમાળ વધુ ધસી ન પડે તે માટે મશીનોને બદલે હાથથી જ બચાવ કામગીરી કરવામાં આવી રહી છે. પિંપરી સ્થિત યશવંતરાવ ચૌહાણ મેમોરિયલ હોસ્પિટલના ડીન રાજેન્દ્ર વાબલેએ જણાવ્યું હતું કે અકસ્માત સ્થળેથી ભાવેશ વાની તરીકે ઓળખાતા એક વ્યક્તિને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જોકે, બાદમાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ■

## ઝાડ પડવાથી

સેક્ટર ૧૧માં સ્લેબ પડવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. જુલાઈના પહેલા અઠવાડિયામાં ભારે વરસાદના વર્તમાન સમયગાળામાં શહેરમાં લગભગ ૬૦૦ વૃક્ષો અને ડાળીઓ પડવાની ઘટનાઓ બની છે. ■

## ઉજની ડેમનું

વર્ષની સરખામણીમાં આ દિવસે ડેમનું જળસ્તર ૪૯૬,૩૯૦ મીટર જેટલું હતું. તે સમયે કુલ પાણી સંગ્રહ ૧૧૨.૧૧ ટીએમસી અને હાજર જળ સંગ્રહ ૪૮.૪૫ ટીએમસી નોંધાયો હતો. ડેમના પાણી સંગ્રહ વિસ્તારમાં હાલમાં ચાર મિમી વરસાદ પડ્યો હતો, જે આ વર્ષનો અત્યાર સુધીમાં કુલ ૮૮ મિમી વરસાદ નોંધાયો હતો.દોંડ નદી માપણી કેન્દ્ર પર ભીમા નદીનું જળસ્તર ૫૦૩.૩૭૦ મીટર નોધાયું છે અને ત્યાં ૧,૩૧,૨૬૨ ક્યૂસેક પાણી ઉજની ડેમ તરફ આગળ વધી રહ્યું છે. હાલમાં આ ડેમ પર કોઈ પણ માધ્યમ દ્વારા પાણી છોડવામાં આવી રહ્યું નથી. સ્પિલ-વે, પાવર હાઉસ, નદી સલુઈસ, મુખ્ય નહેર, ટનલ, સીના-માઢા લિફ્ટ સિંચાઈ યોજના અને દહીગાવ લિફ્ટ સિંચાઈ યોજના એમ બધી જગ્યાથી પાણીનો નિકાલ શૂન્ય છે.

## કવડાસ ડેમ ઓવરફ્લો

મહારાષ્ટ્ર રાજ્યના પાલઘરમાં છેલ્લા કેટલાય દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદના લીધે જિલ્લાના ડેમના પાણીનું જળસ્તર વધી ગયું હતું. ધામની ડેમ પોતાની ક્ષમતાથી ૫૩ ટકા સુધી ભરાયું હતું, જ્યારે કવડાસ ડેમ ઓવરફ્લો થઈ રહ્યો હતો અને લગભગ ૫૦,૦૦૦ ક્યૂસેક પાણી સૂર્યા નદીમાં છોડવામાં આવ્યું હતું. સતારા જિલ્લામાં ભારે વરસાદના લીધે મહારાષ્ટ્રની 'લાઈફલાઈન' કહેવાતા કોયના ડેમમાં પાણીનો સ્ટોરેજ ૩૫.૭૧ ટીએમસી સુધી પહોંચી ગયો હતો, જેથી ડેમ હવે પોતાની કુલ ક્ષમતાના ૩૩.૯૩ ટકા ભરાયો હતો. જિલ્લા કલેક્ટર સંતોષ પાટીલના જણાવ્યા અનુસાર ડેમમાં પાણી ૯૩,૦૦૦ ક્યૂસેકની ઝડપથી આગળ વધી રહ્યું છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


મધ્ય ગુજરાત આવૃત્તિ
■ શુક્રવાર ■ તા. ૧૦-૭-૨૦૨૬
મુંબઈ સમાચાર મેટિની



કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# સેન્સરનો સાણસો...

# ફિલ્મમેકરને પડે ફડકો



'સતલુજ'માં દિલજિત દોસાંઝ અને અર્જુન રામપાલ

**ચિત્રપટ દર્શકો માટે રજૂ કરતાં પહેલાં સેન્સર બોર્ડનું સર્ટિફિકેટ લેવું અનિવાર્ય છે, પણ એ મેળવતાં પહેલાં ક્યારેક પરસેવો વળી જાય છે**

વાત વીસમી સદીની છે. પરણીને આવેલી નવી વહુનું સાસુમા બારીકાઈથી નિરીક્ષણ કરતાં. એની ખૂબીઓ વિશે મનમાં ને મનમાં રાજી થતાં, પણ એમનું કામ નવોઢામાં રહેલી ખામીઓ બિલોરી કાચથી શોધી કાઢવાનું રહેતું. સાસરિયાના ઉંબરે પગ મૂકતી વહુને સૌથી મોટો ફડકો નવી જવાબદારીઓનો નહીં, પણ સાસુ શું ભૂલ શોધી કાઢશે એનો રહેતો. એકવીસમી સદીની સાસુ વહુની ખોડ કાઢવાની હિંમત નથી કરતાં અને જો ભૂલ શોધી કાઢે તો વહુ એને ગણકારતી નથી.

જોકે ૧૯૫૨માં 'સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સેન્સર્સ' તરીકે સ્થપાયેલી અને ૧૯૮૯થી 'સેન્ટ્રલ બોર્ડ ઑફ સર્ટિફિકેશન' (સીબીએફસી) તરીકે ઓળખાતી વૈધાનિક સંસ્થા દરેક નવી ફિલ્મમાં ખોડ શોધી કાઢતી સાસુનું કામ આજે પણ કરતી હોવાથી ફિલ્મમેકરના દિલ-દિમાગમાં ફડકો પેદા કરે છે. સેન્સરના સાણસામાં ભેરવાઈ જવાની આશંકા-ભય સતાવતા હોય છે. સેન્સર સાસુની આંખ ક્યાં લાલ થશે અને 'આ નહીં ચાલે'નો આદેશ શેના માટે છૂટશે એનો ક્યાસ કાઢવો આસાન નથી.

અહીં વાત છે માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરાના જીવન અને કવન પર આધારિત 'સતલુજ' ફિલ્મની. પંજાબના વિપરીત સમયકાળમાં જસવંત સિંહની ન્યાય માટેની લડાઈ ફિલ્મનું કથાબીજ છે. ફિલ્મમાં દિલજિત દોસાંઝ પ્રમુખ ભૂમિકામાં છે અને અર્જુન રામપાલ, કંવલજીત સિંહ, ગીતિકા વિદ્યા ઓહલ્યન સહ કલાકારો છે. અગાઉ આ ફિલ્મનું નામ 'પંજાબ ૯૫' હતું, જે સેન્સર બોર્ડના આદેશથી બદલીને 'સતલુજ' કરવામાં આવ્યું હતું. જોકે જાણવા જેવી વાત એ છે કે ફિલ્મનું શૂટિંગ શરૂ થયું ત્યારે એનું નામ 'ઘલ્લુઘારા' રાખવામાં આવ્યું હતું. ૧૯૯૦ના દશકમાં પંજાબ પોલીસના અત્યાચારમાં મોટી સંખ્યામાં શીખ લોકોની હત્યા કરવામાં આવી હતી અને એના અંતિમસંસ્કાર ગુપ્ત રીતે કરવામાં આવ્યા હતા જેથી જનતાને એની જાણ ન થાય. જસવંત સિંહ ખાલરાએ એનો પર્દાફાશ કરતાં એમની હત્યા કરવામાં આવી હતી. અત્યંત સંવેદનશીલ કથા ધરાવતી ફિલ્મના કેટલાક હિસ્સામાં જાતીયવાદને ઉત્તેજન આપતાં ઉશ્કેરણીજનક સંવાદથી હિંસા ફેલાઈ શકે છે, એકંદરે આ ફિલ્મ દેશની અખંડતા સામે પ્રશ્ન ઊભા કરે છે અને કેટલાક દેશ સાથેના સંબંધો પર એની અવળી અસર પડી શકે છે એવું સેન્સર બોર્ડનું તારણ હતું. એટલે કેટલાક સંવાદ દૂર કરવાનો, ૨૧ કટ કરવાનો અને એનું ટાઇટલ બદલવાનો આદેશ આપવામાં આવ્યો. ફિલ્મના નિર્માતાએ આ આદેશ વિરુદ્ધ અદાલતમાં અરજી દાખલ કરી. સુનાવણી દરમિયાન સેન્સર બોર્ડએ જણાવ્યું કે બહુ જલદી નિર્ણય જાહેર થશે. નિર્ણય આવ્યો એમાં ફરી ફિલ્મનું નામ બદલવાનું કહેવામાં આવ્યું અને બીજા સંખ્યાબંધ (૧૨૭) કટ કરવા જણાવવામાં આવ્યું. જોકે, સેન્સરની માગણીઓનો અસ્વીકાર કરી નિર્માતાએ ફરી અદાલતમાં અપીલ કરી. ચારેક વર્ષથી ચાલી રહેલી લડતથી કંટાળી એક પણ કટ વિના, બધું કન્ટેન્ટ એમનું એમ રાખી અને નવું ટાઇટલ 'સતલુજ' રાખી ફિલ્મ થિયેટરને બદલે કોઈ પણ પ્રકારના પ્રમોશન વિના ચુપચાપ ઓટીટી પ્લૅટફૉર્મ પર રિલીઝ કરી દીધી....

બે દિવસ દરમિયાન અસંખ્ય લોકોએ આ ફિલ્મ જોઈ લીધી. અચાનક સેન્સર બોર્ડનું ધ્યાન પડતાં ઓટીટી પ્લૅટફૉર્મ પરથી ફિલ્મ હટાવી દેવી પડી છે. ભારતમાં સેન્સર બોર્ડના સર્ટિફિકેટ વિના ફિલ્મ રિલીઝ નથી કરી શકાતી અને 'સતલુજ'ને સર્ટિફિકેટ નથી મળ્યું. નોંધવાની વાત એ છે કે બે દિવસમાં ફિલ્મ જોનારામાંથી અનેક લોકોએ એની પ્રશંસા કરી છે. આમ આવા વિવાદ બાદ આ ફિલ્મનું ભાવિ શું છે એ તો સેન્સર બોર્ડ જ જાણે.

મહારાષ્ટ્રના તેજસ્વી સમાજ સુધારક પતિ - પત્ની જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબાઈ ફુલેના જીવન અને કવન પર આધારિત 'ફુલે' ફિલ્મ પણ 'સતલુજ'ની જેમ બાયોપિક છે. અર્થપૂર્ણ ફિલ્મો બનાવવા માટે જાણીતા અનંત મહાદેવન લિખિત અને દિગ્દર્શિત અને પ્રતીક ગાંધી અને પત્રલેખા (અફલાતૂન ઍક્ટર એવી રાજકુમાર રાવની પત્ની)ને લીડ રોલમાં ચમકાવતી આ ફિલ્મ ગયા વર્ષે ૧૧ એપ્રિલ (મહાત્મા ફુલેની જન્મજયંતી)ના દિવસે રિલીઝ કરવાની ગણતરી હતી. ફિલ્મ વિશે ખાસ્સી ઉત્સુકતા પણ હતી. જોકે રિલીઝના થોડા દિવસ પહેલાં બ્રાહ્મણ મહાસંઘ તરફથી વાંધાવચકા ઉઠાવવામાં આવ્યા અને સેન્સર બોર્ડે નિયત તારીખે ફિલ્મ રિલીઝ ન થવા દીધી. ફિલ્મમાં કેટલીક રજૂઆત સામે સેન્સરે વાંધો ઉઠાવ્યો હતો. એક સીનમાં બ્રાહ્મણના છોકરાઓ સાવિત્રીબાઈ પર મળ ફેંકતા દેખાડવામાં આવ્યા હતા. આ અને આવાં બીજા દશ્યો કાઢી નાખવાં અથવા બદલી નાખવાં એવાં સૂચનો સેન્સર બોર્ડ દ્વારા કરવામાં આવ્યાં. આનો તીવ્ર વિરોધ થયો, પણ અંતે સેન્સર બોર્ડના કટ સ્વીકારી ફિલ્મમાં કાપકૂપ કરી ફિલ્મ ૨૫ એપ્રિલે રિલીઝ કરવામાં આવી હતી. 'સતલુજ' અને 'ફુલે' એ બંને ફિલ્મમાં સત્ય દર્શાવવાની કોશિશ હતી એવો એના મેકરોનો દાવો છે. જોકે સેન્સરને કદાચ એની સામે જ વાંધો હતો.

'સિનેમેટોગ્રાફ ઍક્ટ ૧૯૫૨' હેઠળ માહિતી અને પ્રસારણ મંત્રાલયના નેજા હેઠળ સેન્સર બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશનની રચના કરવામાં આવી હતી. એ સમયે નૈતિકતાનો મુદ્દો નહોતો. ઉંમર અનુસાર (યુનિવર્સલ - યુ, યુ/એ ૭+/૧૩+/૧૬+, ઍડલ્ટ્સ ઓન્લી (એ) અને સ્પેશ્યલિસ્ટ (એસ) એવા સર્ટિફિકેટ આપવાની જવાબદારી હતી. જો કોઈ સીન કે સંવાદ મૅચ્યોર ઑડિયન્સ માટે હોય તો ફિલ્મને એ અનુસાર સર્ટિફિકેટ આપવામાં આવતું હતું. આજનું સેન્સર બોર્ડ મોરલ પોલીસ બની ફિલ્મમેકરના દષ્ટિકોણમાં જ દખલગીરી કરે છે. જોકે 'મસ્તી' - 'ગ્રાન્ડમસ્તી'માં મહિલાઓને સેક્સ ઑબ્જેક્ટ દેખાડવામાં આવે છે ત્યારે કે 'કાંતારા'માં મહિલાને કમર પર ચીંટિયો ભરવાનું દશ્ય આવે છે ત્યારે આ નૈતિકતાનો વાવટો કેમ લહેરાતો નથી એવો સવાલ થવો સ્વાભાવિક છે. ■

## કાતરનાં કરતૂત



સેન્સર બોર્ડની કાતર ક્યાં કેવી ચાલતી હોય છે એનો ઇતિહાસ જૂનો છે. ગયા વર્ષે સેન્સર બોર્ડે 'સુપરમેન' ફિલ્મમાંથી ૩૩ સેકંડના કિસિંગ સીન પર કાતર ચલાવી હતી. કેમ? કારણ કે એ ભારતીય દર્શકો માટે વધુ પડતું કામુક હતું. ફિલ્મ લાઇન છોડી રાજકારણમાં પ્રવેશેલા ઍક્ટર વિજયની છેલ્લી તમિલ ફિલ્મ 'જન નાયકન' પણ સેન્સર સર્ટિફિકેટમાં અટવાઈ ગઈ હોવાથી આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થવાની હતી, પણ હજી સુધી નથી થઈ. ફિલ્મ ઇન્ડસ્ટ્રીના ઇતિહાસમાં ૧૯૨૧ની કાનજીભાઈ રાઠોડ દિગ્દર્શિત મૂગી ફિલ્મ 'ભક્ત વિદુર'થી લઈ 'આંધી', 'કિસ્સા કુર્સી કા' 'બેન્ડિટ ક્વીન', 'ફાયર' સહિત ઘણી ફિલ્મોને સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર મેળવવામાં તકલીફ પડી છે. ઍડલ્ટ્સ ઓન્લીનું સર્ટિફિકેટ આપી 'ધુરંધર' ફિલ્મમાંથી અપશબ્દો (ગાળો) પર કાતર ચલાવવાનો શું અર્થ એવો સવાલ પણ પૂછવામાં આવ્યો હતો. શું પુખ્ત વયના લોકો ગાળ સહન નહીં કરી શકે એવી માન્યતા છે? આ આને આવા કેટલાક સવાલો છે જેના કોઈ જવાબ નથી.

---

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# આ ધ IMAX વૉર શું છે?

**બોક્સઓફિસ પહેલાં હવે IMAX સ્ક્રીન જીતવી જરૂરી કેમ બની રહી છે?**



હાલમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એક રસપ્રદ લડાઈ ચાલી રહી છે. આ લડાઈ સ્ક્રીન્સ માટે છે, ખાસ કરીને IMAX સ્ક્રીન્સ માટે.

આજની તારીખે IMAX કરતાં વધુ ભવ્ય અનુભવ બીજું કોઈ વેચી શકતું નથી. એક સમય હતો જ્યારે IMAX માત્ર અમુક મોટી ફિલ્મ્સ માટેનો પ્રીમિયમ વિકલ્પ ગણાતો હતો. આજે તે વિશ્વભરના ફિલ્મ ઉદ્યોગમાં સૌથી કિંમતી બની ગયું છે.

દરેક મોટો સ્ટુડિયો તેને મેળવવા માંગે છે. દરેક મોટી રિલીઝને પણ તેની જરૂર છે. પરિણામે જે પરિસ્થિતિ ઊભી થઈ છે તેને ઘણા વિશ્લેષકો IMAX વૉર તરીકે ઓળખાવે છે.

આજે લગભગ દરેક મોટી ફિલ્મ IMAX અને અન્ય પ્રીમિયમ ફોર્મેટને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. સુપરહીરો ફિલ્મ્સ હોય, સાયન્સ ફિક્શન હોય, ફેન્ટસી હોય કે મોટા એક્શન સ્પેક્ટેકલ્સ, બધા પોતાની IMAX ઓળખને માર્કેટિંગનું હથિયાર બનાવે છે. જોકે સમસ્યા એ છે કે મોટી ફિલ્મ્સ ઘણી છે અને IMAX સ્ક્રીન્સ મર્યાદિત છે. પરિણામે જ્યારે બે મોટી ફિલ્મ્સ નજીકના સમયમાં રિલીઝ થવાની હોય ત્યારે પડદા પાછળ એક શાંત યુદ્ધ શરૂ થઈ જાય છે. સ્ટુડિયો અને એક્ઝિબિટર્સ વચ્ચે ચર્ચાઓ થાય છે કે કોને કેટલા દિવસ સુધી IMAX સ્ક્રીન્સ મળશે.

જ્યારે ફિલ્મમેકર પોતે બ્રાન્ડ બની જાય ત્યારે આ સ્પર્ધા વધુ રસપ્રદ બની જાય છે. નોલનની ફિલ્મ આવે ત્યારે દર્શકો ખાસ IMAX શો શોધે છે. એ જ વાત હવે ડેનિસ વિલન્યુવ માટે પણ સાચી બનતી જાય છે. 'ડ્યુનઃ પાર્ટ ટૂ' એ સાબિત કર્યું કે કેટલીક ફિલ્મ્સ માટે IMAX વૈકલ્પિક નથી, જરૂરી બની ગયું છે. થોડા વર્ષ પહેલાં દર્શકો આવી ફિલ્મ સામાન્ય સ્ક્રીન પર જોઈ લેતા. આજે ઘણા લોકો IMAX ટિકિટ માટે વધારે પૈસા ચૂકવવા અને લાંબું અંતર કાપવા તૈયાર થઈ જાય છે.

આ આખી પરિસ્થિતિમાં એક રસપ્રદ વિરોધાભાસ છે. વર્ષો સુધી એવું માનવામાં આવતું હતું કે થિયેટર્સ માટે સ્ટ્રીમિંગ સૌથી મોટો ખતરો છે, પરંતુ હવે થિયેટર્સની સૌથી મોટી તાકાત એ જ વસ્તુ બની છે જે સ્ટ્રીમિંગ આપી શકતું નથી. એક રીતે કહીએ તો IMAX આજે સિનેમાનો સૌથી મજબૂત બચાવ છે.

આ દોડ હવે માત્ર હોલિવૂડ પૂરતી મર્યાદિત નથી. ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રી પણ તેમાં સામેલ થઈ ગઈ છે. 'બ્રહ્માસ્ત્ર' - 'કલ્કી ૨૮૯૮ AD' અને અન્ય ઘણી પેન-ઇન્ડિયા ફિલ્મ્સએ પોતાની IMAX રિલીઝને ખાસ રીતે પ્રમોટ કરી છે. વાર્તાઓ ભલે ભારતીય સંસ્કૃતિ અને લોકકથાઓમાંથી આવતી હોય, પરંતુ તેમની રજૂઆત હવે વૈશ્વિક બ્લોકબસ્ટર મોડલ તરફ આગળ વધી રહી છે. સંદેશ એક જ છે કે આ માત્ર ફિલ્મ નથી, એક ઇવેન્ટ છે એક આગવો અનુભવ છે.

પ્રીમિયમ સ્ક્રીન્સના વધતા મહત્ત્વે ફિલ્મ બનાવવાની રીત પણ બદલી છે. એક્શન સિક્વન્સ વધુ ભવ્ય બન્યા છે. વિઝ્યુઅલ ઇફેક્ટ્સ પર વધુ ખર્ચ થાય છે. સાઉન્ડ ડિઝાઇન પોતે એક સેલિંગ પોઇન્ટ બની ગઈ છે. ફિલ્મમેકર્સ જાણે છે કે પ્રીમિયમ ટિકિટ ખરીદનાર દર્શકને સ્કેલ જોઈએ છે (જોકે ક્યારેક આ સ્કેલ વાર્તાની નબળાઈ છુપાવવાનો પ્રયાસ પણ બની જાય છે).

આ IMAX વૉરનું સૌથી મોટું પરિણામ રિલીઝ સ્ટ્રેટેજીમાં જોવા મળે છે. પહેલાં સ્ટુડિયો માત્ર ઓપનિંગ વીકએન્ડની ચિંતા કરતા હતા. આજે તેઓ પ્રીમિયમ સ્ક્રીન્સની ચિંતા કરે છે. કોઈ ફિલ્મ વિશ્વભરમાં રિલીઝ થાય છતાં જો IMAX સ્ક્રીન્સ બીજી ફિલ્મ પાસે હોય તો તેની કમાણી પર અસર પડી શકે છે. આજના સમયમાં ફિલ્મને માત્ર દર્શકો નહીં, યોગ્ય સ્ક્રીન પણ જોઈએ છે. ઘણીવાર IMAX પર એક વધારાનું અઠવાડિયું કરોડો ડૉલરની વધારાની આવક આપી શકે છે.

IMAX વૉર માટે ડિસેમ્બર ૨૦૨૬ની સૌથી મોટી ટક્કર પર નજર કરવી જોઈએ. ડેનિસ વિલન્યુવની 'ડ્યુનઃ પાર્ટ થ્રી' અને માર્વલની 'એવેન્જર્સઃ ડૂમ્સડે' વચ્ચે સ્પર્ધા લાગી છે. 'ડ્યુનઃ પાર્ટ થ્રી' દ્વારા પહેલાં IMAX સ્ક્રીન્સ રાખી લેવામાં આવી તેનો અર્થ એ છે કે માર્વેલ જેવી મોટી ફ્રેન્ચાઇઝીને પણ પ્રીમિયમ સ્ક્રીન્સ માટે સંઘર્ષ કરવો પડી શકે છે.

આ પરિસ્થિતિએ ડિઝનીને એક અલગ રસ્તો શોધવા મજબૂર કર્યું. કંપનીએ Infinity Vision નામની ટેક્નોલોજી લોન્ચ કરી છે. તે IMAX નો સીધો વિકલ્પ નથી, પરંતુ એવા પ્રીમિયમ ઓડિટોરિયમ્સને પ્રમાણિત કરવાનો પ્રયાસ છે જે ડિઝનીના ટેક્નિકલ ધોરણો પૂર્ણ કરે. સરળ ભાષામાં કહીએ તો, જો IMAX સ્ક્રીન્સ ઉપલબ્ધ ન હોય તો પણ દર્શકોને મોટા પડદાનો સમાન અનુભવ મળી રહે તે માટે ડિઝની પોતાનું પ્રીમિયમ ઇકોસિસ્ટમ ઊભું કરવા માગે છે.

આ કારણે રિલીઝ કેલેન્ડર હવે ચેસબોર્ડ જેવું બની ગયું છે. સ્ટુડિયો પોતાની તારીખો બદલે છે, ટક્કર ટાળે છે અને સ્ક્રીન વિન્ડોઝ માટે વાટાઘાટ કરે છે. ઘણીવાર આ સંઘર્ષ જાહેર થતો નથી, પરંતુ તેની અસર દર્શકો સુધી પહોંચે છે. જ્યારે કોઈ ફિલ્મ Filmed for IMAX અથવા Shot with IMAX Cameras જેવા શબ્દોનો ઉપયોગ કરે છે, ત્યારે તે માત્ર ટેક્નિકલ માહિતી નથી આપતી. તે માર્કેટિંગનો ભાગ હોય છે.

આમાં એક રસપ્રદ વ્યંગ પણ છે. સિનેમાની શરૂઆતમાં સ્ક્રીન પોતે આકર્ષણ હતી. પછી ટેલિવિઝન આવ્યું, વીડિયો આવ્યા, DVD આવ્યા અને પછી સ્ટ્રીમિંગ આવ્યું. આટલા બધા બદલાવ પછી ઇન્ડસ્ટ્રી ફરી એક સરળ નિષ્કર્ષ પર પહોંચી છે કે મોટું હજુ પણ મહત્ત્વનું છે. મોટી સ્ક્રીન, મોટો અવાજ, મોટા દશ્યો અને મોટો અનુભવ.■

**લાસ્ટ શોટ**

'ડ્યુનઃ પાર્ટ થ્રી' અને 'એવેન્જર્સઃ ડૂમ્સડે' વચ્ચેની લડાઈને ઇન્ડસ્ટ્રીમાં 'ડ્યુન્સડે' તરીકે ઓળખવામાં આવી રહી છે.

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## કોન્ટ્રોવર્સીનું બીજું નામ કંગના...



કંગના રણાવત

આપણાં વરિષ્ઠ હાસ્યકાર શાહબુદ્દીનભાઈ રાઠોડના લોકપ્રિય પાત્ર વનેચંદ સાથે કંગના રણાવતની સરખામણી ચોક્કસ કરી શકાય.

વનેચંદને જ્યારે તેના હેડમાસ્ટર જોવે ત્યારે એને કોઈ કારણ વગર મારવા જ માંડતા. એવું કંગનાનું પણ છે. એ જ્યાં જાય ત્યાં વિવાદ એની સાથે જ આવતો હોય છે. જોકે, આ વખતે વિવાદ કંગનાને કારણે નથી પણ કંગના એના મધ્યમાં તો છે જ.

૨૦૧૪માં કંગનાને બોલિવૂડમાં સ્થાપિત કરનારી અને નેશનલ એવોર્ડ જીતનારી ફિલ્મ 'ક્વીન' રિલીઝ થઇ હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે બાર વર્ષે 'ક્વીન ૨'ની જાહેરાત થઇ. આ જાહેરાતે જ વિવાદ ઊભો કરી દીધો છે. બન્યું એવું છે કે મૂળ 'ક્વીન'નાં પચાસ ટકા રાઈટ્સ 'ફેન્ટમ સ્ટુડિયો' પાસે છે. હવે આ 'બીજી ક્વીન' જીઓ સ્ટુડિયોઝ લાવી રહ્યું છે.

જેવી આ જાહેરાત થઇ કે ફેન્ટમવાળા પેલા સુપરહીરો ફેન્ટમની જેમ સફાળા ઊભાં થયાં. તેમણે 'જીઓ'નો સંપર્ક કર્યો, પરંતુ 'જીઓ' એ રાબેતા મુજબ 'ફેન્ટમ'ની વાત કાને ન ધરી...

પરિણામે હવે 'જીઓ' ઉપર ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી કાયદા હેઠળ 'ફેન્ટમે' બોમ્બે હાઈકોર્ટમાં રૂ. ૨૫૦ કરોડનો દાવો ઠોકી દીધો છે. આ કેસ થયો એટલે 'જીઓ' એ ફટાફટ મૌન તોડ્યું અને એવો દાવો કરી દીધો કે અમારી આ ક્વીન નંબર બેને એનાં પાછલા અવતાર સાથે કોઈ જ સંબંધ નથી. અમારી તો વાર્તા જ આખી જુદી છે, ખાલી નામ મળતું આવે છે બસ!

હવે મામલો અદાલતમાં લડાશે. એક વાત સમજાતી નથી કે જ્યારે મોટા પ્રોડ્યુસર્સને ખબર હોય છે કે આ સળગતું લાકડું હાથમાં લઈશું તો તકલીફ ઊભી થવાની જ છે તોય કેમ આમ કરતાં હશે?

## લો, હવે ઘણા બધા 'ટાઈટન' જુઓ...



રતન નવલ ટાટા

'એમેઝોન પ્રાઈમ' પર ધૂમ મચાવી ચૂકેલી વેબ સિરીઝ 'ધ ટાઈટન સ્ટોરી' એ હવે આ ઓટીટી પ્લેટફોર્મ માટે એક મોટું દ્વાર ખોલી નાખ્યું છે. હવે આ જ સિરીઝનાં લેખક કરણ વ્યાસને સમગ્ર ટાટા ફેમિલી પર વેબ સિરીઝ લખવાની જવાબદારી આપી દેવામાં આવી છે. આ સિરીઝને હવે ટાટાની ચાર પેઢી પર અલગ અલગ રીતે રજૂ કરવામાં આવશે.

પહેલો ભાગ ટાટા સામ્રાજ્ય સ્થાપનાર જમશેદજી ટાટા પર હશે. બીજો ભાગ આ ગ્રૂપને સ્થિર કરનાર સર દોરાબજી ટાટા અને સર રતન ટાટા પર હશે. તો ત્રીજો ભાગ ટાટા ગ્રૂપને આધુનિક બનાવનાર જે.આર.ડી. ટાટા પર હશે જેમણે એર ઇન્ડિયા, ટેલ્કો અને ટાટા કન્સલ્ટન્સી અને અફકોર્સ ટાઈટનની સ્થાપના કરી. ચોથો ભાગ આ જૂથને વૈશ્વિક કક્ષાએ લઇ જનાર રતન નવલ ટાટાનાં જીવનને આપણી સમક્ષ લઇ આવશે.

કરણ વ્યાસ કહે છે કે ટાઈટનનું રિસર્ચ કરતી વખતે તેમને લાગ્યું કે આ ગ્રૂપ એ ફક્ત એક બિઝનેસ ગ્રૂપ નથી. આ ગ્રૂપના પરિવારની વાતો પણ ખૂબ રસપ્રદ છે તો શા માટે તેના પર પણ વેબ સિરીઝ ન બને? લાગે છે કે આ ચાર ભાગ પણ આપણને મજા કરાવશે.

## ફિલ્મ પ્રિયદર્શનની પણ નામ ડેવિડ ધવનની ફિલ્મનું?

અક્ષય કુમાર અને પ્રિયદર્શનને 'મેઈડ ફોર ઈચ અધર' કહી શકાય. આ બંને જ્યારે પણ જોડી બનાવે છે ત્યારે ધમાલ જ મચાવે છે. જોકે આ જોડીની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ 'ભૂત બંગલા'એ તેના ચાહકોને નિરાશ કર્યાં હતાં, પરંતુ કાને પડેલી વાત મુજબ આ બંને ફરીથી ભેગા થઇ રહ્યા છે. અક્ષય કુમાર પ્રિયદર્શનના નિર્દેશનમાં એક નવી ફિલ્મ કરી રહ્યો છે. આ ફિલ્મનું નામ હશે 'વિકેડ સની'.

આ નામ સાંભળીને કુછ યાદ આયા? હા, એક્ઝેક્ટલી વિકેડ સની એ અક્ષય કુમારના 'મુજ સે શાદી કરોગી' ફિલ્મનાં કેરેક્ટરનું નામ છે. એ ફિલ્મ તો ડેવિડ ધવને ડાયરેક્ટ કરી હતી, પરંતુ એ પાત્રનું નામ હવે પ્રિયદર્શન પોતાની ફિલ્મ માટે કરશે. લાગે છે કે અક્ષયે જ આ નામ સૂચવ્યું હશે. આશા કરીએ કે અક્ષયે બધી મંજૂરીઓ અને કાયદાકીય અભ્યાસ કરી લીધો હશે. કારણ આપણે આગળ 'ક્વીન ૨' સાથે શું થયું એ જાણીએ જ છીએ!

કાને આવેલી બીજી વાત અનુસાર આ ફિલ્મ સંપૂર્ણપણે અક્ષય કુમાર પર આધારિત હશે (અફકોર્સ!). ફિલ્મને પ્રિયદર્શન સાથે રોશન શંકરે લખી છે. આ ફિલ્મ એક કોમિક થ્રીલર હશે એમ પણ અમારા કાને સાંભળ્યું છે. તો જોઈએ, કોમેડી જોનરની આ સહુથી હિટ જોડી હવે આપણા માટે નવું શું લાવે છે! ■

**કટ એન્ડ ઓકે...**

*રણબીર કપૂરની 'રામાયણ'નું ભારતમાં ડિસ્ટ્રિબ્યુશન કરણ જોહરનું 'ધર્મા પ્રોડક્શન' કરશે.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક


# વિજયા મહેતા... માધ્યમનાં મહારાણી

**મરાઠી નાટ્યસૃષ્ટિને અનોખો વળાંક આપનારાં આ રંગકર્મીનું હિન્દી ફિલ્મો અને ટીવી સિરિયલમાં નાનકડું પણ માતબર યોગદાન રહ્યું છે.**

૯૧ વર્ષની ઉંમરે જીવનના રંગમંચ પરથી એક્ઝિટ લેનારાં વિજયા મહેતા રંગભૂમિ અને ચિત્રપટ સૃષ્ટિનું એક મૂઠી ઊંચેરું વ્યક્તિત્વ. એમની મુખ્ય ઓળખ 'આધુનિક મરાઠી રંગભૂમિનાં જનની' એ ખરું, પણ એ એકમાત્ર ઓળખ નહોતી. છ દાયકાની કારકિર્દીમાં રંગભૂમિ, સમાંતર સિનેમા અને ટેલિવિઝનના માધ્યમથી પર્ફોર્મિંગ આર્ટ્સ (પ્રસ્તુત થતું કલાસ્વરૂપ)માં ક્રાંતિ લાવનારાં પુરોગામી કલાકાર તરીકે એમને સમજવા અને ઓળખવા જોઈએ.

આમ તો વિજયા મહેતાની પ્રમુખ ઓળખ આધુનિક મરાઠી રંગભૂમિની જનની તરીકે છે, હકીકતમાં તો તેમને 'માધ્યમનાં મહારાણી' કહેવાં જોઈએ. દરેક માધ્યમમાં તેમણે ઠસ્સો ઉમટાવ્યો.





વિજયા મહેતા દિગ્દર્શિત 'પેસ્તનજી'માં અનુપમ ખેર, નસીરુદ્દીન શાહ અને શબાના આઝમી

અસાધારણ મોભો ધરાવતી મરાઠી નાટ્ય સૃષ્ટિના દિગ્ગજો ડૉ. શ્રીરામ લાગુ, અરવિંદ દેશપાંડે, વિજય તેંડુલકરના સહયોગથી પહેલા 'રંગાયન' અને ત્યાર બાદ 'આવિષ્કાર' નામની નાટ્યસંસ્થા શરૂ કરી. આ પ્રયાસથી અનેક નવા અને વેગળી કેડી પકડનારા લેખક, દિગ્દર્શક અને અભિનેતાનું ઘડતર તો થયું જ, પ્રયોગશીલ નાટકોની પરંપરાનો પાયો નખાયો. એ પાયા પર ઊભી ચણાયેલી ઇમારતને કારણે મરાઠી નાટકો ઊંચો દરજ્જો - અનોખો આવકાર અને માનપાન મેળવવામાં સફળ રહ્યાં એ હકીકત છે. અદી મર્ઝબાન પાસે તાલીમ મેળવનારાં વિજયા મહેતાનું યોગદાન મુખ્યત્વે મરાઠી ભાષાની નાટ્યસૃષ્ટિમાં હોવા છતાં એમના વિશે જાણવાની અને એમાંથી પ્રેરણા લેવાની પ્રત્યેક કલા રસિકની ફરજ છે.

નલિની જયવંત અને શોભના સમર્થ તેમ જ નૂતન - તનુજા સાથે પારિવારિક સગપણ અને પહેલા લગ્નથી દુર્ગા ખોટે તેમનાં સાસુ હતાં. આમ મુખ્ય પ્રવાહની ફિલ્મોના વાતાવરણ વચ્ચે ઉછેર થયો હોવા છતાં તેમને લગાવ રંગભૂમિ પ્રત્યે બંધાયો. નાટ્ય સૃષ્ટિમાં વિશાળ ફલક પર કામ કરી, પ્રશંસા અને પ્રતિષ્ઠા મેળવ્યા પછી વિજયા મહેતા રંગભૂમિ પૂરતા સીમિત ન રહ્યાં. ચિત્રપટ સૃષ્ટિમાં પ્રયોગાત્મક વલણ જારી રાખ્યું. શશી કપૂર - શ્યામ બેનેગલની 'કલયુગ' અને ગોવિંદ નિહલાનીની 'પાર્ટી'માં તેમ જ પોતે દિગ્દર્શિત કરેલી 'રાવ સાહેબ'માં અભિનય કર્યો. 'રાવ સાહેબ'ના રોલ માટે તો શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો. દિગ્દર્શક તરીકે પણ યોગદાન આપ્યું. અભિનયમાં ઊંચાઈ સર કરનારા નાના પાટેકર, અશોક સરાફ, રીમા લાગુ, શબાના આઝમી અને અનુપમ ખેરના પ્રારંભકાળ ઘડતરમાં વિજયા બાઈ (બાઈ એટલે મૅડમ)નો મોટો ફાળો રહ્યો છે.

વિજયા મહેતા ડિરેક્ટર તરીકે કેવાં નોખાં હતાં એ શબાના આઝમીના વક્તવ્યમાં ઊડીને આંખે વળગે છે. બાઈની 'પેસ્તનજી' ફિલ્મમાં શબાનાએ જેરૂની ભૂમિકા કરી હતી. 'અંકુર', 'નિશાંત' જેવી સમાંતર સિનેમાની ફિલ્મો અને 'પરવરીશ', 'અમર અકબર ઍન્થની' જેવી મેઇનસ્ટ્રીમ ફિલ્મોમાં સંતુલન જાળવી રાખતી શબાનાએ ભાભી તન્વી આઝમીના કહેવાથી ખાસ 'રાવ સાહેબ' ફિલ્મ જોઈ હતી. અભિનેત્રી ઉષા કિરણની દીકરી તન્વીએ શબાનાના ભાઈ બાબા આઝમી સાથે ૧૯૮૫માં લગ્ન કર્યાં હતાં. શબાનાને ફિલ્મ એટલી પસંદ પડી કે વિજયા મહેતા સાથે કામ કરવું જ છે એવી ગાંઠ તેણે વાળી લીધી. જ્યારે જ્યારે વિજયબાઈને મળવાનું થતું ત્યારે તમારી આગામી ફિલ્મમાં મને તક આપજો એવું જરૂર કહેતી.

બાઈએ જ્યારે 'પેસ્તનજી' માટે જેરૂનો રોલ શબાનાને ઑફર કર્યો ત્યારે શબાના રાજી તો થઈ, પણ એક પારસી મહિલા વિશે બારીકાઈથી જાણવાનો અને ડિરેક્ટરના સૂચનનો આગ્રહ રાખ્યો. અહીં બાઈ અલગ તરી આવ્યાં. આમ કરવું ને તેમ ન કરવું જેવી શિખામણોનો ફુવારો છોડવાને બદલે વિજયાબાઈ શબાનાને પારસી મિત્રોના એક ફંક્શનમાં લઈ ગયાં, જેથી અભિનેત્રી ચુપચાપ પારસી મહિલાઓની બોલવાની લઢણ, એમનું વર્તન સમજી અપનાવી શકે. આ પ્રસંગના થોડા દિવસ પછી વિજયા મહેતા શબાનાને ઘરે ગયાં અને પાત્રની બૅકસ્ટોરી (પાત્રનું ઘડતર) સમજાવી અને જેરૂનું સમગ્ર વ્યક્તિત્વ શબાના આઝમીમાં ઊતરી આવ્યું. આ પ્રક્રિયાને કારણે અભિનેત્રીને પાત્ર સાકાર કરવામાં આસાની રહી. શબાના આઝમી પોતાના પ્રિય પાત્રોમાં જેરૂનો ઉલ્લેખ અચૂક કરતાં.

અનુપમ ખેરને વિજયબાઈની 'રાવ સાહેબ'માં કામ કરવાની તક મળી ત્યારે કેટલોક અનુભવ એમની ગાંઠે બંધાઈ ગયો હતો. મહેશ ભટ્ટની 'સારાંશ', રાહુલ રવૈલની 'અર્જુન', મુકુલ આનંદની 'ઐતબાર' જેવી ફિલ્મોથી આત્મવિશ્વાસ પણ વધી ગયો હતો. 'ઍક્ટિંગ તો અભી આતા હૈ... ' જેવી વાત હતી. એક ઇન્ટરવ્યૂમાં મિસ્ટર ખેરે જણાવ્યું હતું કે 'વિજયાજીની ફિલ્મ ઑફર થઈ ત્યારે કેટલીક ફિલ્મો કરી હોવાથી થોડો ઘડાઈ ગયો છું એવું માનતો હતો. જોકે, વિજયા મહેતા સાથેના પ્રત્યેક રિહર્સલ પછી અભિનયનો સાગર કેટલો વિશાળ અને અગાધ છે એનો મને પરિચય થયો. એમના જ્ઞાન, માનવીય સ્વભાવ અને વર્તન વિશેની એમની સમજ અને એમની ગજબનાક સંવેદનશીલતા જોઈ હું ફરીથી ઍક્ટિંગનો વિદ્યાર્થી બની ગયો અને મને ઘણું શીખવા મળ્યું.'

વિજયા મહેતાના જીવન પ્રવાસ પર આધારિત '**बाई - एका रंगपर्वाचा मनोहर प्रवास**' નામના ૨૦૧૬માં પ્રકાશિત થયેલા પુસ્તકમાં નાના પાટેકરે તેમના વિષે થોડા શબ્દોમાં બહુ મોટી પણ અત્યંત હૃદયસ્પર્શી વાત કરી છે.નાના પાટેકરએ લખ્યું છે કે 'માની આંગળી પકડી રંગભૂમિ પર પહેલું પગલું ક્યારે માંડી દીધું એની ખબર જ ન પડી. ક્યારેક સંતુલન જતું રહે ત્યારે ગભરાઈ જતો. પછી મેં મારી માની આંગળી મુઠ્ઠીમાં એકદમ ટાઇટ પકડી લીધી અને ચાલવા લાગ્યો. પડી જવાનો ડર વરાળ થઈ ઊડી ગયો. રંગભૂમિ પર બિન્ધાસ્ત ઘૂમવા લાગ્યો. મને ખબર પણ ન પડે એ રીતે પોતાની આંગળી માએ સેરવી લીધી. મારી મુઠ્ઠી એવી જ રીતે બંધ રહી. આજે અનેક વર્ષ પછી પણ એ મુઠ્ઠી બંધ જ છે. મનમાં વિશ્વાસ છે, ખાતરી છે કે મારી મુઠ્ઠીમાં માની આંગળી છે. એટલે જ આજે પણ પડી જવાની બીક નથી લગતી.'

આ વાત દ્વારા એક સર્જક અને એક કલાકાર વચ્ચેનો નાતો કેવો અદ્ભુત હોઈ શકે છે એ આના પરથી સમજાય છે. સાથે સાથે વિજયાબાઈ એક દિગ્દર્શક તરીકે કેવી ઊંચાઈ પર હતાં એ સમજાય છે.

ગુણવાન સર્જકને માધ્યમથી બહુ ફેર નથી પડતો. એમની ગુણવત્તાની ઊંચાઈ દરેક જગ્યાએ વર્તાઈ આવે. રંગભૂમિ પર વિવિધ પ્રકારનાં નાટકો, હિન્દી ફિલ્મોમાં પ્રભાવ પાડનારા વિજયાબાઈએ ટીવી સિરિયલમાં પણ હાથ અજમાવ્યો. મેડિકલ પ્રોફેશનને કેન્દ્રમાં રાખી તેમણે દૂરદર્શન માટે તૈયાર કરેલી સિરિયલ 'લાઇફલાઇન' એક મિસાલ બની પ્રથમ 'ઑથેન્ટિક મેડિકલ ડ્રામા'નું બિરુદ ધરાવે છે. ■

---

## મનોરંજનની આજકાલ

# ગુજરાતી રંગભૂમિની આગવી સમૃદ્ધિ

## ૨૬ વર્ષ... ૨૦ નાટક... ૪૧૧૧ પ્રયોગ!



**ફિરોઝ ભગત - અપરા મહેતાની જોડી કરી રહી છે રંગભૂમિ પર ૨૬ વર્ષ પૂર્ણ...**

૨૦૦૦ની સાલમાં 'અધૂરા તોય મધુરા' નાટકથી કરી હતી શરૂઆત અને અત્યારે ૨૦૨૬માં એ બેલડીનું નવું નાટક આવી રહ્યું છે : ચાલ 'honey' મૂન પર જઈએ.

અપરા મહેતાની આઇકનિક સિરિયલ 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી'ની શરૂઆત પણ ૨૦૦૦ની સાલમાં થઈ હતી અને અત્યારે ફરી ૨૦૨૬માં એ સિરિયલ ચાલી રહી છે. એટલે અપરા મહેતા માટે આ યોગાનું યોગ જ કહી શકાય.

ફિરોઝ ભગત અને અપરા મહેતાની જોડીએ આ ૨૬ વર્ષ દરમિયાન ૨૦થી પણ વધુ સેન્ચ્યુરી અને ડબલ સેન્ચ્યુરી હિટ નાટકો આપ્યાં છે તો બીજી બાજુ આ નાટકના લેખક પંકજ ત્રિવેદીની વાત કરીએ તો આ જોડીનું પંકજ ત્રિવેદી સાથેનું પાંચમું નાટક છે.

### અપરા મહેતા આ સિદ્ધિ વિશે શું કહે છે...

અપરા મહેતા નાટકો વિશેની વાત કરતાં કહે છે કે અમારી જોડીનાં નાટકો બીજાં નાટકો કરતાં જુદાં એટલા માટે હોય છે, કારણ કે એમાં કૉમેડી તો હોય જ છે પણ સાથે વાર્તા અને એક સારો મેસેજ પણ હોય છે.

મારું અને ફિરોઝ ભાઈનું હંમેશાં એવું માનવું છે કે પ્રેક્ષક નાટક અને નાટકનું નામ નાટક પત્યા પછી ઑડિટોરિયમમાં જ મૂકીને ન જતાં એ નાટક અને નાટકનો મેસેજ એમના ઘર સુધી લઈ જાય, કારણ કે નાટક એ માત્ર એન્ટરટેનમેન્ટનું સાધન નથી એ આપણા સમાજનું, સમાજના વિચારોનું પ્રતિબિંબ છે અને એટલે જ અમે હંમેશાં એવા વિષયની પસંદગી કરીએ છીએ જે માત્ર ૪૦ પ્લસના લોકોને જ ઍટ્રેક્ટ ન કરતાં યંગસ્ટર્સને પણ ગમે, કારણ કે હવે રંગભૂમિ માટે નવું ઑડિયન્સ ઊભું કરવાની બહુ જ જરૂર છે.

અમે અમારા દરેક શોમાં પ્રેક્ષકોને કહીએ છીએ કે તમારાં બાળકોને નાટક જોતાં કરો. ભલે એ લોકો ઓછું ગુજરાતી બોલતાં હોય, ભલે એ લોકોને ઓછું ગુજરાતી સમજાતું હોય પણ એટલીસ્ટ બે કલાક એ લોકો ગુજરાતી સાંભળશે તો ખરા. એ બહાને એ લોકો પોતાની માતૃભાષા સાથે જોડાયેલા રહેશે અને સાથોસાથ રંગભૂમિ અને આપણી માતૃભાષા પણ જીવંત રહેશે.

**આ રહ્યાં ફિરોઝ ભગત -અપરા મહેતાનાં યાદગાર નાટકો...**



- અધૂરા તોય મધુરા
- ઓળખાણ
- કાચના સંબંધ
- કુછ ખટ્ટી કુછ મીઠી
- આયે દૂર સે મિલને હુજુર સે
- અમે હવે રંગ જમાવી જશું
- આપણું તો બધું પ્રાઇવેટ લિમિટેડ
- પ્રેમ કરો ભાઈ પ્રેમ કરો
- આ પાર કે પેલે પાર
- કેમ છો મજામાં
- તમે હસતું મોઢું રાખજો
- મસ્તીમાં મેરેજ મેરેજમાં મસ્તી
- તું અને હું પછી જોઈએ શું
- યુટર્ન
- જા તારી સાથે કીટ્ટા
- એકબીજાને નડતા રહીએ
- આવ તારું કરી નાખું
- ઉંમર છે એન્ટીક પણ દિલ છે રોમેન્ટિક
- મસ્તી રહે તો લાઇફ હસતી રહે
- આવ ભાઈ કહું કે બાય બાય કહું
- અપના ટાઈમ આયેગા
- પાર્ટનર મસ્ત તો લાઈફ જબરજસ્ત
- ડોન્ટ વરી બી હેપ્પી...

આ તાજા નાટકની વાર્તાની વાત કરીએ તો મુકેશ અંતાણી (ફિરોઝ ભગત) પોતાની મા કોકિલા અંતાણી (મધુરા રાઉત) સાથે રહે છે. મુકેશે એક બહુ મોટી વાત પોતાની માથી છુપાવી છે. મુકેશની મુલાકાત થાય છે મેનકા રાજાણી (અપરા મહેતા) સાથે... અને પછી શરૂ થાય છે ધમાલ મસ્તી ને ધીંગાણું... આ નાટકમાં પૃથ્વી પંચોલી અને તપન ભટ્ટ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને સાથે હીર રાભડિયા અને મનીષ ગોધનિયા પણ પોતપોતાના પાત્રને અનુરૂપ અભિનય કરીને સારો સાથ નિભાવે છે. આ નાટકની કથામાં એટલા બધા ટ્વિસ્ટ અને ટર્ન છે. આ નાટકની કૉમેડીથી દર્શકો હસી હસીને લોટપોટ થઈ જશે. છેવટે એક સરસ અંત અને સરસ મેસેજ તો ખરો જ...! ■

---

## સ્ટાર-ચાર-કલાકાર

સંજય છેલ

# ધોધમાર રોમાન્સમાં ભીંજવતાં રીમઝીમ રેન સોન્ગ્ઝ...

કોઈએ કહ્યું છે કે વરસાદની ફિંગર પ્રિન્ટ જોવી હોય તો ૪ મહિના ખેડૂતના ચેહરાને જોઈ લેવો...

પણ વરસાદ ને વરસાદી ગીતો એટલે આપણી ફિલ્મોમાં હીરો-હીરોઈનનો પાસે આવવાનો રોમેન્ટિક મોકો, પ્રેમીઓના તન- મનને પાસે લાવવાનો પાસવર્ડ.

છેક ૧૯૧૩માં દાદાસાહેબ ફાલકેએ 'રાજા હરિશ્ચંદ્ર' ફિલ્મ બનાવી ત્યારે જલક્રીડાનો સીન દેખાડેલો. ત્યારથી આજ સુધી વરસાદના હજારો ગીતો બોલિવૂડમાં વરસે રાખે છે.

૧૯૫૦-૬૦ના સમયમાં 'શ્રી ૪૨૦'ના પ્યાર હુવા ઈકરાર હુવા ગીતમાં એક છત્રીમાં ભીંજાતા રાજ કપૂર-નરગીસને જોઈને બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મનું ગીત પણ રંગીન લાગવા માંડે. 'છલિયા'નું મૌસમ ભીગા ભીગા પણ એવું જ મદમસ્ત ગીત છે. 'કાલાબઝાર'માં દેવ આનંદ-વહીદાનું રીમઝીમ કે તરાને લે કે આયી બરસાતમાં ત્યારનું મુંબઈ દેખાય અને વરસાદ પણ એક પાત્ર હોય એમ યાદ રહી જાય છે. તો 'ચલતી કા નામ ગાડી'માં કિશોર કુમાર-મધુબાલાનું સદાબહાર એક લડકી ભીગી ભાગી સી જાણે મસ્તી ને મહોબ્બતનું મહાપૂર. સફેદ પારદર્શક સાડીમાં સંગેમરમરની મૂરત જેવી મધુબાલા ને એને ચીડવતો સામાન્ય મેકેનિક કિશોર. એક તરફ વરસાદ, છોકરીને પહેલીવાર મળ્યાનો છૂપો આનંદ, જૂની ગાડીઓ, એન્જીન ઓઈલના ભીત પર ધબ્બાઓ, વેરવિખેર સ્ક્રુ-પાના-ટાયરોની વચ્ચે ટપકતો ભીનો રોમાન્સ એટલે કિશોર-મધુબાલાની કમનીય કેમિસ્ટ્રી. હાથ લગાડ્યા વિનાયે પગથી માથાં સુધી એકમેકને ચૂમતા હો એવો જાદુ. મજરૂહના ગીતમાં તન ભીગા હૈ સર ગીલા હૈ, ઉસ કા કોઈ પેચ ભી ઢીલા હૈ જેવી પંક્તિઓમાં વરસાદી રોમાન્સમાં કેવી નિર્દોષતાથી છલકે છે. તો બીજીબાજુ ઝિંદગી ભર નહિ ભૂલેંગે વો બરસાત કી રાતમાં રોશનનું સંગીત ને રફીની બેનમૂન ગાયકી આજેય ભર ઉનાળે વરસાદી રાતોની યાદ અપાવી શકે.

બિમલ રોય ની ફિલ્મ 'પરખ'નું ગીત ઓ સજાના બરખા બહાર આયી અદ્ભુત ક્લાસિકલ સોંગ છે. એ જ રીતે 'ઉસ ને કહા થા' ફિલ્મનું આહા રીમઝીમ કે યે પ્યારે પ્યારે ગીત લિયે તલત મહેમૂદ-લતાના અવાજમાં ગીતકાર શૈલેન્દ્ર સલીલ ચૌધરીનું અપ્રતિમ વરસાદી ગીત છે.

ભારતના ગરીબ ખેડૂતના જીવતરવાળી બિમલ રોયની 'દો બીઘા ઝમીન'નું હરિયાલા મૌસમ ઢોલ બજતા આયામાં વાવણીના ઉમંગની વાત છે. ૧૯૫૭માં ઓસ્કાર એવોર્ડ સુધી પહોંચેલી 'મધર ઇન્ડિયા'નું મતવાલા જીયા બોલે પિયા હોય કે દુઃખ ભરે દિન બીતે રે ભૈયાનું ફિલ્માંકન જુવો તો ગરીબ કિસાનના મનમાં વરસતો વરસાદ અનુભવી શકો. આવાં ગીતોમાં ભીંજાતી હીરોઈનના ફિગરની નુમાઈશ નથી પણ એ આપણી જમીનનાં જાનદાર ગીતો છે, જેની અસર છેક ૨૦૦૧ની 'લગાન'ના ઘનન ઘનન ઘન ગીર આયે બદરા ગીત સુધી દેખાય છે તો છેક ૧૯૬૫ની 'ગાઈડ'માં એસ.ડી.બર્મનના અવાજમાં રામા મેઘ દે..પાની દે.. દુકાળગ્રસ્ત ગામના લોકોની પ્રાર્થનાનું વરસાદી ગીત ફિલ્મને એવી કક્ષાએ મૂકી દે છે કે જેલમાંથી છૂટેલો દેવ આનંદ ઉર્ફ મામૂલી રાજુ ગાઈડ ફરિશ્તો બની જાય છે ને ઉપવાસ પર ઊતરીને વરસાદ લાવે છે. વળી 'ગાઇડ' રિલીઝ થયેલી ત્યારે મુંબઇમાં લાંબો સમય વરસાદ નહોતો પડ્યો ને 'ગાઇડ પ્રેઇસ ફોર રેન' એવું પોસ્ટર પર લખવામાં આવેલું પછી ખરેખર મુંબઇમાં વરસાદ આવ્યો ને ફિલ્મ હિટ થયેલી!

'છોટે નવાબ'નું લતાજીએ ગાયેલ ક્લાસિકલ ગીત ઘર આજા ઘીર આયે બદરા સાંવરિયા આર.ડી.બર્મનની પ્રથમ ફિલ્મનું સુંદર કમ્પોઝિશન છે, જે લતાજીને સંભળાવવા પંચમ હાફપેંટમા ગયેલા! 'સાંઝ ઔર સવેરા'નું રાગ પીલૂમાં રફી-સુમન કલ્યાણપૂરનું અજહુ ના આયે બાલમા સાવન બીતા જાયે કેમ ભૂલાય? શશી કપૂર-રાખીની 'શર્મીલી' ફિલ્મનું હિંદી કવિ નીરજનું ગીત મેઘા છાયે આધી રાત બૈરન બન ગયી નિંદિયા એસ.ડી.બર્મનનું કમનીય છતાં કરુણ ગીત છે.

મસાલા ફિલ્મોમાં જેમજેમ સમય વીતતો ગયો વરસાદનું જોર અને જુવાનીના શોરનું પણ વધ્યું. 'નમક હલાલ' ફિલ્મમાં મુંબઈની સૂની સડક પર રેકડીની ઉપર ચડીને આજ રપટ જાયે તો હમે ના ઉઠાઈયો ગાઈને અમિતાભ એન્ગ્રીયંગમેનની ઈમેજથી નીકળીને અને સ્મિતા આર્ટ સિનેમાની ગંભીર ઈમેજથી હટીને વરસાદમાં ઝૂમીને નાચે છે. વરસાદ હોય એટલે હીરોઈનના શરીર પર પાતળી સાડી અંગ પર ચોંટીને જે ઈફેક્ટ આપે એનો આ ગીત દાખલો છે. એવું જ ૧૯૭૪ની રાજેશ ખન્ના- ઝીનતની 'અજનબી' ફિલ્મના ભીગીભીગી રાતો મેં ઐસી બરસાતો મેં, કૈસા લગતા હૈ? માં ઘરની ટેરેસ પર ઝીનતની ગુલાબી પારદર્શક નાઈટીની ગાંઠ દાંતથી છોડાવતો રાજેશ ખન્ના તો અહીં હીરોઇનથી પણ વધુ રોમેન્ટિક લાગે છે. રાજેશ ખન્નાને સુપરસ્ટાર બનાવનાર 'આરાધના'માં વરસાદમાં ભીંજાઇને ડાકબંગલામાં તાપણાંની આસપાસ એક જ શોટમાં આખું ગીત ફિલ્મવાયેલું એ રૂપ તેરા મસ્તાનામાં રાજેશ ખન્ના હોઠ ધ્રુજાવીને કામાતુર આંખોથી શર્મિલાને સંમોહિત કરે છે. રાજ ખોસલાની 'દો રાસ્તે'નું બિંદીયા ચમકેગી, ચૂડી ખન્કેગી હોય કે મનમોહન દેસાઈ ની 'રોટી' ફિલ્મનું ગીત ગોરે રંગ પે ના ઇતના ગુમાન કર એ બધામાં રાજેશ ખન્ના-મુમતાઝે વરસાદમાં પલળી પલળીને પ્રેમ કર્યો છે. ત્યારનું જ સુનિલ દત્ત નૂતનની 'મિલન'નું ગીત સાવન કા મહીના પવન કરે સોર... આનંદ બક્ષી-લક્ષ્મી-પ્યારેની ટીમનું લોકગીત બની ગયેલું મીઠડું ગીત છે જેમાં વરસાદ નથી અને છે પણ.




૧૯૭૪ની 'મંઝીલ' ફિલ્મનું રીમ ઝીમ ગીરે સાવન રેઇન સોંગમાં મુંબઈના મરીનડ્રાઈવની ફૂટપાથ પર અમિતાભ-મૌસમીને ભીંજાતા જોશો તો એમ જ તમને લાગશે કે ખરેખર મિડલક્લાસનું કપલ ચાલી રહ્યું છે એ બાસુ ચેટરજીના દિગ્દર્શનની એ કમાલ છે કે 'રોટી, કપડા ઔર મકાન' ફિલ્મમાં મનોજ કુમારને નોકરીએ ના જવા માટે સેક્સી ઝીનત જ્યારે ગાય છે- તેરી દો ટકિયા દી નૌકરી મેં મેરા લાખો કા સાવન જાયે ત્યારે ભલભલાને નોકરી છોડીને છોકરી પાસે દોડી જવાનું મન થઈ જાય.

૧૯૮૨ની સની દેઓલની પહેલી ફિલ્મ 'બેતાબ'નું બાદલ યું ગરજતા હૈ એટલે ગરીબોના મહમ્મદ રફી એવા શબ્બીર કુમારના સ્વરમાં મીઠું ગીત છે. રોમાન્સના રાજા યશ ચોપડાની ફિલ્મ 'ચાંદની'નું લગી આજ સાવન કી ફિર વોહ ઝડી હૈમાં કામણગારી શ્રીદેવીના સુંદર લુકને કે એમની જ ફિલ્મ 'યે દિલ્લગી'નું દેખો ઝરા દેખો બરખા કી લડી હૈ ગીતમાં કામણગારી કાજોલ, હોટપેન્ટમાં અલ્લડ અદાથી નાચે છે! 'દિલ તો પાગલ હૈ' ફિલ્મનું ગીત ઘોડે જૈસી ચાલ, હાથી જૈસી દૂમ, ઓ સાવન રાજા કહા સે આયે તુમ? ગીતમાં શાહરુખ-માધુરી ને ૫૦-૬૦ બાળકો વરસાદમાં ડાન્સ કરે છે.

હવે રેન સોંગ્સ ઓછા આવે છે. 'ચમેલી' ફિલ્મમાં બહકા હૈ મન કહીં ગીતમાં કરીનાને કે પછી 'ગુરુ' ફિલ્મના બરસો રે મેઘામાં ઐશ્વર્યાને છેલ્લે વરસાદી ગીતમાં જોઈ હતી...બાકી આજકાલ વરસાદી ગીતોનો એવો દુકાળ છે કે છેલ્લે અક્ષયકુમારની ૨૦૨૧ની 'સૂર્યવંશી'માં છેક ૧૯૯૫માં આવેલી 'મોહરા'નું જૂનું ગીત 'ટીપ ટીપ બરસા પાની' ફરીથી વાપરવું પડેલું!

બાકી હિટ વરસાદી ગીતોનું લિસ્ટ બનાવવા જઈએ તો ૨-૪ ચોમાસા નીકળી જાય ! ■




> ‘મુઝે કહતે હુએ ખુશી હો રહી હૈ કી મિસ્ટર સનત ચૌહાણ કી અભી અભી શાદી હુઈ હૈ ઔર ઉનકી ધર્મપત્ની ભી ઉનકે સાથ આઈ હૈ. વેલ કમ મિસિસ ચૌહાણ!’ કોઈ યુવાન વાઘણ ધીમા ડગલે ચાલતી હોય તેમ સોનલ ઝવેરી હોલમાં પ્રવેશી...

‘**Vikrant** Pipes Wel Comes you’ લખેલું એક બેનર હોટેલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ લગાવેલું હતું. દેશમાં ફેલાયેલા તેના યુનિટ્સમાં કામ કરતા ઈજનેરો માટે વિક્રાંત પાઈપ્સ કંપની દર વર્ષે એક સેમિનાર કરતી. જ્યાં કંપનીના સંચાલકો સહિતના અગત્યના લોકો આવતા. આમ તો આ સેમિનાર એટલે કંપનીના ખર્ચે એક ટુર થઈ જતી. અહીં આવનારા મોજ મજા માટે જ આવતા.

કચ્છમાં કાર્યરત વિક્રાંત પાઈપ્સ યુનિટના હેડ. અશરફ અંસારીએ સિનીયરોને નારાજ કરીને પણ સનતને તક આપી હતી. વિધિવત રીતે કાર્યક્રમ અઢી વાગે શરૂ થવાનો હતો. દરેકને સ્વતંત્ર રૂમ ફાળવાયેલો હતો. બરાબર બાર વાગે પહોંચેલા સનતને ખાસ ઊભા કરાયેલા કાઉન્ટર પર જ બધી વિગત મળી ગઈ. તેના માટે ૩૦૫ નંબરનો રૂમ ફાળવાયેલો હતો. અહીં ખાસ કંઈ કરવાનું નહોતું. બસ થોડા ભાષણો સાંભળવાના હતા, એકાદ ડોક્યુમેન્ટરી જોવાની હતી. એટલે મોજ કરવા સિવાય કશું જ નહોતું. પણ સનતના બારે વહાણ ડૂબેલાં હતાં.

રસ્તામાં જ્યારથી ટેક્સિવાળાએ કહ્યું કે, રેલવે સ્ટેશન પર પોલીસ ફોર્સ કોઈ આતંકવાદી છોકરીને શોધી રહી છે. ત્યારથી સનતના ચહેરા પરથી નૂર ઊડી ગયું હતું. તેણે પોતાના રૂમમાં આવીને કંઈ કર્યા વગર બેડ પર લંબાવી દીધું હતું. આખી રાતનો ઉજાગરો હતો. તેમાંય તેણે જે દોઢ ડહાપણ કરેલું તેના પર વારેઘડીએ પસ્તાવો થઈ રહ્યો હતો. તેણે કેટલાય સવળા વિચાર કરી જોયા. પણ મન કોઈ આશ્વાસન સ્વીકારતું નહોતું. સોનલની ઊભા રહેવાની અદા, તેના કપડાં, તેની વાત કરવાની સ્ટાઈલ, તેનું ટિકિટ વગર ટ્રેનમાં ચડવું. આ બધું કશું સામાન્ય ન હતું. કેટલી બિન્દાસ હતી. સારા ઘરની છોકરીમાં આવી હિંમત જ ન હોય. વળી તેણે પોતાના નંબર શા માટે ન આપ્યા? આ વિચાર ત્યારે જ આવવો જોઈતો હતો. તેણે જે પાસપોર્ટ બતાવ્યો એમાં સોનલ મોહનલાલ ઝવેરી જરૂર લખેલું હતું. પણ પાસપોર્ટ તો નકલી પણ હોઈ શકે. પોતાનો એક લોભ કદાચ હવે આખી જિંદગીની પીડા બની રહેવાનો છે. જો તે પકડાઈ ગઈ અને મારું પણ નામ આપી દેશે તો શું થશે? અધૂરામાં પૂરું એની બેગ મને પકડાવી ગઈ. જરૂર એમાં કોઈ જોખમી ચીજ હોવી જોઈએ. શું કરું? બેગ ખોલીને જોઈ લઉં કે દૂર ક્યાંક ફેંકી આવું? પણ પેલા ડ્રાઈવરની વાત સાચી જ છે એની ખાતરી કેમ કરવી? સોનલ આતંકવાદી ન પણ હોય. તેણે કહ્યું એમ તે ખરેખર ઘરથી ભાગી નીકળી હોય. એ અહીં આવી પહોંચે તો એને શું કહેવું? મન કોઈ એક વાત પર સ્થિર થતું ન હતું. પોતે જરૂર કોઈ ભયંકર કાવતરામાં ફસાઈ ગયો છે એવું તેણે માની લીધું. પ્રતિપળે તેને પોલીસ આવી પહોંચ્યાના ભણકારા વાગવા માંડ્યા.

તેને કાઉન્ટર પરથી સેમિનારનો શેડ્યુઅલ ચાર્ટ મળ્યો તેમાં જમવાનો સમય એક અને બે વચ્ચેનો બતાવેલો હતો. પણ સનતની ભૂખ જ મરી પરવારી હતી. તેણે બેડ પર પડ્યા પડ્યા કપાળ ચપટીમાં પકડી લીધું. મગજમાં શૂન્યાવકાશ થઈ ગયો હતો. કેમેય કોઈ સારો વિચાર આવતો નહોતો. તેને પોતાના સરળ માબાપ યાદ આવી ગયા. તેને થયું. પોતાની મા જ્યારે પણ ફોન કરે એક વાત જરૂર કહેતી. બેટા, લગ્ન કરી લે. પણ દરેક વખતે તે હસીને ગોળ ગોળ જવાબ આપી દેતો. રાતે સોનલને જોઈને જસ્ટ ટાઈમ પાસ કરવાનો વિચાર આવ્યો અને એ ખુરાંટ છોકરીએ તેને આબાદ ફસાવી લીધો. હવે આ વાત અહીં કરવી તો કોને કરવી. તેને એવોય વિચાર આવ્યો કે, નજીકના કોઈ પોલીસ સ્ટેશને જઈને આખીય વાત કહી દેવી. પોતે કોણ છે અને શા માટે આવ્યો છે તે વિશે પોલીસને કોઈ પુરાવા આપવાની જરૂર નહીં પડે. પણ તેમ કર્યા પછી પોલીસ અહીં આવ્યા વગર ન રહે. અહીં તો કંપનીના માલિકો અને એમ ડી સુધ્ધાં આવવાના છે. જો એમને મારા પરાક્રમની ખબર પડે તો એ પાછો કચ્છ જવાને બદલે ઘરે જ મોકલી દે.

સનત ખરો મુંઝાયો હતો. વિચારોના ઘોડા બે લગામ દોડતા હતા. ઘડિયાળનો કાંટો આગળ સરતો હતો. તેણે મનોમન પોતાના ઈશ્વરને યાદ કર્યો અને જે થાય તે જોઈ લેવાશે. એમ માની પોતાની બેગ ખોલી. સોનલની બેગ જોઈ તેને ફરી એ બેગ ખોલી જોઈ લેવાની ઈચ્છા થઈ. એવુંય થયું કે, જોઈ લેવામાં શું વાંધો છે અને જો કાંઈ વાંધા જનક નીકળ્યું તો? સનત ધ્રૂજી ગયો. તેણે ઘડીભર આંખો મીંચી લીધી. તીર છૂટી ચુક્યા છે સનત. હવે જે નક્કી કરશે તે પેલી સોનલ કરશે. તું તારું કામ કર. તું જો તો ખરો કે સાંજ સુધીમાં શું થાય છે. સોનલ આતંકવાદી હોય કે ન હોય. તું ક્યાં આતંકવાદી છો? સનતની હિંમત પાછી વળી. તેણે બેગમાંથી કપડા કાઢી બેડ પર મૂક્યા. હોટેલ તરફથી એક ટુવાલ સાબુ અને નેપ્કિન અગાઉથી જ બેડ પર મુકેલા હતા. તેણે ટુવાલ ઉપાડ્યો અને બાથરૂમ ખોલ્યો અને શાવર ચાલુ કર્યું. ઠંડા પાણીની ધારાઓથી તેના મનનો પરિતાપ થોડો શમ્યો. તે નિરાંતે નહાયો અને તૈયાર થઈ જમવા માટે ડાઈનિંગ હોલમાં ગયો ત્યારે કેટલાક લોકો તેને જુદી રીતે જોઈ રહ્યા. જોકે અહીં દરેકે પોતાનું આઈડેન્ટિટી કાર્ડ ભરાવી રાખવું ફરજિયાત હતું, ચાલીસી પાર કરી ગયેલો એક જણ સનતનું કાર્ડ વાંચી જરા નેણ ઊંચા કરીને બોલ્યો. ‘ઓહો ફ્રોમ કચ્છ. ભૈયા આપકે કચ્છ કા નામ આજકલ બહોત ચર્ચા મેં હૈ.’

‘હાં અર્થક્વેક કે બાદ વહાં પર બહોત સારી ઈન્ડસ્ટ્રિયાં લગી હૈ. ઔર હમારી કંપની કા યુનિટ ભી કાફી કામ કર રહા હૈ.’

‘કાફી નહીં, સબસે જ્યાદા. પર આપકી ઉંમર જ્યાદા નહીં લગતી. વૈસે કિતને સાલોં સે વહાં પર હો?’

‘મૈં ફ્રેશ હું સર. મુઝે તીન સાલ હી હુએ હૈં.’

‘નસીબવાલે હો. દો સાલોમેં હી યહાં આ ગયે હો.’

સનતે થોડી હળવાશ અનુભવી. ડાઈનિંગ હોલમાં કેટલાક લોકો સાથે વાતો થઈ. થોડો અજંપો દૂર થયો, સોનલના વિચારો હવે એટલા ડરાવતા ન હતા. હોટેલ સિલ્વર લાઈનના બેઝમેન્ટ હોલમાં જાણે કોઈ પ્રદર્શન યોજાયું હોય તેમ જાત જાતના ફ્લેક્સ બેનર ટીંગાડેલા હતા. હોલ ખાસ્સો એવો મોટો હતો. એ મોટાભાગે આવી કોન્ફરન્સ માટે જ વપરાતો. સ્ટેજની બરાબર પાછળ મોટા અક્ષરે કંપનીનું નામ સ્લોગન અને લોગો ચિતરેલો હતો. સ્ટેજની સામે દસેક ખુરશીઓ મૂકેલી હતી.

બરબર સવા બે વાગે હોલની મોટાભાગની ખુરશીઓ ભરાઈ ગઈ. રાતભરનો ઉજાગરો, ભરપેટ ખાવાનું અને એ.સી. હોલની ઠંડકને કારણે સનતની આંખ ઘેરાતી હતી. તે સોનલ અને ઊંઘને ભૂલવા ખાસ્સી મથામણ કરતો હતો તોય એ બેય પ્રવેશી જતી હતી. બરાબર અઢી વાગે વિક્રાંત પાઈપ્સના માલિક અભિજીત બિન્દ્રા ટોચના અધિકારીઓ સાથે હોલમાં પ્રવેશ્યા. તેમના આવવાની સાથે જ હોલમાં તાળીઓ ગુંજી ઊઠી. હોલમાં સંચાલિકા સહિત ચાર સ્ત્રી હતી. જેમાં બાકીની ત્રણ કોઈ વહીવટી વિભાગમાં કામ કરતી હોય તેવી દેખાતી હતી. કાર્યક્રમની શરૂઆતે કંપનીએ દેશમાં કામ કરતા પોતાના જુદા જુદા યુનિટ્સ પર બનાવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી. સનતને પોતાના યુનિટના દશ્યો જોતી વખતે થોડો રોમાંચ થયેલો.

સનતને પોતાની સ્થિતિ કોઈની નજરે ન ચડે તેની ચિંતા હતી. તેણે પોતાના મનને સજાગ કર્યું. પણ અચાનક સ્પીકરમાંથી મેગ્નિફાય થયેલા સંચાલિકાના શબ્દોએ સનતની ઊંઘ ઉડાવી દીધી. ‘હમારે જનરલ મેનેજિંગ ડિરેક્ટર શ્રીમાન અરોરા સા’બકે સન્માન કે લિયે મૈં આમંત્રિત કરતી હું હમારે કચ્છ યુનિટ સે આયે હુએ મિસ્ટર સનત ચૌહાણ કો. વે વહાં પર જુનિયર ઈજનેર કે રૂપમેં કાર્ય કર રહેં હૈ. મૈં દેખ રહી હું કી યહાં વે સબસે કમ ઉમ્રકે હૈં.’

પોતાનું નામ સાંભળી સનતે સુખદ આંચકો અનુભવ્યો. આવું કેમ થયું તે વિચારવાનો તેની પાસે સમય નહોતો. સનતે સ્ટેજ પર જઈ હસીને ગુલદસ્તો અરોરાને આપ્યો અને પીઠ ફેરવી ત્યાં જ કંપનીના માલિક અભિજીતે કહ્યું, ‘જસ્ટ અ મિનિટ પ્લીઝ.’

‘યસ સર’ કહીને સનત અભિજીત બિન્દ્રા સામે ઊભો રહ્યો. વિક્રાંત પાઈપ્સના માલિકે અભિજીત શેક હેન્ડ કરવા હાથ લાંબો કરતા કહ્યું, ‘કચ્છ સે આયે હો? સબ ઠીકઠાક ચલ રહા હૈ? કોઈ તકલીફ નહીં હૈ ન?’

સનતના પગ પાણી પાણી થઈ રહ્યા હતા પોતાના જેવા સેંકડો ઈજનેરો જ્યાં કામ કરે છે, જેમની પાસે કોઈની સાથે વાત કરવાનો ભાગ્યે જ સમય હોય એવા કંપનીના માલિકે સામેથી પોતાની સાથે વાત કરી, ‘જી નહીં સર. કોઈ તકલીફ નહીં હૈ’ પણ સનતનું આશ્ચર્ય શમે તે પહેલા જુદી ઘટના બની. વ્યવસ્થા સંભાળતા એક કર્મચારીએ નાની એવી ચીઠ્ઠી સંચાલિકાને આપી. સંચાલિકાએ વાંચીને એ ચિઠ્ઠી અભિજીત બિન્દ્રા પાસે પહોંચાડી. તેમણે આંખોના ઈશારાથી કશીક બાબત માટે હા પાડી. સંચાલિકાના હોઠ મલકી રહ્યા. તેણે પોતાની આગવી સ્ટાઈલમાં કહ્યું. ‘મુઝે કહતે હુએ ખુશી હો રહી હૈ કી મિસ્ટર સનત ચૌહાણ કી અભી અભી શાદી હુઈ હૈ ઔર ઉનકી ધર્મપત્ની ભી ઉનકે સાથ આઈ હૈ. હાં પર ઉન્હોંને અંદર બૈઠને કી અનુમતિ માગી હૈ. વેલ કમ મિસિસ ચૌહાણ પ્લીઝ વેલ કમ’ હોલ તાળીઓથી ગુંજી ઉઠ્યો.

કોઈ યુવાન વાઘણ ધીમા ડગલે ચાલતી હોય તેમ અંદર પ્રવેશેલી સોનલ ઝવેરીએ દૂરથી જ સ્ટેજ પર બેઠેલા સામે હાથ જોડ્યા. પેન્ટ અને ટી શર્ટમાં સજ્જ સોનલને આખો હોલ બે ઘડી જોઈ જ રહ્યો. કેટલાક નિસાસો નાખીને મનોમન બોલ્યા, આ છોકરાની શું કિસ્મત છે.

બધું શું થઈ રહ્યું છે તે ન સમજી શકેલા સનતને આંખે અંધારા આવવા લાગ્યા. તેણે પોતાની સીટ સજ્જડ પકડી લીધી. તેને એકાએક ટેક્સિ ડ્રાઈવરની વાત યાદ આવી. તેના શરીરમાં ભયની કંપારી ફરી વળી. (ક્રમશઃ)■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दीदार | લાંબું |
| दीन | તેજ |
| दीप्ति | દેખાવ |
| दीमक | ગરીબ |
| दीर्घ | ઊધઈ |

### જાણવા જેવું

કરીના કપૂર - ખાનને ફિલ્મો તેમજ ટેલિવિઝન સિરિયલ - સિરીઝ જોવી બેહદ પસંદ છે. હિન્દી ફિલ્મોમાં તેની ફેવરિટ છે શાહરુખ ખાન - કાજોલની ‘દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે’. આ સિવાય આમિર ખાનની ‘કયામત સે કયામત તક’ તેમજ દાદાજી રાજ કપૂર દિગ્દર્શિત ‘પ્રેમ રોગ’ પણ તેની મનગમતી ફિલ્મો છે.

### ગુજરાત મોરી મોરી રે

કેટલીક હિન્દી ફિલ્મો બનાવનારા મેહુલ કુમારએ અરુણા ઈરાનીને લઈને બનાવેલી ગુજરાતી ફિલ્મ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) ઠાકુરાણી ગંગા
બ) ચરોતરની ચંપા
ક) પાનેતર
ડ) કંચન અને ગંગા

### નોંધી રાખો

*વિલન મનમોહને અભિનય કારકિર્દીની શરૂઆત મનોજકુમારની ફિલ્મથી થઈ હતી અને તેમની અંતિમ ફિલ્મ પણ મનોજ કુમારની ‘ક્રાંતિ’ હતી.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ■ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | ૧૫ | ■ | |
| ૧૬ | | ૧૭ | ■ | | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ■ | ૨૦ | | | ■ | ૨૧ | ■ | ૨૨ | | ૨૩ |
| ૨૪ | ■ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | | |
| | ■ | ૩૦ | | | ■ | ૩૧ | | | |
| ૩૨ | | | ■ | | ■ | ■ | ૩૩ | | |

#### આડી ચાવી

૧. આકાશ (3)
૪. ઊંઘ અને --- વધારો એટલા વધે અને ઘટાડો એટલા ઘટે (3)
૬. સતત વરસાદ (૨)
૭. સ્નેહાળ, પ્રેમાળ (3)
૯. રીત, રિવાજ (3)
૧૧. નાશવંત (3)
૧૨. શ્રમ, મહેનત (૨)
૧3. પારકું (૨)
૧૪. ---ની ફાકી કરે એનું નામ ફકીર (3)
૧૬. ડાકિયો, પોસ્ટમેન (3)
૧૮. પવિત્ર (3)
૨૦. વહેતાં પાણીમાં થતું કુંડાળું (3)
૨૨. માનતા, બાધા (3)
૨૫. એક ચોપગું પ્રાણી (3)
૨૬. --- રાખે તેને કોણ ચાખે (૨)
૨૭. કેફી ચીજોથી ચડતો કેફ (૨)
૨૮. વાળેલો આંકડો (3)
૨૯. દેવની આરતી, ભસ્મ વગેરે (3)
30. મેળાપ, સંયોગ (3)
3૧. તફાવત, ફરક (૨)
3૨. તલવાર (3)
33. કામદેવ (3)


#### ઊભી ચાવી

૧. મન, હૃદય (૫)
૨. કૃપા, મહેરબાની (3)
3. મહાદેવ (૪)
૪. લાંછન, બટ્ટો (૨)
૫. સમુદ્ર (૪)
૮. તંતુ, તાંતણો (૨)
૧૦. ઈનામ, શાબાશી (૪)
૧૧. બનાવટી (3)
૧૫. કવિતા (3)
૧૭. કડવો હોયે --- પણ શીતળ તેની છાંય (3)
૧૯. ફુરસદ (૪)
૨૧. ચમત્કાર (3)
૨3. એક જ કાળમાં સાથે હયાત હોય તેવું (૫)
૨૪. વિધાતાનાં લેખમાં કોઈ --- કરી શકે નહીં (૪)
૨૫. સત્તા, અધિકાર (૪)
૨૮. પર્વત (૨)
૨૯. સૃષ્ટિનો સૌથી પ્રથમ જન્મેલો પુરુષ (3)
30. --- તેવો રંગ (૨)

#### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | જો | ૨ ગ | ■ | ૩ ના | ૪ વિ | ■ | ૫ કુ | સં | ૬ પ |
| ભા | ■ | ૭ હ | સ્તી | ■ | ૮ રો | ટી | ■ | ■ | ગા |
| ૯ વ | ૧૦ ચ | ન | ■ | ■ | ધી | ■ | ૧૧ ઉ | મ | ર |
| ૧૨ ના | મ | ■ | ૧૩ ન | ■ | ■ | ૧૪ અ | મે | ■ | ■ |
| ■ | ત્કા | ■ | ૧૫ વ | ક્તા | ■ | ૧૬ મં | દ | ૧૭ મ | તિ |
| ૧૮ સ | ર | ૧૯ ભ | રા | ■ | ૨૦ બા | ગ | ■ | બ | ■ |
| ■ | ■ | ૨૧ વા | શ | ■ | ■ | લ | ■ | ૨૨ લ | ૨૩ ગી |
| ૨૪ અ | વ | ની | ■ | ૨૫ કા | ■ | ■ | ૨૬ વ | ક | રો |
| વા | ■ | ■ | ૨૭ તા | બે | ■ | ૨૮ છ | ત | ■ | ખ |
| ૨૯ ક | વે | ણ | ■ | ૩૦ લ | જ્જા | ■ | ૩૧ ની | ય | ત |

### ઓળખાણ પડી?



શેક્સપિયરના કૉમેડી નાટક ‘કૉમેડી ઑફ એરર્સ’ પરથી બનેલી ફિલ્મની ઓળખાણ પડી? સંજીવ કુમાર - દેવેન વર્મા ડબલ રોલમાં હતા.

અ) અંગુર બ) રંગબિરંગી
ક) આંધી ડ) દો દૂની ચાર

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

હેમંત કુમારના સ્વરાંકન અને કલ્યાણજીભાઈના કલેવાયોલિન પર બીનના સૂરથી ધૂમ મચાવનાર ગીત વૈજયંતિમાલાની કઈ ફિલ્મમાં હતું?

અ) લીડર બ) મધુમતી ક) નાગિન ડ) દુનિયા

### માઈન્ડ ગેમ

સંજય દત્ત અને ઉર્મિલા માતોંડકરને મુખ્ય ભૂમિકામાં ચમકાવી સંજય છેલએ દિગ્દર્શિત કરેલી મસ્ત મજાની હિન્દી ફિલ્મનું નામ જણાવો.

અ) યસ બોસ બ) કિસ્મત કનેક્શન ક) ખૂબસૂરત ડ) દુશ્મન

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૫ | ૭ | | | | | |
| | | ૬ | | | | ૪ | | ૯ |
| ૩ | | | ૬ | | | | ૨ | |
| | | ૧ | | ૮ | | | | ૩ |
| | | | ૪ | ૬ | ૫ | | | |
| ૫ | | | | ૩ | | ૯ | | |
| | ૮ | | | | ૬ | | | ૨ |
| ૬ | | ૭ | | | | ૩ | | |
| | | | | | ૩ | ૮ | ૬ | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૪ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૫ | ૭ | ૬ | ૧ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૭ | ૬ | ૧ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |
| ૬ | ૩ | ૫ | ૭ | ૧ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૨ | ૯ | ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ |
| ૭ | ૬ | ૨ | ૪ | ૩ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૫ | ૩ | ૮ | ૭ | ૯ | ૨ | ૪ | ૬ |
| ૮ | ૪ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૩ | ૭ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दिलचस्प | આકર્ષક |
| दिलावर | ઉદાર |
| दिल्लगी | મશ્કરી |
| दिवाला | દેવાળું |
| दिलदार | પ્રિય |

**ગુજરાત મોરી મોરી રે:** ભવની ભવાઈ

**ઓળખાણ પડી?** કોશિશ

**માઈન્ડ ગેમ :** દુશ્મન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ગુપ્ત

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ એ. ગોઠી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) વિજય આસર (૩૫) અરવિંદ કામદાર (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ગિરીશબાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) પ્રવીણ વોરા (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) જયવંત પદમશી ચિખલ (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ




# વર્લ્ડ કપના આ રેફરીને લાગશે 'લૉટરી': મેસીનો ગોલ રોકનાર હવે તેની જ કૅપ્ટન્સીમાં રમશે!

ન્યૂ યૉર્ક: ૨૦૨૬ના ફિફા વર્લ્ડ કપમાં ઘણા ગોલકીપરે કરોડો ચાહકોની વાહ-વાહ મેળવી છે, પણ માંડ પાંચ લાખ લોકોની વસતી ધરાવતા કેપ વર્ડે નામના ટચૂકડા દેશના ૪૦ વર્ષીય ગોલકીપર વૉઝિન્યા જેટલી નામના બીજા કોઈએ નથી મેળવી અને એ સફળતા તેને જાણીતી પ્રોફેશનલ ક્લબ સુધી દોરી રહી છે, કારણકે અટકળ એવી છે કે અમેરિકાની ઇન્ટર માયામી ક્લબની ટીમ વૉઝિન્યાને સાઇન કરવા માગે છે. આ કરાર થશે તો વૉઝિન્યાને લાખો ડૉલરની ફી મળશે. નવાઈની વાત એ છે કે લિયોનેલ મેસી મેજર લીગ સૉકર (એમએલએસ) ઇન્ટર માયામીનો કૅપ્ટન છે અને જો ડીલ થશે તો વૉઝિન્યા તેની કૅપ્ટન્સીમાં રમશે. ઇંગ્લૅન્ડનો સૉકર-લેજન્ડ ડેવિડ બેકહૅમ ઇન્ટર માયામીનો સહ-માલિક છે. વૉઝિન્યાનો જી. ડી. શાવેઝ ક્લબ સાથેનો કૉન્ટ્રૅક્ટ વર્લ્ડ કપ પહેલાં જ પૂરો થઈ ગયો હતો અને તેને હવે ઇન્ટર માયામી સહિત કોઈ પણ ક્લબ ખરીદી શકે છે. બ્રાઝિલની કેટલીક ક્લબો પણ તેને ખરીદવા રેસમાં છે.

કેપ વર્ડેને આ વર્લ્ડ કપ પહેલાં ફૂટબૉલ જગતમાં ભાગ્યે જ કોઈ ઓળખતું હતું. પશ્ચિમ આફ્રિકાના દરિયા કાંઠાની નજીક વસેલો આ દેશ ૧૦ એવા ટાપુઓથી બનેલો છે જેના ઉદ્ભવ જ્વાળામુખી ફાટ્યા બાદ થયા હતા. આ દેશની ફૂટબૉલ ટીમને આ વખતે પહેલી જ વખત ફિફા વર્લ્ડ કપમાં રમવા મળ્યું અને એણે પોતાના સ્પેન (૦-૦), ઉરુગ્વે (૨-૨) અને સઉદી અરેબિયા (૦-૦) જેવી મજબૂત ટીમો સામેની મૅચ ડ્રૉ કરાવી હતી અને એનું સૌથી વધુ શ્રેય કેપ વર્ડેના ગોલકીપર વૉઝિન્યાને જાય છે.

કેપ વર્ડેએ લીગ રાઉન્ડમાં પોતાની સામે કોઈને પણ ન જીતવા દીધા અને ઉરુગ્વેને તો સ્પર્ધાની બહાર જ કરી દીધું હતું. વૉઝિન્યાએ ત્રણેય ટીમ સામેની મૅચમાં અનેક



વખત ગોલ થતા રોક્યા હતા અને નૉકઆઉટ રાઉન્ડમાં તો તેણે હદ કરી દીધી હતી. આર્જેન્ટિના સામે કેપ વર્ડેનો ૨-૩થી પરાજય જરૂર થયો, પણ એ પહેલાં વૉઝિન્યાએ બે વખત લિયોનેલ મેસીને ગોલ કરવામાં નિષ્ફળ બનાવ્યો હતો. વૉઝિન્યાના ફૉલોઅર્સ ૫૦,૦૦૦માંથી બે કરોડથી પણ વધી ગયા છે.

એ મૅચ પછી ખુદ વૉઝિન્યા આર્જેન્ટિનાની ટીમને અભિનંદન આપવાની સાથે મેસી પાસે પહોંચી ગયો હતો. ખુદ વૉઝિન્યાએ એક મુલાકાતમાં કહ્યું છે, 'હું મેસીને મળ્યો ત્યારે તે મને ભેટ્યો હતો અને મને કહ્યું કે યુ આર ગ્રેટ...તમારા દેશની પ્રજાને તમારા પર ખૂબ ગર્વ થશે.' વૉઝિન્યાએ ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું કે 'લિયો મેસી જેવા મહાન ખેલાડી તરફથી આવા અભિનંદન મળે એનાથી વિશેષ બીજું શું કહેવાય. મેં પણ મેસીને કહ્યું કે યુ આર બેસ્ટ. ત્યાર પછી મેં મેસીને કહ્યું કે આપણે જર્સીની આપ-લે કરીએ? મેસીએ મને કહ્યું કે ઇન્ટરવ્યૂ પછી તમને ટનલમાં (ડ્રેસિંગ રૂમ તરફ જતી વખતે) આપીશ.' ■

# મેસી નંબર-વન, રોનાલ્ડો ટૉપ-ટેનમાં પણ નથી

## જાણો, શ્રેષ્ઠ ગોલકર્તાઓની આંકડાબાજી

ન્યૂ યૉર્ક: ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા) દ્વારા આયોજિત વર્લ્ડ કપનું આયોજન ૧૯૩૦ની સાલથી થાય છે, આ ૯૬મું વર્ષ છે અને અત્યારે ૨૩મો વર્લ્ડ કપ ચાલી રહ્યો છે ત્યારે ખૂબ રસપ્રદ અને આશ્ચર્યજનક આંકડા જાણવા મળ્યા છે જેમાં વ્યક્તિગત પર્ફોર્મન્સની વાત કરવામાં આવી છે. ૯૬ વર્ષના ઇતિહાસમાં કોઈક ખેલાડીએ લાખો ચાહકોને પ્રભાવિત કર્યા છે તો કોઈક પ્લેયરના ફૉલોઅર્સની સંખ્યા કરોડોમાં છે. જે કંઈ હોય, સૌથી વધુ ગોલ કોણે કર્યા એ મુદ્દો અહીં સૌથી મહત્ત્વનો છે અને એમાં કરોડોનો લાડલો લિયોનેલ મેસી મોખરે છે.

જેમ જેમ વિશ્વ કપનો ઇતિહાસ બદલાતો ગયો એમ સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં બદલાવ થતો ગયો. ભૂતકાળમાં પેલે, ડિયેગો મૅરડોના, ડેવિડ બેકહૅમ, મિરોસ્લાવ ક્લોઝ, રોનાલ્ડો નૅઝારિયો (બ્રાઝિલ), રોનાલ્ડિન્યો, વેઇન રૂની વગેરે ખેલાડીઓ ખૂબ ચમક્યા અને સૌથી વધુ ગોલ કરનારાઓની યાદીમાં નામ લખાવતા ગયા, પણ હાલમાં તો સુપરસ્ટાર લિયોનેલ મેસી સર્વોચ્ચ સ્થાને છે.

મેસી સૌથી વધુ છ વર્લ્ડ કપ રમ્યો છે જેમાં તેણે સૌથી વધુ ૨૧ ગોલ કર્યા છે. તેણે ૨૦૦૬માં જર્મનીમાં આયોજિત ફિફા વર્લ્ડ કપમાં એક ગોલથી શરૂઆત કરી હતી. ૨૦૧૦ના સાઉથ આફ્રિકાના વર્લ્ડ કપમાં તે એકેય ગોલ નહોતો કરી શક્યો, પરંતુ ૨૦૧૪માં બ્રાઝિલમાં તેણે ચાર ગોલ, ૨૦૧૮માં રશિયામાં એક ગોલ, ૨૦૨૨માં કતારમાં સાત ગોલ કર્યા હતા. આ વખતે અમેરિકા, કૅનેડા, મેક્સિકોમાં સંયુક્ત રીતે આયોજિત વર્લ્ડ કપમાં તેણે અત્યાર સુધીમાં આઠ ગોલ કર્યા છે. નવાઈની વાત એ છે કે મેસી ૩૯ વર્ષનો થઈ ગયો છે અને આ વખતે તેણે નવા તેમ જ પોતાનાથી ઘણા યુવાન ખેલાડીઓ વચ્ચે સૌથી વધુ આઠ ગોલ કર્યા છે.

### એક રોનાલ્ડો ચોથા ક્રમે, બીજો રોનાલ્ડો ટૉપ-ટેનની બહાર

મેસી પછી (ગુરુવાર, નવમી જુલાઈની બપોર સુધીમાં) બીજા નંબરે ફ્રાન્સનો કીલિયાન ઍમ્બપ્પે હતો. તેના નામે ૧૯ ગોલ હતા. તેણે ૨૦૧૮માં રશિયામાં ચાર ગોલ, ૨૦૨૨માં કતારમાં આઠ ગોલ કર્યા હતા અને આ વખતે ક્વૉર્ટર ફાઇનલની પહેલાં સાત ગોલ કર્યા હતા. બ્રાઝિલનો રોનાલ્ડો લુઇસ નૅઝારિયો દ લિમા ટૉપ-ટેનની યાદીમાં છે, પણ છઠ્ઠો અને છેલ્લો વર્લ્ડ કપ રમનાર પોર્ટુગલના ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું નામ ટૉપ-ટેનમાં નથી. બ્રાઝિલનો રોનાલ્ડો નૅઝારિયોએ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટોમાં કુલ ૧૫ ગોલ કર્યા હતા અને તેણે બ્રાઝિલને ૧૯૯૪ તથા ૨૦૦૨ની સાલમાં ટ્રોફી અપાવી હતી. ■



### ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ ગોલકર્તા ખેલાડીઓ

(૧) લિયોનેલ મેસી (આર્જેન્ટિના): ૩૧ મૅચમાં ૨૧ ગોલ
(૨) કીલિયાન ઍમ્બપ્પે (ફ્રાન્સ): ૧૯ મૅચમાં ૧૯ ગોલ
(૩) મિરોસ્લાવ ક્લોઝ (જર્મની): ૨૪ મૅચમાં ૧૬ ગોલ
(૪) રોનાલ્ડો નૅઝારિયો (બ્રાઝિલ): ૧૯ મૅચમાં ૧૫ ગોલ
(૫) ગર્ડ મુલર (જર્મની): ૧૩ મૅચમાં ૧૪ ગોલ
(૬) હૅરી કેન (ઇંગ્લૅન્ડ): ૧૫ મૅચમાં ૧૪ ગોલ
(૭) જસ્ટ ફૉન્ટેન (ફ્રાન્સ): છ મૅચમાં ૧૩ ગોલ
(૮) પેલે (બ્રાઝિલ): ૧૪ મૅચમાં ૧૨ ગોલ
(૯) સૅન્ડોર કૉક્સિસ (હંગેરી): પાંચ મૅચમાં ૧૧ ગોલ
(૧૦) જુર્ગેન ક્લિન્સમૅન (જર્મની): ૧૭ મૅચમાં ૧૧ ગોલ
(૧૧) ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ): ૨૬ મૅચમાં ૧૧ ગોલ
(૧૨) હેલ્મૂટ રાન (જર્મની): ૧૦ મૅચમાં ૧૦ ગોલ
(૧૩) ગૅબ્રિયલ બૅટિસ્ટૂટા (આર્જેન્ટિના): ૧૨ મૅચમાં ૧૦ ગોલ
(૧૪) ગૅરી લિનેકર (ઇંગ્લૅન્ડ): ૧૨ મૅચમાં ૧૦ ગોલ
(૧૫) ટેઑફિલો કુબિલસ (પેરુ): ૧૩ મૅચમાં ૧૦ ગોલ ■

# ઇજિપ્ત રેફરીના મુદ્દે લડી લેવાના મૂડમાં

ઍટલાન્ટા: આર્જેન્ટિનાએ ઇજિપ્ત સામે વર્લ્ડ કપની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં ૦-૨થી પાછળ રહ્યા પછી વિશ્વ કપના ઇતિહાસના શ્રેષ્ઠ કમબૅકમાં ગણાતા કમબૅકમાં છેવટના સમયગાળામાં માત્ર ૧૫ મિનિટમાં મેસીના એક ગોલ સહિત કુલ ત્રણ ગોલ કરીને ચમત્કારિક વિજય મેળવ્યો એ બાદ ઇજિપ્તનું ફૂટબૉલ ફેડરેશન રેફરીના નિર્ણયોના મુદ્દે ફિફા સાથે લડી લેવાના મૂડમાં છે.

જોકે ફિફાએ કહ્યું છે કે 'ખોટી આક્ષેપબાજી અમે નહીં ચલાવીએ. નક્કર પુરાવા સાથે વિરોધ કરજો. અમને અમારા રેફરીઓની વફાદારી પર ગર્વ છે.' ■

# ફિફા વર્લ્ડ કપની ક્વૉલિફાઇંગમાં રમી ચૂકેલા ફૂટબોલરનું ડૂબી જવાથી મૃત્યુ

બુખારેસ્ટ: ભૂતપૂર્વ ફૂટબૉલ ખેલાડી ગૅબ્રિયેલ મુરેસન સરોવરમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યો છે. રોમાનિયા વતી રમી ચૂકેલો ગૅબ્રિયેલ થોડા વર્ષ પહેલાં જે શહેરનો મેયર હતો એ જ શહેરની નજીકના લેકમાં બુધવારે ડૂબી ગયો હતો. ગૅબ્રિયેલ મિડફીલ્ડર હતો. હંગેરી વતી તે નવ મૅચ રમ્યો હતો. ખાસ કરીને ૨૦૦૭થી ૨૦૧૧ દરમ્યાન તે વર્લ્ડ કપ માટેના ક્વૉલિફાઇંગ રાઉન્ડની મૅચમાં તેમ જ યુરોપિયન ચૅમ્પિયનશિપમાં રમ્યો હતો. તેણે ત્રણ વખત ક્લુજ નામની ક્લબને રોમાનિયન લીગનું ટાઇટલ અપાવ્યું હતું. પ્રોફેશનલ ફૂટબૉલમાં તે મૅન્ચેસ્ટર યુનાઇટેડ અને ચેલ્સી વિરુદ્ધ રમ્યો હતો. ■



ગૅબ્રિયેલ મુરેસન (જમણે) સરોવરમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યો છે

# મોરોક્કોના ફૂટબોલરની પત્રકાર પરિષદમાં બે પત્રકાર વચ્ચે ઝપાઝપી: ખેલાડીએ બધાને હસાવતાં કહ્યું...

બૉસ્ટન: ફિફા વર્લ્ડ કપમાં ગુરુવારે (ભારતીય સમય અનુસાર મધરાત બાદ ૧.૩૦ વાગ્યાથી) રમાનારી ફ્રાન્સ-મોરોક્કો વચ્ચેની ક્વૉર્ટર ફાઇનલ માટે એક તરફ દેશ-વિદેશના અનેક પત્રકારો કવરેજ માટે પાક્કી તૈયારી કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ પત્રકાર પરિષદમાં બે પત્રકાર વચ્ચે ખટપટ થઈ હતી અને પછી તો તેઓ મારામારી પર ઊતરી આવ્યા હતા જેને પગલે મામલો ગંભીર થઈ ગયો હતો.

મોરોક્કોના ખેલાડી બ્રાહિમ ડિયાઝ આ પ્રેસ કૉન્ફરન્સમાં પત્રકારોના સવાલના જવાબ આપી રહ્યો હતો ત્યારે અચાનક બે પત્રકાર વચ્ચે ઝઘડો શરૂ થયો હતો. વાત ત્યાં જ સુધી નહોતી અટકી. બન્ને પત્રકાર ઝપાઝપી પર



ઊતરી પડ્યા હતા.

પત્રકાર પરિષદમાં આવું ક્યારેય ન બને, પણ ફિફા વર્લ્ડ કપમાં માહોલ જ એવો છે જેમાં લગભગ દરેક મૅચમાં હરીફ ખેલાડીઓ એકમેકને નીચે પાડવા કોઈ કસર નથી છોડતા. મેદાન પર બનતી એવી ઘટનાની નકારાત્મકતા જાણે મનમાં ઘર કરી ગઈ હોય એમ બન્ને પત્રકાર પણ એકબીજાને ઝાંખા પાડવા ઝઝૂમી રહ્યા હતા.

મોરોક્કોનો ખેલાડી બ્રાહિમ ડિયાઝ સ્તબ્ધ થઈ ગયો હતો. જોકે થોડી વાર પછી તે હળવું હસ્યો અને પત્રકાર પરિષદ ફરી શરૂ થઈ ત્યારે બોલ્યો, 'મને શું સવાલ પૂછવામાં આવ્યો હતો એ જ હું ભૂલી ગયો.' આ સાંભળીને બધા હસી પડ્યા હતા અને વાતાવરણ હળવું થઈ ગયું હતું.

મોરોક્કો સામે ૨૦૧૮ના વર્લ્ડ ચૅમ્પિયન ફ્રાન્સનો મુકાબલો થતાં પહેલાંની મોરોક્કોની આ ટૂર્નામેન્ટમાં સ્થિતિ આ મુજબ હતી: બ્રાઝિલ સામે ૧-૧થી ડ્રૉ, સ્કૉટલૅન્ડ સામે ૧-૦થી વિજય, હૈતી સામે ૪-૨થી વિજય, નેધરલૅન્ડ્સ સામે પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૨થી વિજય અને કૅનેડા સામે ૩-૦થી વિજય. ■

# બેન સ્ટૉક્સની ઓચિંતી નિવૃત્તિના મુદ્દે બબાલ

## આઇસીસીએ ડ્રેસિંગ રૂમના મુદ્દે કઈ તપાસ શરૂ કરી?

લંડન: ઇંગ્લૅન્ડના મહાન ઑલરાઉન્ડર અને ઘણાં વર્ષો સુધી બ્રિટિશ ટીમની કૅપ્ટન્સી સંભાળનાર બેન સ્ટૉક્સને તાજેતરમાં એક નાઇટક્લબમાં તકરાર અને મારામારીની બનેલી ઘટના બાદ એક ટેસ્ટ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો એ પછી ખુદ બેન સ્ટૉક્સે ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રીજી ટેસ્ટ દરમ્યાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી દીધી એ મુદ્દો શમવાને બદલે વકરી ગયો છે.

વાત એવી છે કે કિવીઓ સામેની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ડ્રેસિંગ રૂમમાં બેન સ્ટૉક્સે રિટાયરમેન્ટની જાહેરાતને લગતી જે સ્પીચ આપી હતી એ ઇંગ્લૅન્ડના જ ક્રિકેટ બોર્ડ દ્વારા 'એક્સ' પર શૅર કરવામાં આવી એ બદલ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ઉશ્કેરાઈ ગઈ છે અને આખા કિસ્સામાં તપાસ શરૂ કરી છે.

### ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડે કયો નિયમ તોડ્યો?

બ્રિટિશ ક્રિકેટ બોર્ડે બેન સ્ટૉક્સની ડ્રેસિંગ રૂમવાળી સ્પીચનું ફૂટેજ સોશ્યલ મીડિયા પર શૅર કર્યું હતું તેમ જ એ દિવસની રમત પૂરી થાય એ પહેલાં બ્રૉડકાસ્ટર્સને પૂરું પાડ્યું હતું. આઇસીસીએ આ કિસ્સામાં વાંધો એ લીધો છે કે બ્રિટિશ ક્રિકેટ બોર્ડે પ્લેયર ઍન્ડ મૅચ ઑફિશ્યલ્સ એરિયા (પીએમઓએ)ના નિયમનો ભંગ કર્યો જ શું કામ?

### બેન સ્ટૉક્સે રૂમમાં શું કહ્યું?

બેન સ્ટૉક્સે ત્યારે ડ્રેસિંગ રૂમમાં વીડિયો રેકૉર્ડિંગ દરમ્યાન સાથી



ખેલાડીઓને કહ્યું હતું કે 'આવતા બે દિવસમાં બહુ મોટી ઘટના બનવાની છે. (ફોડ પાડતાં કહ્યું...) તમારા કૅપ્ટન તરીકે આ મારા છેલ્લા બે દિવસ છે. ઇંગ્લૅન્ડ વતી પણ હું હવે માત્ર બે દિવસ રમવાનો છું.'

### આઇસીસીનો નિયમ શું કહે છે?

આઇસીસીનો ઍન્ટિ-કરપ્શન કાર્યવાહી સંબંધમાં પીએમઓએને લગતો નિયમ કહે છે, 'પ્રતિબંધિત એરિયામાં (ડ્રેસિંગ રૂમમાં) ક્રિકેટ ટીમ દ્વારા વીડિયો પ્રસારિત કરવા કે ઑડિયોના ફૂટેજ માટે ફિક્સ્ડ કે કામચલાઉ વીડિયો કૅમેરા કે રેકૉર્ડિંગને લગતા અન્ય સાધનો ન હોવા જોઈએ.' જોકે બેન સ્ટૉક્સે 'કાઢી મૂકો તેને...' એવું મીડિયાની પોસ્ટમાં લખીને આખી ઘટનાને હાસ્યાસ્પદ બનાવી છે. ■

# વર્લ્ડ કપ જિતાડનાર ખેલાડીની હવે ટીમમાં સલામતી જ ક્યાં છે: ઉથપ્પા

## સૅમસનને ઝિમ્બાબ્વે પ્રવાસની ટીમમાં સામેલ ન કરવામાં આવતાં ભૂતપૂર્વ ખેલાડીઓએ આપ્યાં મંતવ્યો...

નવી દિલ્હી: આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ ખાતેના ટી-૨૦ ટીમના પ્રવાસની શરૂઆતમાં ટીનેજ સેન્સેશન વૈભવ સૂર્યવંશી સૌથી વધુ ચર્ચામાં હતો અને તેને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરાવવા ઓપનર સંજુ સૅમસનને ટીમમાંથી પડતો મૂકવાની કેટલાક ભૂતપૂર્વ ક્રિકેટરો તેમ જ અસંખ્ય ક્રિકેટપ્રેમીઓ તરફથી માગણી થતી હતી, પણ સોમવારે સૅમસનને ઝિમ્બાબ્વે ખાતેના આગામી પ્રવાસમાં ન મોકલવાનો નિર્ણય લેવાયો એ પછી હવે સૅમસન તરફ લાગણીનું પૂર વહી રહ્યું છે. કેટલાક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરોના મતે સૅમસનની બાદબાકી યોગ્ય નથી. જોકે ભૂતપૂર્વ પેસ બોલર એસ. શ્રીસાન્તે સૅમસનની વિરુદ્ધમાં નિવેદન આપ્યું છે.

શ્રેયસ ઐયરના સુકાનમાં ભારતીય ટી-૨૦ ટીમ ઇંગ્લૅન્ડમાં પાંચ મૅચની સિરીઝ પૂરી કર્યા બાદ ઝિમ્બાબ્વે જશે જ્યાં ૨૩-૨૬ જુલાઈ દરમ્યાન ત્રણ ટી-૨૦ રમાશે. અજિત આગરકર અને તેની સિલેક્શન કમિટીએ કડક વલણ અપનાવીને કેટલાક નિર્ણય લીધા છે. અગાઉ તેમણે મોહમ્મદ શમી, વિરાટ કોહલી, રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ અને હવે સૅમસનને ડ્રૉપ કરવાનો અણધાર્યો નિર્ણય લીધો છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર મોહમ્મદ કૈફે ઝિમ્બાબ્વે ટૂરની ટીમમાં સૅમસનને ન સમાવવામાં આવ્યો એના કરતાં ઇંગ્લૅન્ડ સામેની વર્તમાન સિરીઝની જ વાત કરી છે. ભૂતપૂર્વ પેસ બોલર એસ. શ્રીસાન્તે કહ્યું છે કે સૅમસનને ડ્રૉપ કરવાનો નિર્ણય યોગ્ય છે.

### સૅમસન વર્લ્ડ કપનો હીરો: રહાણે

ભારતીય ક્રિકેટર અને બોર્ડર-ગાવસકર ટ્રોફીના વિજયી કૅપ્ટન અજિંક્ય રહાણેએ ઇન્સ્ટાગ્રામ પર જણાવ્યું છે કે 'સૅમસન



માર્ચના ટી-૨૦ વર્લ્ડ કપમાં પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ બન્યો હતો. તે આપણા ટી-૨૦ વર્લ્ડ કપની જીતનો હીરો હતો અને હવે તેને પડતો મૂકવામાં આવ્યો એ વિચિત્ર નિર્ણય કહેવાય. આશા છે કે સૅમસન સાથે સિલેક્ટરોનો કોઈ પ્રકારનો સંદેશ વ્યવહાર થયો હશે. આશા છે સૅમસન બહુ જલદી ટીમમાં જોવા મળશે.'

### ફક્ત ત્રણ મૅચમાં નિષ્ફળ ગયો એટલે કાઢી નાખ્યો!: ડોડા ગણેશ

ભૂતપૂર્વ ભારતીય પેસ બોલર ડોડા ગણેશે એક મુલાકાતમાં કહ્યું છે, 'સૅમસન સાથે આ ઠીક નથી થયું. જે બૅટ્સમૅને ભારતને ત્રીજી વર્લ્ડ કપ ટ્રોફી જિતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી તેને ત્રણ જ ફ્લૉપ મૅચ બાદ ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો! આ બહુ હાસ્યાસ્પદ કહેવાય. તેની સાથે સારો વ્યવહાર થવો જોઈતો હતો.

### સૅમસન સાથે ઠીક વ્યવહાર નથી થયો: ઉથપ્પા

ભૂતપૂર્વ ભારતીય બૅટ્સમૅન રૉબિન ઉથપ્પાએ કહ્યું છે, 'બધા સમજે છે કે સૅમસન સાથે ઠીક નથી થયું. મેં સૌથી પહેલાં ઝિમ્બાબ્વેના પ્રવાસ માટેની ટીમ જોઈ ત્યારે મને થયું કે આ બિનસત્તાવાર ટીમ હશે. જોકે એમાં સૅમસનનું નામ ન વાંચવા મળ્યું ત્યારે મને થયું કે એક ખેલાડી સાથે આવો વ્યવહાર થાય એ યોગ્ય ન કહેવાય. ચાર મહિના પહેલાં જેણે વર્લ્ડ કપ જિતાડ્યો તેને કહેવામાં આવ્યું કે તું હવે આરામ કર. જો કોઈ ખેલાડીને વર્લ્ડ કપ જિતાડ્યા પછી પણ ટીમમાં પોતાની સલામતી ન લાગે તો પછી ક્યારે લાગે? સિલેક્શન કમિટીની મીટિંગમાં સૅમસનના નામ પર ચર્ચા પણ ન થવી જોઈએ. તે આપણો વર્લ્ડ કપ હીરો છે. તેણે એકલા હાથે ટ્રોફી અપાવી હતી.

### વર્લ્ડ કપની ભૂલ ફરી થઈ: મોહમ્મદ કૈફ

ભૂતપૂર્વ ભારતીય બૅટ્સમૅન અને ખાસ કરીને ચુસ્ત ફીલ્ડિંગ માટે જાણીતા મોહમ્મદ કૈફે પોતાની યુટ્યૂબ ચૅનલ પર કહ્યું છે, 'ભારતે ચાર મહિના વર્લ્ડ કપમાં જે ભૂલ કરી એ ફરી કરી રહ્યું છે. ત્યારે બે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અભિષેક અને ઇશાન દાવની શરૂઆત કરતા હતા. જોકે ઑફ-સ્પિનર સામે રમવામાં તેમને મુશ્કેલી થતાં તેઓ વિકેટ ગુમાવી બેસતા હતા. ભારતનો મોટા માર્જિનથી પરાજય ન થયો ત્યાં સુધી સૅમસનને નહોતો રમાડવામાં આવ્યો. હવે આયરલૅન્ડમાં ૦-૨થી પરાજય થયો એટલે ટીમમાં ફેરફાર કરાયો, પણ અભિષેક (લેફ્ટ-હૅન્ડ) અને સૅમસન (રાઇટ-હૅન્ડ)ની જોડી ફરી તોડવામાં આવી છે. ઇંગ્લૅન્ડ સામે અભિષેક (લેફ્ટ-હૅન્ડ) અને વૈભવ સૂર્યવંશી (લેફ્ટ-હૅન્ડ)ને ઓપનિંગમાં ઉતારવામાં આવી રહ્યા છે. ઓપનિંગમાં રાઇટી-લેફ્ટી જોડી જ હોવી જોઈએ. ■

# વૈભવ હવે ૧૫ રન પર આઉટ: બે ખેલાડી શ્રેણીની બહાર

બ્રિસ્ટલ: ઇંગ્લૅન્ડ સામેની પાંચ મૅચવાળી સિરીઝની ગઈ કાલની ચોથી ટી-૨૦માં ભારતે બૅટિંગ લીધા પછી શાંત શરૂઆત કરી અને રનમશીનને વેગ મળી રહ્યો હતો ત્યારે વૈભવ સૂર્યવંશી ૧૫ રનના પોતાના સ્કોર પર જોફ્રા આર્ચરના બૉલમાં સૅમ કરૅનને કૅચ આપી બેઠો હતો. તેણે એક સિક્સર અને એક ફોર ફટકારી હતી. વૈભવે સિરીઝમાં આ પહેલાંની બે મૅચમાં અનુક્રમે ૧૪ અને ૧૩ રન બનાવ્યા હતા. તેની વિકેટ બાદ ઇશાન કિશને (ચાર રન) જૉશ ટન્ગના બૉલમાં સૅમ કરૅનને કૅચ આપી દીધો હતો. વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણા ઈજાને કારણે શ્રેણીની બહાર થઈ ગયા છે. ■

# સિલેક્ટરો સૅમસનને કેમ ઝિમ્બાબ્વેના પ્રવાસે નથી મોકલવાના?

નવી દિલ્હી: સંજુ સૅમસન માર્ચ મહિનાના ટી-૨૦ વર્લ્ડ કપનો સુપરસ્ટાર બૅટ્સમૅન હતો, પરંતુ આયરલૅન્ડમાં ફ્લૉપ જવાને કારણે તેને ઇંગ્લૅન્ડમાં સિરીઝની બીજી, ત્રીજી અને ચોથી ટી-૨૦ માટેની ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો તેમ જ તેને આ મહિનાના ઝિમ્બાબ્વે પ્રવાસની ટીમમાં પણ સામેલ નથી કરવામાં આવ્યો એટલે તેની બૅક-ટુ-બૅક બાદબાકીનો મુદ્દો ચર્ચાસ્પદ થયો છે એવામાં આ નિર્ણય વિશે એક કારણ ધ્યાનમાં આવ્યું છે.

સૅમસને માર્ચના વિશ્વ કપની છેલ્લી ત્રણ ઇનિંગ્સમાં અનુક્રમે અણનમ ૯૭, ૮૯ અને ૮૯ રન બનાવ્યા હતા, પણ ત્યાર બાદ હવે આયરલૅન્ડ-ઇંગ્લૅન્ડ સામેની કુલ ત્રણ મૅચમાં તેના સ્કોર ૫, ૦ અને ૧ છે. આ જોતાં હમણાં તેને ટી-૨૦ ટીમથી દૂર કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા હતી, પણ આ જ મહિને ઝિમ્બાબ્વેમાં રમાનારી ત્રણ મૅચની ટી-૨૦ સિરીઝમાં સિલેક્ટરો બે સિનિયર વિકેટકીપર-બૅટ્સમૅન (ઈશાન કિશન અને સેમસન)ને નહોતા મોકલવા માગતા એટલે તેમણે સૅમસનની ટીમમાંથી બાદબાકી કરવાનો નિર્ણય લીધો. જોકે સૅમસનને સપ્ટેમ્બરમાં જાપાનમાં રમાનારી એશિયન ગેમ્સ માટેની ટીમમાં સમાવવામાં આવ્યો જ છે. ■

# શિંદે-પવારની મુલાકાત સાથી પક્ષ સેના (યુબીટી) નારાજ

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની કચેરીમાં વરિષ્ઠ નેતા શરદ પવારે પક્ષની બેઠક યોજી હોવાની ઘટના શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) વચ્ચે વિવાદનું કારણ બની છે. વિપક્ષી ગઠબંધનના આ બંને સાથી પક્ષોએ આ બાબતને લઈને એકબીજા પર નિશાન સાધ્યું હતું.

શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે આ અંગે કહ્યું કે, પવારે શિંદેની ઓફિસમાં કરેલી મીટિંગથી તેમનો પક્ષ વ્યથિત અને નારાજ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવાં કૃત્યો તેમના જેવા વરિષ્ઠ નેતાની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઊભા કરે છે. તેમણે એમ પણ કહ્યું કે આ મુલાકાત એટલે ''ગદ્દારોનું મહિમામંડન'' કરવા સમાન છે. તેમણે કહ્યું કે તેઓ પવાર સમક્ષ આ મુદ્દો ઉઠાવશે અને સાથે જ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ વરિષ્ઠ નેતા એનડીએ સાથે જોડાશે નહીં. એનસીપી (એસપી) એ રાઉત પર કડક શબ્દોમાં વળતો પ્રહાર કર્યો, તેમના પર ''બેવડા ધોરણો'' અપનાવવાનો આરોપ લગાવ્યો અને તેમને યાદ અપાવ્યું કે અગાઉ (જુઓ પાનું ૪) ▶▶

# ખડસે-તાવડેની મુલાકાત બાદની રાજકીય અટકળો પર પૂર્ણવિરામ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા વિનોદ તાવડેની તાજેતરમાં એનસીપી (એસપી) એમએલસી એકનાથ ખડસે સાથેની મુલાકાતથી રાજકીય વર્તુળોમાં અટકળો શરૂ થઈ ગઈ હતી, પરંતુ બાદમાં ખડસેએ તેને સૌજન્ય મુલાકાત ગણાવી હતી અને કોઈપણ રાજકીય અટકળોને ફગાવી દીધી હતી.

તાજેતરમાં વિનોદ તાવડે રક્ષા ખડસેના મુંબઈ સ્થિત નિવાસસ્થાને ગયા હતા જ્યાં આ બેઠક યોજાઈ હતી. ભાજપ અને શરદ પવારના નેતૃત્વવાળી એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતાઓ વચ્ચે તાજેતરમાં થયેલી મુલાકાતોના અહેવાલો બાદ રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો, તેવા સમયે આ સ્પષ્ટતા કરવામાં આવી છે. રક્ષા ખડસે યુવા બાબતો અને રમતગમત વિભાગના કેન્દ્રીય રાજ્ય પ્રધાન છે. તેઓ એકનાથ ખડસેનાં પુત્રવધૂ છે.

તાવડે અને એનસીપી (એસપી) ના ભૂતપૂર્વ રાજ્ય (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં સરકારી અને વન જમીન પર ૨૦૧૧ પહેલાની ઝૂંપડપટ્ટીઓનું રક્ષણ કરવાની ખાતરી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે જાહેરાત કરી કે એક જાન્યુઆરી, ૨૦૧૧ પહેલા સરકારી અથવા વન જમીન પર બનેલા તમામ અનધિકૃત મકાનોનું રક્ષણ કરવામાં આવશે અને જ્યાં અધિકૃત કરવું શક્ય નથી એવા રહેવાસીઓનું પુનર્વસન કરવામાં આવશે.

મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ વિધાનસભામાં જણાવ્યું હતું કે '૧ જાન્યુઆરી, ૨૦૧૧ પહેલાં બનેલાં ઘરમાં રહેતા કોઈપણ પાત્ર રહેવાસીને બેઘર નહીં થવા દેવાય. સરકાર બધા પાત્ર લાભાર્થીઓના પુનર્વસનની ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છે. આવી વસાહતોનો વ્યાપક સર્વે ત્રણ મહિનામાં પૂર્ણ કરવામાં આવશે અને પુનર્વસન યોજના તૈયાર કરવામાં આવશે.'

આ નિર્ણય હેઠળ સરકારી, વન, સિડકો (મહારાષ્ટ્ર શહેર અને ઔદ્યોગિક વિકાસ નિગમ) અને અન્ય કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની સત્તાવાળી જમીન પરની (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં ભારે વરસાદ

## ઉજની ડેમનું જળસ્તર વધ્યું

પુણેઃ મહારાષ્ટ્રમાં ભારે વરસાદના લીધે ઘણા જિલ્લામાં પૂર જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી, પરિણામે ચારેબાજુ જળબંબાકાર જોવા મળ્યો હતો. મહારાષ્ટ્રના પશ્ચિમી ઘાટના એક મહત્ત્વના સ્રોત ઉજની ડેમના પાણીનું સ્તર હાલમાં 'ડેડ સ્ટોરેજ લેવલ'થી ઉપર પહોંચી ગયું છે. આ ડેમનું જળસ્તર ૪૯૨.૮૮૦ મીટર નોંધાયું હતું. ડેમની કુલ પાણી સંગ્રહ ક્ષમતા ૭૭.૭૨ ટીએમસી (૨૨૦૧.૦૯ એમસીયુએમ) છે, જ્યારે ઉપલબ્ધ પાણીનો સંગ્રહ ૧૪.૦૬ ટીએમસી(૩૯૮.૨૮ એમસીયુએમ) નોંધવામાં આવ્યો છે. હાલમાં ડેમની લાઈવ સંગ્રહક્ષમતા ૨૬.૨૫ ટકા છે. ગયા (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં વરસાદનો વિરામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને છેલ્લા એક પખવાડિયાથી ભીંજવી રહેલા વરસાદે આખરે વિરામ લીધો હતો. ગુરુવારે દિવસના બે-ચાર હળવાં ઝાપટાં સિવાય આખો દિવસ લગભગ કોરો રહ્યોહ તો અને સૂર્યનારાયણના દર્શન પણ થયાં હતાં. હવામાન વિભાગે આજે પણ હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

મુંબઈમાં ૨૪ જૂનના ચોમાસાનું આગમન (જુઓ પાનું ૪) ▶▶

## આજુબાજુના ગામમાં અલર્ટ

ભારે વરસાદ બાદ ખડકવાસલા ડેમથી પાણી છોડવાનું પ્રમાણ વધારવામાં આવ્યું હતું અને મુથા નદીમાં ૨૭,૩૦૩ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. નદીના કિનારે વસેલાં ગામોમાં હાઈ અલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું અને ગામવાસીઓને નદીથી દૂર રહેવાની સલાહ પણ આપવામાં આવી હતી.

# 'બિન-કાર્યક્ષમ' અધિકારીઓને સસ્પેન્ડ કરવાના શિંદેના આદેશ બાદ અધિકારીઓ ઍક્શન મોડમાં

થાણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ વરસાદ સંબંધિત વધતી ફરિયાદો વચ્ચે 'બિન-કાર્યક્ષમ' નાગરિક અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. આદેશ બાદ થાણેના અધિકારીઓ સક્રિય થતા વિવિધ આદેશો આપ્યા છે.

સ્થાનિક સંસ્થાઓને તાત્કાલિક નિરીક્ષણ કરવા અને શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, રેલવે સ્ટેશનો અને અન્ય જાહેરસ્થળોની નજીક ખતરનાક અથવા સુકાઈ ગયેલા વૃક્ષોને કાપવાને પ્રાથમિકતા આપવાનું કહેવામાં આવ્યું છે. ટીમે રાજ્ય વીજ વિભાગ, એમએસઈડીસીએલ સાથે સંકલન કરીને વીજળીના કરંટના જોખમોને રોકવા માટે વીજળીની લાઈનોને (જુઓ પાનું ૪) ▶▶



# ડૉક્ટરોનું વિરોધ પ્રદર્શન

મુંબઈઃ મહારાષ્ટ્ર એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સ (એમઆરડી) દ્વારા (કેડીએમસી) શાસ્ત્રીનગર હોસ્પિટલમાં હુમલો કરાયેલા ડોકટરો, નર્સો અને આરોગ્યસંભાળ કર્મચારીઓ સાથે એકતા દર્શાવવા માટે, મુંબઈની સેઠ જી.એસ. મેડિકલ કોલેજ અને કે.ઈ.એમ. હોસ્પિટલ, જે. જે . હોસ્પિટલ ખાતે પ્રતીકાત્મક બ્લેક રિબન વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આરોગ્યસંભાળ કર્મચારીઓ સામે હિંસાની વધતી જતી ઘટનાઓના વિરોધમાં, તમામ વિભાગોના રેસિડેન્ટ ડોક્ટરોએ તેમના ફરજના સમય દરમિયાન કાળા રિબન પહેરીને વિરોધ પ્રદર્શનમાં (જુઓ પાનું ૪) ▶▶

# થાણેમાં વરસાદી આફતમાં ત્રણનાં મોત, ૮૦૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા

થાણેઃ થાણે જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં ચોમાસાને લગતી વિવિધ ઘટનાઓમાં ત્રણ લોકોનાં મોત થયાં હતાં, આશરે ૮૦૦ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી, અને વીજળી પડવાને કારણે બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. મૃતકોમાં થાણે શહેર, અંબરનાથ અને મીરા ભાયંદરના એક-એક વ્યક્તિનો સમાવેશ થતો હોવાનું જિલ્લા વહીવટીતંત્રે એક સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું. આ સિઝન દરમિયાન વરસાદને લગતા વિવિધ અકસ્માતોમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

બુધવારે મુરબાડ તાલુકામાં વીજળી પડવાથી એક કિશોરી સહિત બે વ્યક્તિઓ ઘાયલ થયા હતા. બંનેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હતા અને તેમની હાલતમાં સુધારો હોવાનું જાણવા મળ્યું છે. આ સિવાય અલગ અલગ ઘટનાઓમાં, પાંચ અને છ જુલાઈના રોજ ભિવંડીમાં બે નાના છોકરાઓ નદી અને નાળામાં ડૂબી ગયા હતા. તેમને શોધવા માટે કામગીરી હજુ પણ ચાલુ છે, એમ તહસીલદાર અભિજિત દેશમુખે જણાવ્યું હતું. દરમિયાન, મુરબાડમાં પોટગાંવ નદીમાંથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. (જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણ- ડોંબિવલીની હૉસ્પિટલોમાં ડૉક્ટરો કામ પર પરત ફર્યા

થાણેઃ શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે દ્વારા ફરજ પરના તબીબી કર્મચારીઓ પર કથિત હુમલો કરવાના મામલે થયેલા હોબાળા બાદ થાણે જિલ્લાના કલ્યાણ-ડોંબિવલી વિસ્તારની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આરોગ્યસંભાળ સેવાઓ ગુરુવારે સંપૂર્ણપણે ફરી શરૂ થઈ ગઈ. આ સપ્તાહની શરૂઆતમાં કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનની શાસ્ત્રી નગર હોસ્પિટલમાં મ્હાત્રેએ મેડિકલ ઓફિસર ડો. સૃષ્ટિ બાવિસ્કર, મેડિકલ ઑફિસર ડો. વૈભવ સાલુંખે અને બે નર્સો પર કથિત રીતે હુમલો કર્યા પછી વિરોધ શરૂ થયો હતો.

મંગળવારે વિષ્ણુનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને બુધવારે મ્હાત્રેની ધરપકડ કરવામાં આવી હતી. હુમલા પછી તરત જ સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ હડતાળ પર ઉતરી ગયા હતા, જ્યારે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન સાથે જોડાયેલા ખાનગી પ્રેક્ટિશનરોએ પણ એકતા દર્શાવતા તેમના ક્લિનિક્સ અને હોસ્પિટલો બંધ રાખી હતી. પોલીસે આરોપી કોર્પોરેટરની ધરપકડ કર્યા પછી બુધવારે મોડી સાંજે આંદોલન સ્થગિત કરવામાં આવ્યું હતું અને આરોગ્યસંભાળ સેવાઓ સંપૂર્ણ રીતે શરૂ કરવામાં આવી હતી.

વાયરલ વીડિયોમાં મ્હાત્રે એક ડોક્ટરને લાફો અને મુક્કો મારતા તેમજ તેમના માથા પર રજિસ્ટર પછાડતા દેખાયા હતા. તેઓ એક મહિલા ડોક્ટરના હાથ પર (જુઓ પાનું ૪) ▶▶

# બે ડોક્ટરોએ રાજીનામું આપ્યું

થાણે : થાણે જિલ્લાની એક મ્યુનિસિપલ હોસ્પિટલમાં શિવસેનાના કોર્પોરેટર અને તેમના સહયોગીઓ દ્વારા કથિત રીતે હુમલાનો ભોગ બનેલા બે તબીબોએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમના સહકર્મીઓ અને પરિવારજનોએ જણાવ્યું હતું કે, શારીરિક હુમલા બાદ આ બંને તબીબો (જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે) ભારે માનસિક આઘાતમાં હતા. સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલા એક વીડિયોમાં સ્થાનિક શિવસેના કોર્પોરેટર રમેશ (જુઓ પાનું ૪) ▶▶

# શિંદેએ નગરસેવકને ખખડાવી નાખ્યો

મુંબઈઃ થાણે જિલ્લાની એક હોસ્પિટલમાં મહિલા ડોક્ટર અને તબીબી સ્ટાફની મારપીટ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવેલા શિવસેનાના નગરસેવક રમેશ મ્હાત્રેને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઠપકો આપ્યો હોવાનું રાજ્યના ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે ગુરુવારે જણાવ્યું હતું.

કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા (જુઓ પાનું ૪) ▶▶

# પુણે બિલ્ડિંગ દુર્ઘટના કાટમાળમાંથી એક મૃતદેહ બહાર કઢાયો

પુણેઃ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની એક ટીમે પુણે નજીક પિંપરી ચિંચવડમાં એક વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ ખાતે ધરાશાયી થયેલી ઇમારતના કાટમાળમાંથી ગુરુવારે એક મૃતદેહ બહાર કાઢ્યો. ઘટનાસ્થળે અલગ-અલગ એજન્સીઓ દ્વારા ચાલી રહેલા સંયુક્ત ઓપરેશનમાં અત્યાર સુધીમાં નવ લોકોને બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

બુધવારે બપોરે પુણે નજીક પિંપરી ચિંચવડના મોશીમાં એક પ્લાન્ટ પર કચરાનો મોટો ઢગલો પડતાં ત્રણ માળની ઇમારત ધરાશાયી થઈ હતી, જેમાં આશરે ૧૮ લોકો દબાયા હતા.એનડીઆરએફ અને અન્ય એજન્સીઓના બચાવ કાર્ય દરમિયાન અત્યાર સુધીમાં ૯ લોકોને સુરક્ષિત બહાર કઢાયા (જુઓ પાનું ૪) ▶▶

# ઝાડ પડવાથી જખમી સિનિયર સિટિઝનનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ છેલ્લા એક અઠવાડિયા દરમ્યાન ભારે વરસાદને પગલે સોમવારે થાણે શહેરમાં ઝાડ પડવાની ઘટનામાં જખમી ૬૪ વર્ષીય સિનિયર સિટિઝનનું ગુરુવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતુ.

સિનિયર સિટીઝનનું બપોરે બે વાગ્યે ખાનગી હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. પાંડુરંગ બિખુ ભવડ છ જુલાઈએ ઘરે જઈ રહ્યા હતા ત્યારે રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ નજીક એક મોટું ઝાડ તેમના પર પડ્યું હતું. સ્થાનિક નગરસેવકના કહેવા મુજબ તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા બાદથી તેઓ આઈસીયુમાં હતા અને ગુરુવારે બપોરે તેમનું મૃત્યુ થયું હતું. થાણેના ડેપ્યુટી કલેક્ટર સંદીપ માનેના જણાવ્યા મુજબ આ ચોમાસામાં થાણે જિલ્લામાં વરસાદને લગતું આ ચોથું મૃત્યુ છે. પાંચ જુલાઈએ નવી મુંબઈમાં વાશીના (જુઓ પાનું ૪) ▶▶

# ભાજપના શાસનમાં ખરા અર્થમાં પ્રગતિ કરનાર એક શહેર બતાવોઃ આદિત્યનો ફડણવીસને પડકાર

મુંબઈઃ શિવસેના (યુબીટી) ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને ભાજપનું શાસન હોય એવા દેશના ખરા અર્થમાં પ્રગતિ કરનારા એક શહેરનું નામ આપવા પડકાર ફેંક્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે છેલ્લા દાયકામાં ભાજપ દ્વારા શાસિત શહેરો શાસન કરવામાં અસમર્થતાને કારણે નાણાકીય અને માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ ભાંગી પડ્યા હતા.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં, ઠાકરેએ રજૂઆત કરી હતી કે 'મુખ્ય પ્રધાન મુંબઈના મુખ્ય પ્રોજેક્ટ્સ માટે બનાવેલી મુંબઈ મહાનગરપાલિકાની ફિક્સ્ડ ડિપોઝિટ વિશે વાત કરે તે પહેલાં, તેમણે તેમના પક્ષ દ્વારા નિયુક્ત ટ્રસ્ટ દ્વારા રામ મંદિરમાં થયેલી લૂંટ વિશે વાત કરવી જોઈએ. પહેલા તેનો જવાબ આપો અને પછી નાણાકીય (જુઓ પાનું ૪) ▶▶

# એઆઈ પ્લૅટફોર્મનું ઍક્સેસ મેળવી રોકાણ પર અકલ્પ્ય નફાની લાલચે છેતરપિંડી

### પાલઘર સાયબર પોલીસે બૅન્કના નિવૃત્ત કર્મચારીના ૩૮ લાખ રૂપિયા બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્વૉન્ટમ એઆઈ પ્લૅટફોર્મનું ઍક્સેસ મેળવીને તેની મદદથી રોકાણ કરવા પર અકલ્પ્ય નફાની લાલચ બતાવી નાણાં પડાવવાનું ફ્રોડ સાયબર ઠગ ટોળકી દ્વારા કરવામાં આવી રહ્યું છે. લાલચમાં આવીને દહાણુના ૭૦ વર્ષના નિવૃત્ત બૅન્ક કર્મચારીએ ૪૮.૫૩ લાખ રૂપિયાનું ટ્રાન્સફર કર્યા હતા, પરંતુ સાયબર પોલીસે ઝડપી કાર્યવાહી કરી ૩૮.૨૧ લાખ રૂપિયા બચાવી લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ દહાણુના ચિખલે વડકતીપાડા ખાતે (જુઓ પાનું ૪) ▶▶

# વૈષ્ણવે પુણે-મુંબઈ સેક્શનમાં એક લાઇન પર ટ્રેન સેવા ફરી શરૂ થયા બાદ કામની સમીક્ષા કરી

નવી દિલ્હી : ભારે વરસાદને કારણે ૭ જુલાઈએ પુણે-મુંબઈ ઘાટ સેક્શનમાં ભૂસ્ખલન અને અવરોધ સર્જાયા બાદ, એક લાઈન પર ટ્રેન સેવા ફરી શરૂ થતાં રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગુરુવારે ત્યાં ચાલી રહેલા પુનઃસ્થાપન કાર્યની સમીક્ષા કરી હતી.

''મેં આજે પુણે-મુંબઈ ઘાટ વિભાગમાં રેલવે પુનઃસ્થાપન કાર્યની સમીક્ષા કરી. ભારે ભૂસ્ખલન થયું છે, અને રેલવે લાઇન તેમજ આસપાસના વિસ્તારોને ઘણું નુકસાન થયું છે. મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેની ટીમો સંકલનમાં કામ કરી રહી છે,'' વૈષ્ણવે ગુરુવારે પીટીઆઈને જણાવ્યું હતું.

વૈષ્ણવે પુનઃસ્થાપિત કરાયેલી એકમાત્ર લાઇન પર ટ્રેન સંચાલનનું પણ નિરીક્ષણ કર્યું હતું અને જણાવ્યું હતું કે, કામચલાઉ વ્યવસ્થાના ભાગરૂપે ઘાટ વિસ્તારના તીવ્ર ઢોળાવ પર ટ્રેનને ખેંચવા માટે હાલ પૂરતું તમામ ટ્રેનોના બંને છેડે બે એન્જિન (જુઓ પાનું ૪) ▶▶

# નિદા ખાન-કૃષ્ણજન્મની નાશિકના જજની વિચિત્ર સરખામણી

### જામીન આપતી વખતે જજે નોંધ્યુંઃ જેલમાં બાળકને જન્મ આપવાનો આઘાત મહિલા માટે અસહ્ય

નાશિકઃ ધર્માંતર અને જાતીય શોષણના ચર્ચાસ્પદ નાશિક ટીસીએસ કેસમાં સગર્ભા આરોપી નિદા ખાનને જામીન આપતી વખતે તેના જીવનના સંજોગોને ભગવાન શ્રીકૃષ્ણના જન્મના સંજોગો સાથે સરખાવતા નાશિકની સેશન્સ કોર્ટે એવું નિરીક્ષણ કર્યું હતું કે જેલમાં બાળકને જન્મ આપવાનો આઘાત કોઈ પણ મહિલા માટે અસહ્ય હોય છે. એડિશનલ સેશન્સ જજ કે. જી. જોશીએ જોકે આદેશમાં નોંધ્યું હતું કે એકંદર તપાસ દર્શાવે છે કે સહઆરોપીની મદદથી નિદાએ 'પીડિતાનું બ્રેનવૉશ' કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેમની વિચારધારા તેમ જ ધર્મ બદલવાનો પણ પ્રયાસ કર્યો હતો. જાતીય સતામણી અને કથિત (જુઓ પાનું ૪) ▶▶

# પ્રાઈવેટ કોચિંગ ક્લાસ પર નિયંત્રણ રાખવા રાજ્ય સરકાર ખરડો લાવશે

મુંબઈઃ મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે ગુરુવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે તાજેતરમાં દેશભરમાં લાગુ કરાયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) માતૃભાષામાં શિક્ષણ અને કૌશલ્ય આધારિત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વિપક્ષ સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલી શિક્ષણ પરની ટૂંકા ગાળાની ચર્ચાનો જવાબ આપતા પાટીલે જણાવ્યું હતું કે શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને નવી નીતિના અમલીકરણ માટે એક માળખાગત આયોજન કરવામાં આવ્યું છે. કૌશલ્ય આધારિત શિક્ષણ હવે શાળા અને કોલેજ બંને સ્તરે ફરજિયાત બનાવવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓએ તેમનું શિક્ષણ પૂર્ણ કરતા પહેલા વ્યવહારુ જ્ઞાન અને વ્યવહારુ (જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રના નાંદેડ, હિંગોલી અને પરભણીમાં ભૂકંપના આંચકા અનુભવાયા

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રમાં મરાઠવાડા ક્ષેત્રના નાંદેડ, હિંગોલી અને પરભણી જિલ્લામાં ગુરુવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, ભૂકંપના આંચકા મધરાતે ૧.૩૭ થી ૩.૨૩ વાગ્યાની વચ્ચે નોંધાયા હતા અને રિક્ટર સ્કેલ પર તેમની તીવ્રતા ૩.૬ થી ૪.૬ ની વચ્ચે નોંધાઈ હતી.

# દહિસરમાં દૂધમાં ભેળસેળ કરનારો પકડાયોઃ ૪૭૦ લિટર દૂધ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસરમાં જાણીતી બ્રાન્ડના દૂધમાં ભેળસેળ કરીને વેચનારા શખસની ધરપકડ કરી ક્રાઈમ બ્રાન્ચે અંદાજે ૪૭૦ લિટર દૂધ જપ્ત કર્યું હતું.ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧૨ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ લિંગય્યા ગાંટા (૪૨) તરીકે થઈ હતી. તેની વિરુદ્ધ દહિસર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

દહિસર પૂર્વમાં રાજેશ કમ્પાઉન્ડ નજીકની દુબે ચાલ નંબર-બે ખાતેની એક રૂમમાં શખસ જાણીતી બ્રાન્ચના દૂધમાં ભેળસેળ કરતો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ ગુરુવારની વહેલી સવારે રેઇડ કરી હતી.રૂમમાં આરોપી જાણીતી બ્રાન્ડની દૂધની થેલીને સાવધાનીપૂર્વક કાપીને તેમાંથી અડધું દૂધ કાઢી લેતો હતો. પછી તેમાં અસ્વચ્છ પાણી ભેળવી દેતો. ત્યાર બાદ મીણબત્તીની મદદથી થેલી ફરી સીલ કરી દેતો હતો. આ ભેળસેળવાળું દૂધ તે વેચવા માટે મોકલી આપતો હતો.પોલીસના જણાવ્યા મુજબ રૂમમાંથી ૪૭૦ લિટર દૂધ જપ્ત કરવામાં આવ્યું હતું. કાનૂની કાર્યવાહી પછી દૂધ નષ્ટ કરાયું હતું.

આરોપી પાસેથી જાણીતી બ્રાન્ડની દૂધની ખાલી થેલીઓ પણ મળી આવી હતી.

# બાઉન્સ બેકઃ સેન્સેક્સમાં ૮૨૩ના ઉછાળા બાદ અંતે ૨૩૮ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વદેશી ભંડોળના પ્રવાહ અને વૈશ્વિક બજારોમાં મોટા પ્રમાણમાં હકારાત્મક વલણ વચ્ચે ગુરુવારે બજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં રિકવરી જોવા મળી હતી. જોકે, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઇરાન વચ્ચે સતત બીજા દિવસે હડતાળ થતાં બજારમાં સાવચેતી પ્રવર્તી રહી હતી. સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૮૨૩.૦૫ પોઈન્ટ અથવા ૧.૦૭ ટકા વધીને ૭૭,૩૨૬.૬૫ સુધી પહોંચ્યા બાદ અંતે ૨૩૮.૨૨ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા વધીને ૭૬,૭૪૧.૮૨ પર સ્થિર થયો હતો. જ્યારે એનએસઇનો નિફ્ટી ૮૦.૭૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૨૩,૯૬૨.૮૦ પર બંધ થયો હતો.



સેન્સેક્સ પેકમાંથી, સન ફાર્મા, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, ઇન્ટરગ્લોબ એવિએશન, ઇટર્નલ અને કોટક મહિન્દ્રા બેંક ટોપ ગેઇનર શેરોમાં સામેલ હતા. ઇન્ફોસિસ, મારુતિ, એનટીપીસી અને એક્સિસ બેંક સૌથી વધુ ઘટનારા શેર રહ્યા હતા. જીએમ બ્રુવરીઝ, કલ્યાણ જ્વેલર્સ અને સ્વિગીના શેરમાં છ ટકાથી ૧૭ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. કેપિટલ ગ્રુપે કેપરી ગ્લોબલનો પાંચ ટકા હિસ્સો ખરીદ્યો હતો.

ઇપીસી કંપની સથલોખર સિનર્જીસ ઈએન્ડસી ગ્લોબલ લિમિટેડે એમઇપી, સિવિલ અને ઇલેક્ટ્રિકલ વર્ક્સમાં પાંચ નવા ઓર્ડર મેળવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે આશરે રૂ. ૮૪૦.૨૨ કરોડના કન્ફર્મ્ડ ઓર્ડર અગાઉના આશરે રૂ. ૭૫.૫૨ કરોડના ઓર્ડર સહિત કંપનીની ઓર્ડર બુક હવે આશરે રૂ ૯૧૫.૭૪ કરોડ (જીએસટી સિવાય) સુધી પહોંચી છે. આ ઓર્ડર આગામી ત્રણ થી નવ મહિનામાં અમલમાં મૂકવાનું આયોજન છે.

એપીઆઇ સંબંધિત ગુણવત્તાના મુદ્દાને કારણે સેમાગ્લુટાઇડ ઉત્પાદનનો વ્યાપારી પુરવઠો વિલંબિત થશે, એવી સ્પષ્ટતા બાદ ગુરુવારે બજારમાં ડો. રેડ્ડીઝ લેબનો શેરમાં સાત ટકા સુધીનો કડારો જોવા મળ્યો હતો. દિલ્હી હાઈકોર્ટ દ્વારા કંપનીને લાંબા સમયથી ચાલતા કાનૂની વિવાદમાં અનુકૂળ ચુકાદો મળ્યા બાદ એનએસઇ પર વેદાંત ઓઈલ એન્ડ ગેસના શેરમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

એસબીઆઇ મ્યુચ્યુઅલ ફંડ મેનેજમેન્ટ ૧૪ જુલાઈના રોજ રૂ. ૧૧,૬૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે. કંપનીએ પ્રતિ શેર રૂ. ૫૪૫-૫૭૪ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. એન્કર ઇન્વેસ્ટર બિડિંગ ૧૩ જુલાઈના રોજ શરૂ થશે, ઇશ્યૂ ૧૬ જુલાઈના રોજ બંધ થશે. ફાળવણીનો આધાર ૧૮ જુલાઈના રોજ અને ફાળવેલા શેરના રિફંડ અને ક્રેડિટ ૨૦ જુલાઈના રોજ થશે. શેર ૨૧ જુલાઈના રોજ સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટ થશે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૧,૯૬૨.૮૦ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૧૫ ટકાના વધારા સાથે ૭૮.૧૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, ભારતીય ઇક્વિટી બજારોમાં મધ્યમ રિકવરી જોવા મળી હતી, જે સપોર્ટિવ વૈશ્વિક સંકેતોને કારણે હતી, જોકે રોકાણકારો ભૂરાજકીય ઘટનાઓ પર નજર રાખતા રહ્યા હતા જેના કારણે સત્રના પાછલા ભાગમાં વેચવાલી શરૂ થઈ હતી. મિડ અને સ્મોલકેપ શેરોમાં રિકવરી જોવા મળી હતી, જેમાં રિયલ્ટી અને પીએસયુ બેંકો તાજેતરના કરેક્શન પછી મજબૂત રીતે ઉછળી રહ્યા હતા.

અમેરિકાના શેરબજારોના ઘટાડા છતાં પ્રારંભિક સત્રમાં વેલ્યુ બાઇંગને કારણે ભારતીય ઇક્વિટી બજારોમાં સારો સુધારો જોવા મળ્યો હતો. જોકે, યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે સતત બીજા દિવસે લશ્કરી અથડામણો જારી રહેતા બજારમાં સાવચેતીનો માહોલ ખડો થતાં રોકાણકારોએ વધુ જોખમ લેવાનું ટાળ્યું હતું.

નિષ્ણાતો માને છે કે, ક્રૂડ ઓઇલ ૮૦ ડોલર સુધી જાય ત્યાં સુધી કોઇ કટોકટી નથી, પરંતુ જો હોર્મુઝ સ્ટ્રેટ ફરી સજ્જડ બંધ થઇ જાય અને પરિણામે ક્રૂડ ૧૦૦ ડોલરથી ઉપર ઉછળે તો ભારત માટે મોટી ચિંતાનો વિષ્ય છે. સપ્ટેમ્બર ક્રૂડ ૭૬ ડોલર પર ટ્રેડ થઈ રહ્યું છે, જેનો અર્થ છે કે બજાર એવું માનતું નથી કે પરિસ્થિતિ વધુ કથળશે.

બીજો મહત્વનો ટ્રેન્ડ એ છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ વેચવાલી ધીમી કરી થોડી લેવાલી શરૂ કરી છે. પાછલા ચાર ટ્રેડિંગ દિવસો દરમિયાન, એફઆઇઆઇ ભારતમાં ખરીદદારો રહ્યા છે. તેમણે છેલ્લા ચાર દિવસમાં કેશ માર્કેટમાં રૂ. ૩૯૫૪ કરોડની ઇક્વિટી ખરીદી છે. જો ક્રૂડ સ્થિર રહે તો આ ટ્રેન્ડ ચાલુ રહી શકે છે. સામાન્ય રીતે લાર્જ કેપ્સ, અને ખાસ કરીને નાણાકીય ક્ષેત્રો અને ઓટોમોબાઇલ્સમાં, સ્થિતિસ્થાપક રહેવાની શક્યતા છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ફરી વધ્યા અને ગ્રીન ઝોનમાં સ્થિર થયા, જ્યારે હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ગબડ્યો હતો. બુધવારે, સેન્સેક્સ ૧,૬૭૭.૧૨ પોઈન્ટ અથવા ૨.૧૫ ટકા ઘટીને ૭૬,૫૦૩.૬૦ પર સ્થિર થયો હતો. તેવી જ રીતે, નિફ્ટી ૫૧૬.૬૫ પોઈન્ટ અથવા ૨.૧૨ ટકા ઘટીને ૨૩,૮૮૨.૦૫ પર બંધ થયો. ■

# ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૩૦૬નો અને ચાંદીમાં ₹ ૨૨૪૪નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃઆંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે છૂટીછવાઈ માગને ટેકે સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો, જેમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૨૪૪ અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૦૧થી ૧૩૦૬ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું.




તેમ જ ભાવ વધી આવતા ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગનો ટેકો રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૪૪ વધીને રૂ. ૨,૨૩,૭૯૪ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૦૧ વધીને રૂ. ૧,૪૩,૦૮૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૦૬ વધીને રૂ. ૧,૪૩,૬૫૬ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ પહેલી જુલાઈ પછીની નીચી સપાટી સુધી ઘટી આવ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૪૧૦૫.૪૦ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૮ ટકા વધીને ઔંસદીઠ ૪૧૧૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકો વધીને ઔંસદીઠ ૫૮.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે ડૉલરની નરમાઈને ટેકે સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાનું ટ્રેડ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝેબોરસે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં સુધારો આવ્યો હોવા છતાં અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે એવી શક્યતા વધુ હોવાથી ભાવમાં ઘટાડો આવી શકે છે. ઈરાન હવે વાટાઘાટો માટે દોડી રહ્યું હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવતા વિવાદ વધુ વકરતો અટકે તેવી શક્યતા સપાટી પર આવી હતી. તેમ જ ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની જાહેર થયેલી છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં નીતિઘડવૈયાઓએ ચિંતા વ્યક્ત કરી હોવાથી વ્યાજદરમાં વધારાની શક્યતા મજબૂત બની છે. આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની ૬૩ ટકા શક્યતા મૂકી રહ્યા હતા. દરમિયાન એચએસબીસીએ વર્ષ ૨૦૨૬માં સોનાના સરેરાશ ભાવનો અંદાજ જે અગાઉ ઔંસદીઠ ૪૮૬૪ ડૉલરનો મૂક્યો હતો તે ઘટાડીને ૪૫૬૦ ડૉલરનો મૂક્યો છે, જ્યારે વર્ષ ૨૦૨૭ના સરેરાશ ભાવનો અંદાજ જે અગાઉ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર મૂક્યો હતો તે ઘટાડીને ૪૯૨૫ ડૉલર મૂક્યો હોવાના અહેવાલ હતા. ■

# ખાંડમાં સાંકડી વધઘટે ટકેલું વલણ


નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક માગ ઉપરાંત દેશાવરોની અને સ્ટોકિસ્ટોની પ્રબળ લેવાલી જળવાઈ રહેતાં ટેન્ડરોના ભાવમાં આગેકૂચ જળવાઈ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦થી ૩૦ વધીને રૂ. ૪૧૪૦થી ૪૧૮૦ આસપાસના મથાળે રહ્યા હતા. જોકે, મથકો પરના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની પણ છૂટીછવાઈ માગ રહેતાં હાજરમાં અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગ વચ્ચે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૦૨થી ૪૨૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૬થી ૪૩૯૨માં ટકેલા ધોરણે થયા હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સહિત વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન ૨૦ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં તેજીનું વલણ રહેતાં સત્રના અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૫.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે પશ્ચિમ એશિયામાં ફરીથી ભૂરાજકીય કટોકટી સર્જાવાને કારણે સ્થાનિક કરન્સી માર્કેટમાં ભારે ચંચળતા જોવા મળી હતી, પરંતુ ઈક્વિટી માર્કેટના સુધારા અને જાહેર ક્ષેત્રના ધિરાણદારોની ડૉલરમાં વેચવાલીનું દબાણ અને સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૫૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૫૮ અને ઉપરમાં ૯૫.૨૮ સુધી મજબૂત થયા બાદ અંતે સાધારણ એક પૈસો વધીને ૯૫.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં બાવન પૈસાનો કડાકો બોલાયો હતો.

ગઈકાલે ઈક્વિટી માર્કેટના કડાકા સાથે રૂપિયો દબાણ હેઠળ આવ્યા બાદ આજે શક્યતઃ રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી અને જાહેર ક્ષેત્રની બૅન્કોની પણ ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતાં રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાં સલામતીપૂર્વક માલની હેરફેરની ચિંતા સપાટી પર રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અને ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાળીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા વધીને ૧૦૦.૭૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૬ ટકા વધીને બેરલદીઠ ૭૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૨૩૮.૨૨ પૉઈન્ટનો અને ૮૦.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૬૨.૮૦ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયો ગબડતો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# શેરબજારમાં ઝડપી અફડાતફડી વચ્ચે વિવિધ એસેટ ક્લાસના મૂલ્યમાં પણ ઝડપી ફેરફાર

મુંબઇઃ ટ્રમ્પના ઇરાન અંગેના વલણમાં ઝડપી ફેરફારો સાથે શેરબજારમાં ઝડપી અફડાતફડી વચ્ચે વિવિધ એસેટ ક્લાસના મૂલ્યમાં પણ ઝડપી ફેરફાર થઇ રહ્યાં હોવાથી રોકાણકારો મૂંઝવણમાં મૂકાયા છે. ઇક્વિટી, ગોલ્ડ અને ડેટ સાધનોમાં એક સાથે રોકાણ કરવું અને બજારની બદલાતી પરિસ્થિતિ મુજબ તેમાં ફેરફાર કરવો રિટેલ ઇન્વેસ્ટર્સ માટે સરળ બાબત નથી. આ પ્રકારના રોકાણ માટે દરેક એસેટ ક્લાસમાંથી ફંડ પસંદ કરવા, તે બધા પર નજર રાખવી અને બજારો બદલાતા તેમની વચ્ચે નાણાં ટ્રાન્સફર કરવા સરળ બાબત નથી.

એફઓએફ સીધા શેર કે બોન્ડ ખરીદતું નથી, તેના બદલે, તે અંતર્ગત યોજનાઓના એકમોમાં રોકાણ કરે છે, એક્ટિવ ઇક્વિટી ફંડ્સ, એક્ટિવ ડેટ ફંડ્સ અને ગોલ્ડ અથવા સિલ્વર ઇટીએફ અને નિર્ધારિત શ્રેણીમાં ફાળવણીને સમાયોજિત કરે છે. આ પોર્ટફોલિયો અને અંતર્ગત ફંડ બંને સ્તરે સક્રિય સંચાલન સાથે, સંપત્તિ વર્ગોમાં વ્યાવસાયિક રીતે સંચાલિત મિશ્રણ પૂરું પાડે છે.

માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) આ જ કારણસર સમયાંતરે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને રોકાણકારો માટે સુલભ હોય એવી ફંડ યોજના અને કેટેગરી ઓફર કરવાના નિર્દેશ આપતી રહે છે. આ સંદર્ભમાં ગોલ્ડ, ઇક્વિટી અને ડેટ સાધનોમાં રોકાણ કરી તેના પર નજર રાખવાની ચિંતા દૂર કરવા બાબતે મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રિબ્યુટર જીમિત શાહ જણાવે છે કે એક જ હોલ્ડિંગમાં તેને હેન્ડલ કરવા માટે મલ્ટિ એસેટ ફંડ ઓફ ફંડ્સ, અથવા એફઓએફની રચના થઇ છે.

એકથી વધુ એસેટ ક્લાસમાં હોલ્ડિંગ હોવાથી ડાઇવર્સિફિકેશનનો લાભ મળે છે. દાખલા તરીકે વર્ષ ૨૦૨૫માં, સોનામાં તીવ્ર વધારો થયો, જ્યારે ઇક્વિટી અને ડેટ સાધનોમાં પીછેહઠ જોવા મળી. બીજા સમયગાળામાં ઇક્વિટીમાં ઘટાડો થયો જ્યારે અન્ય સમયગાળામાં સોના કરતાં ઇક્વિટી આગળ નીકળી ગઈ. એસેટની કામગીરી બદલાતી રહે છે, કારણ કે અગાઉથી આગાહી કરી શકાતી નથી, તેથી એસેટના મિશ્રણની વ્યૂહરચના અર્થપૂર્ણ છે. ■

# એક્સચેન્જના માર્કેટ કેપમાં ₹ ૪.૭૧ લાખ કરોડનો વધારો નોંધાયો

મુંબઇઃ શેરબજારમાં પ્રારંભિક સુધારો ધોવાયા છતાં ગુરુવારે સેન્સેક્સ પોઝિટિવ ઝોનમાં ટકેલો રહ્યો હતો. સત્રમાં ખાસ રીને યુટિલિટીઝ, આઈટી અને ઓટો સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૪.૭૧ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. ગુરુવારે સેન્સેક્સ ગત બુધવારના ૭૬,૫૦૩.૬૦ પોઈન્ટના બંધની સરખામણીએ ૨૩૮.૨૨ પોઈન્ટ કે ૦.૩૧ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૬,૫૭૬.૧૪ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૭,૩૨૬.૬૫ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૬,૫૭૬.૧૪ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૬,૭૪૧.૮૨ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૫.૯૪ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૧.૨૩ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૪.૭૧ લાખ કરોડનો વધારો થયો હતો. બીએસઈ સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી અને ૧૩ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૪૧૬ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૮૯૬ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૩૪૨ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૮ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૧૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૯ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. કુલ ૧૮ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૧ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૭ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૧.૪૧ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૬૯ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૧.૮૭ ટકા તથા એસએમઈ આઈપીઓ ૧.૩૭ ટકા વધ્યા હતા.

સેક્ટરલ સૂચકાંકોમાં મુખ્યત્વે રિયલ્ટી ૩.૭ ટકા, પીએસયુ બેન્ક ૧.૭૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૬૭ ટકા, હોસ્પિટલ્સ ૧.૫૫ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક ૧.૩૯ ટકા, સર્વિસીસ ૧.૩૬ ટકા, હેલ્થકેર ૧.૨ ટકા, એફએમસીજી, ઈન્ડસ્ટ્રિયલ્સ, કેપિટલ ગુડ્સ અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૯૪ ટકા વધ્યા હતા, જ્યારે યુટિલિટીઝ ૦.૩૨ ટકા, આઈટી ૦.૨૫ ટકા અને ઓટો ૦.૦૯ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે સન ફાર્મા ૨.૭૦ ટકા, ભારતી એરટેલ ૨.૧૫ ટકા, બજાજ ફિનસર્વ ૨.૧૪ ટકા, ઈન્ડિગો ૨.૦૧ ટકા, ઈટર્નલ ૧.૯૯ ટકા, કોટક બેન્ક ૧.૭૭ ટકા અને અલ્ટ્રેટેક સિમેન્ટ ૧.૩૮ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ૧.૮૦ ટકા, મારુતિ ૧.૫૫ ટકા, એનટીપીસી ૧.૫૧ ટકા, એક્સિસ બેન્ક ૦.૯૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૬૯ ટકા, ટ્રેન્ટ ૦.૬૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૭ ટકા અને ટીસીએસ ૦.૫૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૩૮૩.૨૭ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૯૮૩ ટ્રેડ્સમાં ૨,૪૮૧ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬૪,૭૩,૩૯૦ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૮,૯૨,૫૭,૬૦૯.૨૩ કરોડ રહ્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ ગયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકંદરે પાંખાં કામકાજો વચ્ચે માત્ર ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૧, રૂ. ૨૩ અને રૂ. ૧૧ વધી આવ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. ત્રણનો અને કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૧ વધીને રૂ. ૫૨૩૩, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધીને રૂ. ૧૬૧૮ અને રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૫૧ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૩૪૬ અને રૂ. ૩૭૯ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૧૨૫૧ના મથાળે રહ્યા હતા.

# વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ખાદ્યતેલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૬૦ સેન્ટનો ઉછાળો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ સાત રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ એકંદરે વિશ્વ બજારના પ્રોત્સાહક અહેવાલ અને હાજર તથા ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયાં કામકાજોના ટેકે હાજરમાં એકમાત્ર સોયા રિફાઈન્ડમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં આગેકૂચ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ મહેશ ઑઈલ રિફાઈનરીના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૬૭૫ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૩૦માં અને રાજકોટ મથકે ૧૪૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૫૦માં થયા હતા. તેમ જ ગોંડલ ખાતે આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૧૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૫થી ૧૫૬૦માં થયા હતા અને રાજકોટ ખાતે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં થયાના અહેવાલ હતા. આજે હાજર બજારમાં ૧૦૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, સિંગતેલના રૂ. ૧૬૩૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૬૬૦ના મથાળે રહ્યા હતા. ■

# ટીસીએસનો નફો ૪.૬૧ ટકા વધ્યો, ડિવિડંડ શેરદીઠ ₹ ૧૨

મુંબઇઃ ભારતની સૌથી મોટી આઇટી સર્વિસ કંપની ટીસીએસએ ગુરુવારે જૂન ૨૦૨૬ ક્વાર્ટરમાં તેના ચોખ્ખા નફામાં ૪.૬૧ ટકાનો વધારો નોંધાવ્યો છે અને તે ૧૩,૩૪૯ કરોડ રૂપિયા નોંધાયો છે. શેરદીઠ ડિવિડંડ રૂ. ૧૨ નક્કી થયું છે, જે માટે રેકોર્ડ ડેટ ૧૫મી જુલાઇ ૨૦૨૬ અને પેમેન્ટ ડેટ ૩૧મી જુલાઇ જાહેર થઇ છે. કંપનીના ફાઇલિંગ મુજબ, ટાટા ગ્રુપની કંપનીએ એક વર્ષ પહેલાના સમયગાળામાં ૧૨,૭૬૦ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એક મીડિયા નિવેદનમાં, કંપનીએ જણાવ્યું હતું કે તેની ચોખ્ખી આવક વાર્ષિક ધોરણે ૮.૫ ટકા વધીને ૧૩,૮૪૯ કરોડ રૂપિયા થઈ છે. ■

# સુરતમાં પાણી ઓસરતાં ત્રણ મૃતદેહ મળ્યાઃ કુલ મરણાંક ૨૯

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં સતત ત્રણ દિવસ પડેલા અનરાધાર વરસાદે તારાજી વેરી છે. ખાસ કરીને સુરત શહેરમાં બે દિવસમાં ૨૦ કરતા વધારે ઇંચ વરસેલો વરસાદ કાળમુખો સાબિત થયો છે. મળતા અહેવાલો અનુસાર વરસાદને કારણે શહેરના ૨૯ જણે જીવ ગુમાવ્યો છે.

ખાસ કરીને ખાડીઓ ઓવરફ્લો થતા શહેરમાં પાણી ભરાઈ ગયા હતા અને તેમાં જ ડૂબીને લોકો મોતને ભેટ્યાના અહેવાલો છે. અમુક મતૃકોના મૃતદેહ પાણી ધીમે ધીમે ઓસરતા મળી રહ્યા છે. વરસાદના ૩૬ કલાક બાદ ગુરુવારે ત્રણ યુવાનના મૃતદેહ મળ્યાની માહિતી સૂત્રો પાસેથી જાણવા મળી હતી. દરમિયાન એક ઘટનામાં કાર ડૂબી જતા બે ભાઈ તણાઈ ગયા હતા, જેમાંથી એકનો પત્તો નથી, જ્યારે બીજો ભાઈ બચી ગયો છે. અહીંના પાસોદર વિસ્તારમાં રહેતા બે સગા ભાઈ વરાછા ખાતે ગેરજ ધરાવે છે. ૭મી જુલાઈના રોજ વરાછા ખાતે બંધ થઈ ગયેલી એક કારને તેઓ પોતાની કાર સાથે બાંધી પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે વાલક પાટીયા પાસે ખાડીના પાણી ફરી વળ્યા હોવાથી કાર ડૂબવા લાગી હતી.

બન્ને ભાઈએ કાચ ખોલી બહાર નીકળવાની કોશિશ કરી હતી, જેમાં એક ભાઈ સંદીપ ચોવટીયા પાણીમાં તણાઈ ગયો હતો જ્યારે દર્શક ચોવટીયાના હાથમાં લાકડું આવી જતા તે બચી ગયો હતો, જ્યારે સંદીપની શોધ હજુ ચાલી રહી છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અન્ય એક કરૂણ ઘટનામાં મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અને હાલ ડિંડોલીમાં રહેતા ૧૯ વર્ષીય હર્ષલ પ્રવીણભાઈ કરંકાળ અને તેનો પાડોશી મિત્ર અજીત બલિરામ પટેલ (૩૧) ૭ જુલાઈએ રાત્રે કામ પતાવી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે સચિન રોડ પર ખરવાસા ખાતેના તળાવ પાસે મુશળધાર વરસાદને કારણે ભરાયેલા પાણીમાં બંને મિત્રો ડૂબી ગયા હતા, જેમના મૃતદેહ ગુરુવારે સવારે ખરવાસા રોડ પરથી મળી આવ્યાના અહેવાલો છે. આવી જ રીતે અમરેલીના અલ્પેશ રમેશભાઈ દેસાઈ (૩૫) પણ ૭મી જુલાઈથી ગૂમ હતા. પરિવારે ખૂબ જ શોધ્યા હતા, પરંતુ તેઓ મળ્યા ન હતા, જે વાલક પાટીયા પાસેથી મૃત હાલતમાં મળી આવ્યા હતા.

૨૯ મૃતકમાંથી ૧૮ મૃતક ડૂબી જવાથી, સાત વીજળીના કરંટ લાગવાથી, એક વીજળી પડવાથી અને બે જણના ઝાડ પડવાથી મોત નિપજ્યાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# અમદાવાદમાં નિર્માણાધીન મહત્ત્વના બે બ્રિજનાં કામની કમિશનરે કરી સમીક્ષા

## ઝડપથી પ્રોજેક્ટ પૂરો કરવાનો આદેશ



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધતા ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે હાથ ધરાયેલા મહત્ત્વના બ્રિજ પ્રોજેક્ટોની કામગીરીને વધુ ગતિ આપવા મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા પાંજરાપોળ ચાર રસ્તા તથા બૂટ ભવાની રેલવે ક્રોસિંગ ખાતે નર્મિાણાધીન બ્રિજના કામોની સ્થળ મુલાકાત કરવામાં આવી. આ દરમિયાન કમિશનરે બ્રિજ સંબંધિત કામને લઈને જરૂરી સૂચનો આપ્યાં હતાં. બ્રિજની કામગીરીનું બારીકીથી નિરિક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા કરી કામ ઝડપી ગતિએ, ગુણવત્તાસભર રીતે તથા નિર્માણાધીન સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન નાગરિકોને ઓછામાં ઓછી અગવડતા પડે તે માટે પણ સંબંધિત અધિકારીઓને જરૂરી નર્દિેશ આપવામાં આવ્યા હતા. ખાસ કરીને દિવસના પિકઅવર્સમાં ટ્રાફિકની સમસ્યાઓ હળવી થાય અને જેમ કામ ખતમ થાય એમ વૈકલ્પિક રસ્તા ફ્રી કરવા માટે વાત કહી હતી. કમિશનરે આ નર્મિાણાધીન બ્રિજના લોકેશન પર સમગ્ર પ્રોજેક્ટ મેપ અને એન્જિનીયર્સની ટીમ સાથે નિરિક્ષણ કર્યું હતું. મેપમાંથી જે તે બ્રિજના કામ, પિલ્લર્સ અને મેજર જોઈન્ટ અંગે પણ જરૂરી માહિતી મેળવી હતી. પાંજરાપોળ ચાર રસ્તા અને બૂટ ભવાની રેલવે ક્રોસિંગ ખાતે નિર્માણાધીન બ્રિજના કામ અંગે જરૂરી સૂચનો પણ કર્યા હતા.

આ બ્રિજ તૈયાર થઈ જતા છેક આંબાવાડી સુધીની કનેક્ટિવિટી સરળ બની રહેશે, ખાસ કરીને બ્રિજના છેડે થતા ટ્રાફિક જામમાંથી મોટી મુક્તિ મળી રહેશે. બીજી તરફ હાલમાં જે ડાઈવર્ઝન આપવામાં આવ્યા છે એમાં ઝડપથી ટ્રાફિકમાંથી લોકોને રાહત મળે એ માટે જરૂરી એડવાઈઝ પણ આપી હતી. હાલમાં આઈઆઈએમથી પાંજરાપોળ વચ્ચે ખાસ કરીને નીચેના રસ્તે બ્રિજના કામને લઈને ટ્રાફિકજામ થઈ રહ્યો છે. આ બ્રિજની કામગીરી ઝડપથી પૂરી થાય એ માટે પણ જરૂરી આદેશ આપવામાં આવ્યા છે. ■

# અમદાવાદના મોટેરામાં મનપાનું મેગા ઓપરેશનઃ

## ૫૦થી વધુ કમર્શિયલ મિલકત તોડી પડાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરમાં ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ તથા અન્ય રમતોને ધ્યાનમાં લઈ સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડીમાર્ટ સુધીના રોડ પર કોમર્શિયલ મિલકતોનું આજે ડિમોલિશન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના જણાવ્યા મુજબ, હાલમાં માત્ર રોડલાઈનના અમલમાં આવતી કોમર્શિયલ મિલકતો જ તોડી પાડવામાં આવી રહી છે. રહેણાંક મિલકતોના ડિમોલિશન અંગે હાલ પૂરતું કોઈ પગલું લેવામાં આવ્યું નથી. પ્રાપ્ત વિગતો અનુસાર, સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડી-માર્ટ સુધીનો રોડ વિસ્તારવામાં આવશે, જેના ભાગરૂપે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. આ રોડલાઈનના અમલીકરણમાં આવતી કોમર્શિયલ મિલકતોને મનપા દ્વારા અગાઉ નોટિસ આપવામાં આવી હતી, અંદાજે ૫૦થી વધુ કોમર્શિયલ મિલકતો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ડી માર્ટ બાદ જે કોમર્શિયલ અને રહેણાંક બિલ્ડિંગો આવેલી છે તેમાં હાઇ કોર્ટનો કેસ ચાલી રહ્યો છેત્યારે હાલમાં ત્યાં કોઈ ડિમોલેશન નહીં કરવામાં આવે. સામેના ભાગે ની ઓફિસ આવેલી છે, જેથી તેને શિફ્ટ કરવાની હોવાથી હાલમાં ત્યાં પણ ડિમોલિશન કામગીરી નહીં કરવામાં આવે. જે લોકોની મિલક્ત તોડી પાડવામાં આવી તે પૈકીના એકે જણાવ્યું કે, અમે છેલ્લા ૭૦ વર્ષથી અહીં દુકાન ચલાવીએ છીએ. ■

# રથયાત્રામાં હાથીઓની સુરક્ષા માટે ગજરક્ષક સ્માર્ટ ટ્રેકિંગ સિસ્ટમ થશે કાર્યરત

## નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ રથયાત્રા પૂર્વે તૈયારીઓની સમીક્ષા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી અષાઢી બીજના દિવસે યોજાનારી ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સુરક્ષિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાને રથયાત્રા પૂર્વેની તમામ સુરક્ષા વ્યવસ્થાઓ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ વિવિધ વિભાગોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. રથયાત્રા દરમિયાન સમગ્ર શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રને સંપૂર્ણપણે સજ્જ રહેવા તેમણે આહ્વાન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે રથયાત્રામાં સુરક્ષા પ્રણાલીને વધુ સુદ્રઢ બનાવવા માટે આધુનિક ટેકનોલોજી આધારિત અનેક નવીન પ્રકલ્પો અમલી બનાવવામાં આવ્યા છે.

જેમાં રથયાત્રાના ઇતિહાસમાં પ્રથમવાર, રૂટ પર જોડાનાર હાથીઓની સુરક્ષા અને લાઈવ લોકેશન મોનીટરીંગ માટે ગજરક્ષક સ્માર્ટ ટ્રેકિંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવશે. આ ઉપરાંત, યાત્રામાં જોડાનાર તમામ ટ્રક અને અખાડાના સંચાલકોના આધારકાર્ડ આધારિત વેરિફિકેશન માટે પ્રતિરક્ષા એપ્લિકેશનનો ઉપયોગ કરાશે.

તેમજ શંકાસ્પદ તત્વો પર બાજ નજર રાખવા માટે ફેસ રેકગ્નિશન સિસ્ટમ, આકાશી સુરક્ષા માટે એન્ટી-ડ્રોન ગન તથા જામર ટીમ અને સમગ્ર રૂટ પર હજારો સીસીટીવી કેમેરાના નેટવર્ક દ્વારા લાઈવ સર્વેલન્સની આધુનિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. ■

# સુરતમાં ટેક્સટાઈલ્સ સહિત વેપાર-ધંધાને નુકસાન, નકામો થઈ ગયેલો સામાન જોઈ વેપારીઓના આંખમાં આસું

## પાણી ઓસરતાં નેતા-અધિકારીઓ દેખાતા લોકોએ ઊધડો લીધો, ઘરવખરી, ફર્નિચરને ભારે નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વમાં ટેક્સટાઈલ્સ અને ડાયમન્સ માટે જાણીતું સુરત શહેર હાલમાં તો આકાશી આફત સામે ઝઝૂમી રહ્યું છે. બે દિવસથી વરસાદ બંધ થયો છે, પરંતુ વરસાદ અને સ્થાનિક તંત્રને કારણે જે વિનાશ વેરાયો છે, તેણે રહેવાસીઓની આંખમાં આસું લાવી દીધા છે અને તંત્ર સામે રોષ વ્યકત કરવામાં આવી રહ્યો છે. શહેરના ટેક્સટાઈલ્સ ઉદ્યોગને ભારે નુકસાન ગયું છે. ખાડી ઓવરફ્લો થતાં આસપાસની માર્કેટ્સના બેઝમેનન્ટમાં પાણી ભરાઈ જતા વેપારીઓનો માલ બગડી ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ૨૬થી વધુ મુખ્ય ટેક્સટાઇલ માર્કેટોના બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં પાણી ઘૂસી જતાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કરોડો રૂપિયાના તૈયાર કાપડ, કાચો માલ અને અન્ય સ્ટોક નાશ પામ્યો હતો. વેપારીઓએ આ તબાહીને તાજેતરના વર્ષોની સૌથી ભયાનક તબાહી ગણાવી હતી. ટેક્સટાઈલ્સ ઉદ્યોગ સાથે



હૈયાધારણા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ સુરતની મુલાકાત દરમિયાન એક વેપારીને હૈયાધારણા આપી હતી.

જોડાયેલા એક વેપારીએ મુંબઈ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે પાણી ભરાવાને લીધે માલ બગડી ગયો, જે લગભગ ૨૦૦ કરોડ આસપાસ હોઈ શકે. આ સાથે બે-ત્રણ દિવસથી માર્કેટ બંધ રાખવી પડી હોવાથી અન્ય રાજ્યોમાં માલ જઈ શક્યો નથી, આથી બીજું લગભગ રૂ. ૪૦૦ કરોડ આસપાસનું નુકસાન થયું હશે. અન્ય રાજ્યોમાંથી આવતા વેપારીઓ સુરતની સ્થિતિ જોઈને થોડા દિવસો આવશે નહીં, સાફસફાઈ અને કામ શરૂ થતા હજુ એકાદ બે દિવસ લાગી જશે. અમારા વર્કર્સ જ્યાં રહે છે તે વિસ્તારોમાં હજુ સ્થિતિ ખરાબ છે, આ સાથે ટ્રાન્સોર્ટેશન રાબેતામુજબ થવામાં સમય લાગશે. આ બધુ જોતા નુકસાન ઘણું મોટું છે. અન્ય એક વેપારીના જણાવ્યા અનુસાર હાલમાં આંકડો આપવો અઘરો છે, પરંતુ આવતીકાલથી સ્થિતિ સામાન્ય થઈ જાય તેવી કોશિશો તમામ કરી રહ્યા છે. દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ, કરિયાણા, સ્ટેશનરી સહિતના તમામ વેપારીઓને નુકસાન થયું છે. વેપારીઓને થયેલા નુકસાનના ઘણા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં વેપારીઓ પોતાનો બગડી ગયેલો માલ ભેગો કરતા રડમશ થઈ જાય છે અને તેની આંખો ભીની થયેલી દેખાય છે. તો એક મહિલા તંત્રને પૂછી રહી છે કે અમે ભાડાના મકાનમાં રહીએ છીએ અને દુકાન પણ ભાડાની ચલાવીએ છીએ, અમારા નુકસાનની ભરપાઈ કોણ કરશે. અહીંની પોદાર માર્કેટના દશ્યો સોશિયલ મીડિયામાં સામે આવ્યા હતા. આ એક જ માર્કેટમાં રૂ. ૨૫૦ કરોડના નુકસાન થયાનું વેપારીઓ કહી રહ્યા છે ત્યારે સમગ્ર શહેરમાં નુકસાનીનો આંકડો ઘણો મોટો હોવાનું માનવામાં આવે છે.

બીજી બાજુ બુધવારથી પાણી ઓસરતા નેતાઓ અને અધિકારીઓ સર્વે કરવા તેમ જ લોકોને રાશન વેગેરેની કિટ આપવા નીકળ્યા હતા, પરંતુ લોકોએ તેમનો ઉધડો લીધો હોવાના અહેવાલો પણ આવી રહ્યા છે. શહેરના પર્વત પાટીયા વિસ્તારમાં ગુરુવારે પણ સ્થિતિ સામાન્ય થઈ ન હતી ત્યારે અહીં ટ્રેક્ટર લઈને આવેલા કોર્પોરેટર અને અધિકારીઓએ લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. લોકોએ તેમને ટ્રેક્ટરમા બેસીને નહીં પૂરના પાણીમાં ચાલીને નિરિક્ષણ કરો, ૪૦ વર્ષથી આ સ્થિતિ છે વગેરે જેવા સવાલો કર્યા હતા. ■

# એઆઈ ટેસ્ટ ટ્રેક સાથેની અમદાવાદની નવી સુભાષ બ્રિજ આરટીઓ ઓફિસનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સુભાષ બ્રિજ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ (આરટીઓ)ની નવી ઓફિસનું નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદના સુભાષ બ્રિજ ખાતે નર્મિાણ પામેલી આ આધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક, સંપૂર્ણ એર-કન્ડિશન્ડ બિલ્ડિંગ, ડિજિટલ સેવા વ્યવસ્થા અને દિવ્યાંગોને અનુકૂળ સુવિધાઓ સાથે નવી આરટીઓ કચેરી અરજદારોનો સમય બચાવશે અને સેવાઓને વધુ પારદર્શક બનાવશે. વાહનના નોન-ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્સપોર્ટ સંબંધિત કામો, નવા વાહનની નોંધણી, પરમિટ, ફિટનેસ, બ્લેકલિસ્ટ, લાયસન્સ, ડી.એલ.,ચલણ શાખા, આર.એમ.એ., મનપા ટેક્સ તથા કેશ શાખા સહિતની વિવિધ સેવાઓ માટે અલગ-અલગ ટેબલો દ્વારા નાગરિકોને સરળ, ઝડપી અને સુવ્યવસ્થિત સેવાઓ મળી રહે તેવી સુંદર વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. જેનાથી વિવિધ સેવાઓ એક જ સ્થળે વધુ સરળ, ઝડપી અને પારદર્શક રીતે ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને ટેકનોલોજી આધારિત, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. નવી આરટીઓ કચેરીમાં ડ્રાઇવિંગ લાયસન્સ સહિતની વિવિધ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે. ■

# સિયા કેસની અસર ગુજરાતમાં ગમતાં પાત્રનાં બૅકગ્રાઉન્ડ ચેક માટે જાસૂસોને ત્યાં પરિવારો ઊમટી પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રના પૂણેના ખૂબ જ શ્રીમંત પરિવારની દીકરી સિયા ગોયલે કથિત પ્રેમીની મદદથી મોટા બિલ્ડર ગ્રુપના ૨૨ વર્ષીય મંગેતર કેતન અગ્રવાલને પહાડ પરથી ધક્કો મારી મોતને ઘાટ ઉતાર્યાની ભયાનક ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે. આ કેસમાં તપાસ ચાલી રહી છે, પરંતુ આની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે અને પરિવારો જાસૂસોને ત્યાં લાઈનો લગાવી રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ખાનગી જાસૂસો કે સામા પરિવારની માહિતી મેળવી આપતા લોકો પાસેથી અગાઉ પરિવારો છોકરા કે છોકરીના પરિવાર, ભણતર કે નોકરી-ધંધાની માહિતી મેળવતા હતા અને ખાસ કરીને યુવાન કોઈ ગુનાખોરીમાં ન સંડોવાયો હોય કે ડ્રગ્સ કે દારૂના નશામાં ન રહેતો હોય તેટલું જાણવાની કોશિશ કરતા હતા. જોકે સિયાના કેસ બાદ હવે પરિવારો સામા પક્ષના છોકરા કે છોકરીનાં છેલ્લા છ મહિનાના સંબંધો, સોશિયલ સર્કલ, જે તે વ્યક્તિ સાથે સંબંધો ચાલુ છે કે પૂરા થઈ ગયા, અગાઉ કોઈ સાથે સંબંધો હતા અને સોશિયલ મીડિયા એક્ટિવિટીઝ વિશે માહિતી માગતા થઈ ગયા છે. માત્ર શ્રીમંત ઘરોના નહીં, પરંતુ મધ્યમ વર્ગીય પરિવારો પણ ખાનગી જાસૂસોની મદદ લઈ રહ્યા છે. આ સાથે લોકો હવે ઑનલાઈન કરતા ઓફલાઈન રીતે પાત્રો શોધવાનું વધારે પસંદ કરતા હોવાનું પણ મેરેજબ્યુરો ચલાવતા લોકો જણાવી રહ્યા છે.

જોકે સિયાનાં કેસમાં બન્ને પાત્રો અને પરિવારો એકબીજાને ઓળખતા જ હતા, છતાં આટલી હૃદયદ્રાવક ઘટના બની છે, પરંતુ મા-બાપ પોતાના સંતાનો માટે કોઈ જોખમ લેવા માગતા નથી. ■

# વરસાદનો વિરામ, રાજ્યમાં સિઝનનો સરેરાશ ૨૪ ટકા વરસાદ, ઘણાં જિલ્લા કોરાધાક

અમદાવાદઃ એક અઠવાડિયાથી સતત પડી રહેલા વરસાદે બુધવારથી વિરામ લીધો હતો. ગુરુવારે સવારે છ વાગ્યાથી ૨૪ કલાકમાં રાજ્યમાં ૬૦ જેટલા તાલુકામાં માત્ર છાંટણા થયા છે. ગુરુવારે સવારથી લગભગ આકાશ ચોખ્ખુ છેઅને એકાદ બે તાલુકામાં અડધો ઇંચ જેટલો વરસાદ નોંધાયાના અહેવાલો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આવનારા અઠવાડિયામાં અમુક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ ઝાંપટાની આગાહી કરવામાં આવી છે. અગિયાર જુલાઈ બાદ રાજ્યમાં વાતાવરણ સૂકું રહેશે, તેમ હવામાન વિભાગની યાદીમાં જણાવાયું હતું. ગુજરાતમાં પહેલા રાઉન્ડમાં સિઝનનો ૨૪.૬૩ ટકા જેટલો વરસાદ વરસ્યો છે, જે જરૂરિયાત કરતા ઘણો ઓછો છે. જ્યારે બીજી બાજુ એવા ઘણા જિલ્લા છે જ્યાં ખૂબ જ ઓછો વરસાદ વરસ્યો છે, જેમાં અમદાવાદ અને વડોદરાનો પણ સમાવેશ થાય છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક ટકા પણ વરસાદ નથી પડ્યો. આ જિલ્લામાં સિઝનનો માત્ર ૦.૯૨ ટકા વરસાદ પડ્યો છે. કચ્છમાં ૧.૯૨ ટકા, બનાસકાંઠામાં ૭.૭૫ ટકા, જામનગરમાં ૯ ટકા, મોરબીમાં ૯.૫૭ ટકા વરસાદ વરસ્યો છે.

અન્ય જિલ્લાઓની વાત કરીએ તો ડાંગમાં ૩૭.૩૩ ટકા, નવસારીમાં ૪૨.૭૩ ટકા, વલસાડમાં ૩૨.૫૧ ટકા, સુરતમાં ૪૩.૯૭ ટકા, જૂનાગઢમાં ૪૩.૦૪ ટકા, તાપીમાં ૨૯.૩૫ ટકા, ગીર સોમનાથમાં ૩૯.૮૪ ટકા, અમરેલીમાં ૪૩.૭૬, પંચમહાલમાં ૨૮.૮૯ ટકા, ભાવનગરમાં ૩૩.૨૨ ટકા, ભરૂચમાં ૨૫.૮૪ ટકા, નર્મદામાં ૧૭.૩૬ ટકા, મહીસાગરમાં ૨૫.૧૮ ટકા, બોટાદમાં ૨૩.૬૫ ટકા, વડોદરામાં ૧૭.૭૨ ટકા, અરવલ્લીમાં ૧૫.૯૩ ટકા, મહેસાણામાં ૧૮.૯૨ ટકા, રાજકોટમાં ૧૮.૬૯ ટકા, છોટાઉદેપુરમાં ૧૨.૫૨ ટકા, ખેડામાં ૧૫.૫૯ ટકા, ગાંધીનગરમાં ૧૫.૬૯ ટકા, સુરેન્દ્રનગરમાં ૧૯.૯૨ ટકા, અમદાવાદમાં ૧૭.૧૫ ટકા, પાટણમાં ૧૭.૩૨ ટકા, સાબરકાંઠામાં ૧૧.૯૩ ટકા, પોરબંદરમાં ૧૧.૫૬ ટકા, દાહોદમાં ૧૩.૪૪ ટકા, આણંદમાં ૧૦.૭૪ ટકા, જામનગરમાં ૯ ટકા, વાવ-થરાદમાં ૧૧.૬૮ ટકા, મોરબીમાં ૯.૫૭ ટકા, બનાસકાંઠામાં ૭.૭૫ ટકા, કચ્છમાં ૧.૯૨ ટકા અને દેવભૂમિ દ્વારકામાં ૦.૯૨ ટકા વરસાદ વરસ્યો છે. જો ૨૫ ટકા વરસાદને સારો વરસાદ માનીએ તો રાજ્યના અડધો અડધ જિલ્લામાં હજુ વરસાદની જરૂર છે. ■

# સુરતના ‘ચુડેલ’ ગામનું નામ બદલીને ‘ચંદનપુર’ કરાયું, ગામજનોમાં ખુશીનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુરત જિલ્લાના માંડવી નજીક આવેલું ‘ચૂડેલ ગામ’ હવે ’ચંદનપુરા’ તરીકે ઓળખાશે. આ મુદ્દે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. આ નિર્ણય ભારત સરકારના ગૃહ મંત્રાલયની મંજૂરી બાદ લેવામાં આવ્યો હતો. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સત્તાવાર સૂચના મુજબ, સરકારી દસ્તાવેજોમાં જરૂરી ફેરફારો કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

આ ફેરફાર સાથે, હવે ગામના તમામ અધિકૃત રેકોર્ડ અને વ્યવહારમાં ‘‘ચંદનપુર’’ નામનો જ ઉપયોગ થશે. આ સાથે ૧૨૦૦ લોકોની વસ્તી ધરાવતા આ ગામને હવે એક નવી અને સન્માનજનક ઓળખ મળી છે. ગામનું નામ બદલાવની જાહેરાત થતા જ ગ્રામજનોમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે. વર્ષોથી ‘‘ચુડેલ’’ તરીકે ઓળખાતા ગામને હવે ‘‘ચંદનપુર’’ નામ મળતા સ્થાનિકો ગૌરવ અને ભાવનાત્મક પ્રસન્નતા અનુભવી રહ્યા છે. અગાઉ આ ગામનું નામ સાંભળીને જ લોકો ફફડી ઉઠતા હતા અને ગામમાં લગ્ન માટે છોકરી આપતાં પણ લોકો ડરતા હતા. ■

# કેમિકલ કલરની ભેળસેળવાળો ₹ ૧૯.૬ લાખનો વરિયાળીનો ૨૬ ટન જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મુખવાસ તરીકે ખાવામાં આવતી



વરિયાળી શરીરને ઠંડક આપે છે અને સ્વાસ્થ્ય માટે પણ ગુણકારી માનવામાં આવે છે, પરંતુ રાજ્યમાં ભેળસેળયુક્ત વરિયાળીનો જથ્થો પકડાયો છે જે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં છે. રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વધુ વિગતો આપતા આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્કોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલનું ગોડાઉન અને મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરવામાં આવતી હતી. આ સિવાય, આ બંને આસામીઓ પાસે ખાણી-પીણીની વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી એવું ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું. ■

# વિદ્યાસહાયક ભરતી પૂર્ણ કરવા ટાટના ઉમેદવારોના ગાંધીનગરમાં ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સરકારી શાળાઓમાં શિક્ષક બનવાનું સપનું સેવતા અને ટાટના (શિક્ષક અભિરૂચિ કસોટી) પાસ કરી ચૂકેલા સેંકડો ઉમેદવારોએ ફરી એકવાર આંદોલનનું હથિયાર ઉગામ્યું છે.

લાંબા સમયથી અટકેલી વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયાને વહેલી તકે પૂર્ણ કરવાની માંગ સાથે રાજ્યભરમાંથી આવેલા ઉમેદવારોએ પાટનગર ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે ટાટના ઉમેદવારો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ઉમેદવારોની માંગ છેકે પરીક્ષા પાસ કર્યાને મહિનાઓ વીતી ગયા હોવા છતાં સરકાર દ્વારા નિમણૂકની દિશામાં કોઈ નક્કર પગલાં લેવામાં આવી રહ્યા નથી. ■

# ખેડાના આખડોલ ગામે ગાડી અને મકાનમાંથી ૬૭૨ બિયર ટીન જપ્ત, બે આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ખેડાના આખડોલ ગામના મિત્રાલ રોડ પાસેથી એલસીબીની ટીમે બિયરની બોટલો સહિત ૨ લાખ કરતા વધારેનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જોકે બે આરોપી ફરાર થઈ ગયા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. મળતી વિગતો અનુસાર ખેડા-નડિયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ(એસલીબી)ની ટીમને બાતમી મળી હતી કે સફેર કલરની નમકીનથી ભરેલી ગાડીમાં બિયરનો જથ્થો આવી રહ્યો છે. બાતમી પર એક્શન લેતા એલસીબીની ટીમે ટ્રેપ ગોઠવી હતી અને ખોડિયાર માતાના મંદિરની બાજુમાંથી ગાડીને ઝડપી પાડી હતી. પોલીસ ત્યા પહોંચી ત્યારે કારના દરવાજા લોક્ડ હતા પરંતુ પાછળનો દરવાજો ખોલીને જોતા અંદરથી નમકીનના પેકેટ મળી આવ્યા હતા. આ નમકીનના પેકેટોની નીચે સંતાડીને રાખેલા ૨૫ બોક્સ મળી આવ્યા હતા, જેમાંથી જાણીતી બ્રાન્ડની બિયરના લગભગ ૬૦૦ જેટલા ટીન મળી આવ્યા હતા. આ માલ અહીંના રણછોડ ફળિયામાં મોકલાનો હતો તેવી માહિત મળતા પોલીસે અહીંના ઘરની પણ તપાસ કરી હતી. તપાસ કરતા સમયે એક મકાનમાંથી અન્ય ૭૨ જેટલા બિયરના ટીન મળી આવ્યા હતા. ■